Monday 13, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણના સાંસદે ચંડોરના એસટીપી અંગે ગંભીર આક્ષેપો કર્યા : વાપી મનપાના કમિશ્નરે સ્થિતિ સાફ કરી



ઉમેશ પટેલ
સાંસદ દમણ-દીવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, દમણ, તા. ૧૨ :** દમણ અને દીવના સાંસદ ઉમેશ પટેલે રવિવારે નમધા-ચંડોર ડમ્પિંગ સાઈટનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. તેમના જણાવ્યા મુજબ નિરીક્ષણ સમયે સ્થળની ખૂબ જ જર્જરિત સ્થિતિ બહાર આવી હતી. જેના કારણે પ્રદૂષિત કચરો વરસાદી પાણી સાથે સીધો દમણગંગા નદીમાં વહેતો જણાતા એ પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે ગંભીર ખતરો ઉભો કરી હોવાના આક્ષેપ તેમણે કર્યા હતાં.

જો કે વાપી મનપાના કમિશ્નર વાપીના ચંડોર સ્થિત વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટમાં કચરાના નિકાલ અને મશીનરી બંધ હોવાના મુદ્દે દમણના સાંસદ દ્વારા કરેલા આક્ષેપ અંગે વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરીએ સ્પષ્ટતા કરી છે.

મનપાના જણાવ્યા મુજબ, હાલ ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને કારણે વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટમાં આવતો ભીનો કચરો કન્વેયર બેલ્ટ પર ચોંટી જતો હોવાથી ૧૨ જુલાઈના રોજ કન્વેયર બેલ્ટની સફાઈ અને જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન મશીનરી થોડા સમય માટે બંધ રાખવામાં આવી હતી. જોકે, ૧૨ જુલાઈની બપોર બાદ મશીનરી ફરીથી કાર્યરત કરવામાં આવી હોવાનું મનપાએ જણાવ્યું છે.

મહાનગરપાલિકાએ વધુમાં જણાવ્યું કે હાલમાં પ્લાન્ટ ખાતે એકત્રિત થયેલા કચરાનું આગામી ૧૫ દિવસમાં, વરસાદની તીવ્રતા ઘટતા તબક્કાવાર વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, ભારે વરસાદને કારણે એક દિવસ અગાઉ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટની હદમાં આવેલી એક ખાનગી જમીન માલિકની એક દિવાલ તૂટી પડી હતી. તેની મરામત અને પુનઃનિર્માણની કામગીરી પણ આગામી દિવસોમાં પૂર્ણ કરવામાં આવશે તેમ મનપાએ જણાવ્યું છે. સાથે વાપી કમ્પોઝ પ્લાનનો કોઈપણ જાતનો કચરો દમણગંગા નદીમાં નાંખવામાં આવતો નથી.

ઉલ્લેખનીય છે કે દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે આજે નામધા-ચંડોર પ્લાન્ટની મુલાકાત દરમિયાન અનેક ક્ષતિઓ નજરે પડી હોવાના આક્ષેપ સાથે પર્યાવરણ પ્રદુષણના નિયત ધોરણોના અમલ સાથે દમણગંગા નદીમાં પ્લાન્ટમાંથી લીકેજ અને પ્રદુષિત કચરાને વહેતો તાત્કાલીક



એન. એફ. ચૌધરી
વાપી મનપા કમિશ્નર

અટકાવી સંબંધિત અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લેવાની માંગણી કરી હતી.

---

સાવચેતીના અભાવે ડિમોલિશન કામગીરી સામે સવાલ

## વાપી શાકમાર્કેટમાં પોપડો પડયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી શહેરના વ્યસ્ત શાક માર્કેટ વિસ્તારમાં જર્જરીત મકાનનો પોપડો અચાનક નીચે પડતાં વેપારીઓ અને ગ્રાહકોમાં દોડધામ મચી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ઘટનાએ બજારમાં ભયનો માહોલ સર્જ્યો હતો. જાણવા મળ્યા મુજબ વાપી મહાનગરપાલિકાએ મકાનને જર્જરીત જાહેર કરી માલિકને નોટિસ આપી હતી. ત્યારબાદ માલિક દ્વારા ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી છે, પરંતુ સ્થળ પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા, બેરિકેડિંગ કે રાહદારીઓ માટે સલામત માર્ગની વ્યવસ્થા કરવામાં આવી ન હોવાનું વેપારીઓએ જણાવ્યું




હતું. વેપારીઓએ મનપા તંત્રને તાત્કાલિક હસ્તક્ષેપ કરી સુરક્ષાના તમામ નિયમોનું પાલન કરાવી કામગીરી કરાવવાની માંગ કરી છે. વ્યસ્ત બજાર વિસ્તારમાં બેદરકારીથી કરવામાં આવતી ડિમોલિશન કામગીરીને કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે.

---

શ્રી ક્રિષ્ના ફાઉન્ડેશનની ટીમ દ્વારા દિલધડક રેસ્કયુ

## દાંતીના તોફાની દરિયામાં ફસાયેલી ગૌમાતાનો ઉગારો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ તાલુકાના દરિયાકાંઠાના દાંતી ગામના તોફાની અને ગાંડાતૂર બનેલા દરિયામાં ફસાયેલી એક ગૌમાતાને સ્થાનિક જીવદયા સંસ્થા શ્રી ક્રિષ્ના ફાઉન્ડેશનની ટીમ દ્વારા ભારે જહેમત બાદ હેમખેમ બચાવી લેવામાં આવી છે. વલસાડના દાંતી ગામના દરિયામાં અચાનક કરંટ વધવાને કારણે અને ઊંચા મોજા ઉછળવાના લીધે એક ગૌમાતા દરિયાના ઉથલપાથલ થતાં પાણીની વચ્ચે ફસાઈ ગઈ હતી. દરિયાનું વહેણ તેજ હોવાથી ગૌમાતા કિનારે આવવા માટે લાચાર બની હતી અને ડૂબી જવાનો મોટો ખતરો તોળાઈ રહ્યો હતો. સ્થાનિક લોકોએ આ અંગે તુરંત જ જીવદયાના કાર્યો કરતી સંસ્થા શ્રી ક્રિષ્ના ફાઉન્ડેશનને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા સમજીને શ્રી ક્રિષ્ના ફાઉન્ડેશનની ટીમ તાત્કાલિક તમામ જરૂરી સાધનો સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી. દરિયાના પાણીનો પ્રવાહ તેજ હતો અને તોફાની મોજા સતત રેસ્ક્યુ ટીમ માટે પડકાર ઉભો કરી રહ્યા હતાં. જીવના જોખમે ટીમના સભ્યોએ દરિયાના પાણીમાં ઉતરીને ગૌમાતા સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. કલાકોની ભારે જહેમત, સુઝબુઝ અને સ્થાનિક લોકોના સહકારથી ગૌમાતાને દોરડા વડે સુરક્ષિત રીતે બાંધીને તોફાની મોજાંઓ વચ્ચેથી બહાર કાઢવામાં આવી હતી. ગૌમાતા કિનારે આવતા જ સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. સમયસર મળેલા રેસ્ક્યુને કારણે ગૌમાતાનો જીવ બચી ગયો છે. શ્રી ક્રિષ્ના ફાઉન્ડેશનની ટીમની આ બહાદુરી અને જીવદયાના કાર્યને વલસાડ પંથક સહિત સોશિયલ મીડિયા પર લોકો બિરદાવી રહ્યા છે.

---

## વલસાડ જિલ્લામાં રથયાત્રા પૂર્વે મેગા કોમ્બિંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** આગામી દિવસોમાં આવી રહેલા રથયાત્રાના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા તેમજ અસામાજિક તત્વો પર અંકુશ લાવવાના હેતુથી સમગ્ર જિલ્લામાં એક દિવસીય ડે તથા નાઈટ મેગા કોમ્બિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી તેમજ સુરત વિભાગના રેન્જ આઈજી પ્રેમવીર સિંહની સૂચના અને વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૧/૦૭/૨૦૨૬ના રોજ આ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૭૭૩ પોલીસ અધિકારીઓ અને જવાનો મેદાનમાં ઓચિંતા ઓપરેશનને સફળ બનાવવા માટે વલસાડ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સહિત મોટો પોલીસ કાફલો રસ્તા પર ઉતારવામાં આવ્યો હતો. જેમાં મદદનીશ પોલીસ અધીક્ષક - ૦૧, નાયબ પોલીસ અધીક્ષક - ૦૨, પીઆઈ ૧૮, પીએસઆઈ ૧૯, પોલીસ કર્મચારીઓ ૨૬૧, હોમગાર્ડ / જીઆરડી સભ્યો ૪૭૨ કુલ ફોર્સ ૭૭૩ પોલીસ અધિકારીઓ અને જવાનોકોમ્બિંગ દરમિયાન વાહન ચકિંગ, હોટલ/ધાબા/ગેસ્ટ હાઉસ/ધર્મશાળા, ભાડુઆત/ફાર્મ હાઉસ, નાસતા/ફરતા આરોપીઓ, જામીન ઉપર છુટેલ આરોપી, પેરોલ ફર્લો પર છુટેલ આરોપી, શંકાસ્પદ સ્થળો, રેલ્વે સ્ટેશન/બસ સ્ટેશન, એ.ટી.એમ. શકમંદ ઈસમ સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

---



## વરસાદે વિરામ લેતાં તિથલના દરિયા કિનારે સહેલાણીઓ ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૨ :** વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અનરાધાર વરસાદે આખરે વિરામ લીધો છે. સતત પાંચ દિવસ સુધી પડેલા ભારે વરસાદના કારણે સમગ્ર જિલ્લાનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. શહેરના મુખ્ય માર્ગો સહિત કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓને મોટા પાયે નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. જોકે, છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાએ વિરામ લેતાં અને આકાશ ખુલ્લું થતાં લોકોએ ભારે રાહત અનુભવી છે. લાંબા સમય બાદ સૂર્યનારાયણના દર્શન થતાં જ વલસાડવાસીઓના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. પૂરના પાણી ઓસરવા લાગતાં તંત્ર અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે અને રોજીંદી પ્રવૃત્તિઓ ફરી વેગવંતી બની છે. સતત વરસાદના બફારા અને ઘરમાં કેદ રહ્યા બાદ, રવિવારની રજાના દિવસે લોકો મન મૂકીને બહાર નીકળ્યા હતાં. લાંબા વિરામ બાદ ખુલેલા હવામાનનો આનંદ માણવા માટે આજે રવિવારની રજાના દિવસે વલસાડનો પ્રખ્યાત તિથલ દરિયા કિનારો સહેલાણીઓથી ઊભરાઈ ગયો હતો. મોટી સંખ્યામાં સ્થાનિકો તેમજ આસપાસના વિસ્તારમાંથી પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. લોકોએ પરિવાર અને મિત્રો સાથે દરિયાના મોજાંની મજા માણી હતી. ખાણી-પીણીની લારીઓ અને સ્થાનિક વેપારીઓમાં પણ ભારે ઘરાકી જોવા મળતાં તેમના ચહેરા પર રોનક પાછી ફરી હતી.આમ, પાંચ દિવસની કુદરતી આફત બાદ વલસાડ ફરી એકવાર ધબકતું થયું છે અને રવિવારની રજાએ લોકોના તણાવને હળવો કરવાનું કામ કર્યું છે.

---

## ભાજપ પ્રદેશ મહિલા મોરચામાં વાપીની બે મહિલા અગ્રણીઓનો સમાવેશ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે વાપીના ગીતાબેન પટેલ અને પ્રદેશ કારોબારી સભ્ય તરીકે કાશ્મીરાબેન શાહને નિમણૂંક કરાય છે.

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના મોવડી મંડળ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ અંજુબેન વેકરીયા દ્વારા પ્રદેશના હોદ્દેદારોને નિમણૂંક કરવામાં આવી છે. જેમાં પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે વાપીના મહિલા અગ્રણી અને વલસાડ જિલ્લા મહિલા ભાજપ સંગઠનના મહામંત્રી ગીતાબેન પટેલની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે પ્રદેશ ભાજપની કારોબારી સભ્ય તરીકે વાપી નગરપાલિકાના માજી પ્રમુખ કાશ્મીરાબેન શાહની નિમણૂંક કરાય છે. તેઓની નિમણૂંકને લઈ વાપી, વલસાડ તેમજ મહિલા સંગઠનોમાં ભારે ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું છે.

---

## બલીઠા સબવે એપ્રોચ રોડ પર માત્ર વેઠ ઉતારાઈ?

**ગત સપ્તાહે ભારે વરસાદમાં રોડ બેસી ગયા બાદ રસ્તો માત્ર સમતળ કરાયાનો કચવાટ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી નજીક બલીઠા સબવેના એપ્રોચ રોડ પર ભારે વરસાદ બાદ રોડ બેસી જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગત સપ્તાહે થયેલા વરસાદના કારણે રોડનો ભાગ ધસી ગયો હતો. ત્યારબાદ જીયુડીસી દ્વારા માત્ર વેઠ ઉતારીને રોડ સમતળ કરવાની કામગીરી કરવામાં આવી હોવાનું સ્થાનિકોનું કહેવું છે. જોકે, રોડનું કાયમી સમારકામ કરવામાં આવ્યું ન હોવાથી ફરી વરસાદ પડતાં રોડની હાલત વધુ ખરાબ થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

રોજબરોજ હજારો વાહનો આ માર્ગ પરથી પસાર થતાં હોવાથી અકસ્માતનો ભય પણ ઊભો થયો છે. વાહન ચાલકોએ તંત્ર સામે બેદરકારીનો આક્ષેપ કરી તાત્કાલિક ગુણવત્તાયુક્ત અને કાયમી સમારકામ કરવાની માંગ કરી છે, જેથી ચોમાસા દરમિયાન વાહનચાલકોને મુશ્કેલી ન પડે.

---

## ચોમાસામાં ધરમપુર તાલુકામાં તળેલા પાતરાનો ક્રેઝ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર તાલુકાના ફૂલવાડી વિસ્તારમાં ખાણીપીણીના શોખીનો માટે હાલ ચોમાસામાં તળેલા પાતરાની વાનગી નવા સ્વાદનું કેન્દ્ર બની છે.

ચોમાસાની ઋતુમાં ધરમપુર તાલુકાના રમણીય ધોધ પ્રકૃતિપ્રેમીઓ અને સહેલાણીઓને મોટી સંખ્યામાં ખેંચી લાવે છે.



આવા સહેલાણીઓ ધોધની મુલાકાત બાદ ફૂલવાડી વિસ્તારમાં હાલ નવા સ્વાદનું કેન્દ્ર બનેલા ગરમાગરમ તળેલા પાતરાનો સ્વાદ માણતા ખાસ નજરે પડે છે.

સ્થાનિક વિક્રેતાઓના મતે, પાતરાની આ નવી પદ્ધતિ - જેમાં પરંપરાગત બાફેલા પાતરાને તળીને વધુ સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. ગ્રાહકોમાં ઝડપથી લોકપ્રિય બની રહી છે. ધરમપુર તાલુકામાં પ્રવાસન અને સ્થાનિક ખાણીપીણી વ્યવસાય સાથે જોડાયેલા વેપારીઓ આ નવા ટ્રેન્ડ થકી ઉભરેલી ઘરાકીથી ખુબ ખુશ દેખાઈ રહ્યા છે.

---

## વાપીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**રથયાત્રા સમયસર, નિયત રૂટ પર પૂર્ણ કરવા અને ટ્રાફિકને અડચણ ન થાય તે માટે ડીવાયએસપી દેવે એ માર્ગદર્શન આપ્યું**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીમાં આગામી રથયાત્રાને અનુલક્ષીને ડીવાયએસપીની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન વિવિધ રથયાત્રા આયોજકોને યાત્રા દરમિયાન જરૂરી તકેદારી રાખવા, નિયત સમય મુજબ નિર્ધારિત રૂટ પર જ યાત્રા શરૂ કરી સમયસર પૂર્ણ કરવા તેમજ ટ્રાફિક વ્યવસ્થાને કોઈ અડચણ ન થાય તે રીતે આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી. આયોજકો પાસેથી પણ જરૂરી સૂચનો અને રજૂઆતો લેવામાં આવી હતી. ઉપરાંત, રથયાત્રાના રૂટ પર આવેલા રસ્તાઓની મરામત તેમજ નીચા વીજ વાયરો સહિતની જરૂરી સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થાય તે માટે સંબંધિત વિભાગોને પોલીસ દ્વારા જાણ કરવામાં આવી હોવાનું જણાવાયું. બેઠકમાં વાપી ઈસ્કોન સંસ્થા ઉપરાંત ડુંગરા, છીરી સહિત વિવિધ વિસ્તારોમાંથી રથયાત્રાનું આયોજન કરતા સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સૌના સહકારથી શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે રથયાત્રા યોજવા પર ભાર મૂકાયો.

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
**www.damangatimes.com**







## ચીખલીમાં પ્રથમ ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૨ :** ચીખલી સ્થિત વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટના કેમ્પસમાં સ્વ. મોહનલાલ મણિભાઈ દેસાઈ તથા સ્વ. શાર્દાબેન મોહનલાલ દેસાઈની પવિત્ર સ્મૃતિમાં નિર્મિત 'પ્રથમ ગર્લ્સ હોસ્ટેલ'નું લોકાર્પણ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના વરદહસ્તે સંપન્ન થયું.

આ હોસ્ટેલના નિર્માણમાં Jewelex India તથા Sparsh NGO, Mumbaiનો અમૂલ્ય સહયોગ રહ્યો છે, જેના પરિણામે આ મહત્ત્વાકાંક્ષી સ્વપ્ન આજે સાકાર બન્યું છે. પ્રથમ ગર્લ્સ હોસ્ટેલમાં ૨૦૦ વિદ્યાર્થિનીઓને સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેવા અને જમવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી આર્થિક રીતે નબળી અને ગ્રામ્ય-આદિવાસી વિસ્તારની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવાની વધુ સારી તક પ્રાપ્ત થશે.

આ હોસ્ટેલ માત્ર એક ઈમારત નથી, પરંતુ શિક્ષણ, સેવા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું જીવંત પ્રતીક છે. સ્વ. મોહનલાલ મણિભાઈ દેસાઈ અને સ્વ. શાર્દાબેન મોહનલાલ દેસાઈને સાચી શ્રદ્ધાંજલિ તેમના આદર્શોને આગળ વધારી સમાજની દીકરીઓના જીવનમાં શિક્ષણ દ્વારા પરિવર્તન લાવવું છે.

આ પ્રસંગે વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી દર્શન દેસાઈએ જણાવ્યું હતું કે, Jewelex India અને Sparsh NGO, Mumbaiના ઉદાર સહયોગ વિના આ સ્વપ્ન સાકાર થઈ શક્યું ન હોત. તેમણે બંને સંસ્થાઓ તથા તમામ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ હોસ્ટેલ અનેક દીકરીઓ માટે ઉચ્ચ શિક્ષણ, આત્મનિર્ભરતા અને ઉજ્જવળ ભવિષ્ય તરફનું પ્રેરણાદાયી કેન્દ્ર બનશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અહીંથી શિક્ષણ પ્રાપ્ત કરનાર દીકરીઓ સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

અંતમાં વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, દાતાઓ, શુભેચ્છકો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## નવસારીમાં ૧૮૬ પોલીસ અધિકારીઓની બદલી

(દમણગંગા ટાઈમ્સ પ્રીતનિધિ)

**નવસારી, તા. ૧૨ :** નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલે ૧૮૬ પોલીસ કર્મચારી, ૨૨ વાહન ચાલકોની સામૂહિક બદલી ૧૧ જુલાઈ એ કરી છે જેમાં આઠ જણા પદર ખર્ચે જ્યારે ૧૭૮ જણાની જાહેર હિતમાં વહીવટી સરળતા ખાતર બદલી કરવામાં આવી છે.

ખેરગામ પોલીસ સ્ટેશનમાંથી સાત જણા ને અન્ય પો.સ્ટે.મા અને નવ કર્મીની અન્ય પો. સ્ટેશનમાંથી ખેરગામ ખાતે નિમણૂંક આપવામાં આવી છે. ખેરગામમાંથી સારી ફરજ બજાવનારા ગુણવંત વાનખેડેને - ચીખલી, હિતેશ પટેલને બીલીમોરા, બ્રિજેશ પટેલ-વિજય પટેલને વાંસદા, હેતલ આહીર-ચીખલી, કાજલ ગામિત - જીગીશા ગાંવિતની વાંસદા બદલી કરવામા આવી છે. જયશ્રી ગાવીત, પ્રકૃતિ પટેલ, કાજલ ભગરિયા, મનોજ પટેલ, પ્રિતેશ પટેલ, ભારતી આહીર દિલીપ પટેલ, અજય પટેલની ખેરગામ પોલીસ સ્ટેશનમાં નિમણૂક થઈ છે.

નવસારી જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં રાહુલજીના બદલીસપાટા એ હલચલ મચાવી દીધી છે. બદલી થયેલ દરેકે તાત્કાલિક છૂટા થઈ નવી ફરજ ની જગ્યાએ હાજર થવાનું છે.

## બીલીમોરામાં અષાઢી બીજની રથયાત્રા સંદર્ભે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૦ :** બીલીમોરાના રાજમાર્ગો પર આગામી અષાઢી બીજના પવિત્ર દિવસે વર્ષોની પરંપરા મુજબ દ્વારકાધીશ મંદિરેથી બપોરે ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રા નીકળનાર છે. અનોખી કોમી એકતા અને સામાજિક સમરસતાનો સંદેશ આપતી રથયાત્રામાં ભગવાનના ઘરઆંગણે ભક્તો શાંતિપૂર્ણ માહોલમાં દર્શન કરી શકે અને સુરક્ષામાં કોઈ ચૂક ન રહી જાય તેવા શુભ આશય સાથે શુક્રવારે સાંજે બીલીમોરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.બેઠકમાં રથયાત્રાના રૂટ,રાજમાર્ગો ઉપર ટ્રાફિક નિયમન, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સહિતના વિવિધ મહત્વના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા હાથ ધરવામાં આવી હતી.




રથયાત્રા શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર અને નગરજનો વચ્ચે સુમેળ સાધવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી અંતર્ગત નગરજનોના સલાહ સૂચનો લઈ જરૂરી કાર્યવાહી કરવાની બાહેંધરી અપાઈ હતી.

આ પ્રસંગે બીલીમોરા ડીવાયએસપી એન. પી. ગોહિલ, પોલીસ ઈન્સ્પેક્ટર અશ્વિન સરવૈયા, પીઆઈ સોલંકી, પીએસઆઈ, કારેણા, બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, શહેર પ્રમુખ નીરવ ટેલર, દિલીપ પટેલ (બાપુજી પેટ્રોલિયમ) કનૈયાલાલ વર્મા, મગનભાઈ પટેલ, વિજય પટેલ, તેજલ જોષી, વિપુલા પટેલ, અરવિંદ પટેલ, હનીફ મેમણ,જાવેદ મેમણ, કાસમ રંગારી, આશુસિંગ લબાના, મલંગ કોલિયા, સલીમ ભાઈ,મહેન્દ્ર જોશી, મનીષ દેસાઈ, પ્રગ્નેશ પટેલ સહિત નગરના હિન્દુ અને મુસ્લિમ સમાજના અનેક પ્રતિષ્ઠિત અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં અને રથયાત્રાને સફળ બનાવવા પોતાના સૂચનો આપ્યા હતાં.

## વાંસદા કોલેજમાં 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૨ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, વાંસદા ખાતે તા.૧૧/૦૭/૨૦૨૬, શનિવારના રોજ કોલેજના આચાર્ય ડૉ. વાય.જે. મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ IQAC કમિટી, સપ્તધારા અંતર્ગત સમુદાય સેવાધારા, અર્થશાસ્ત્ર વિભાગ તથા કોમર્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વસ્તી વધારો આશીર્વાદ કે અભિશાપ? વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત એસવાય બીકોમની વિદ્યાર્થીનીઓ ગાયકવાડ પલ્લવી અને જાદવ ખુશીએ પ્રભુ પ્રાર્થના દ્વારા કરી હતી. પ્રાસંગિક ઉદ્દબોધન આપતાં IQAC કો-ઓર્ડિનેટર તથા આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યક્ષે જણાવ્યું હતું કે ભારત ઉત્સવપ્રિય દેશ છે અને સમગ્ર વિશ્વમાં ઈ.સ.૧૯૮૯થી વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ અને ૧૨ જેટલા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈતિહાસ વિભાગના અધ્યક્ષ તથા સપ્તધારા કો-ઓર્ડિનેટર પ્રા. ડૉ. નિમુબેન એસ.ચૌધરીએ કર્યું હતું. અંતે અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. સ્નેહલબેન કે. ગાંવિતે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ચીખલીમાં દબાણ હટાવવાનું સ્વૈચ્છિકરીતે શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૨ :** નવસારી જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ની બંને બાજુ ઉપર મિડલથી ૩૮ મીટરનું માર્જિન હોય આ હદમાં જમીન ધરાવતા જમીન માલિકોને તેમજ મકાન ધારકોને નવસારી જિલ્લા જમીન સંપાદન અધિકારી દ્વારા જે તે સમયે જમીન સંપાદન કર્યા બાદ વળતર ચૂકવી દેવામાં આવેલ હોય જો કે કેટલાક કિસ્સાઓમાં વળતર બાબતે વિવાદ સર્જાતા કેટલાક જમીન માલિકો વળતર મેળવવામાં અસમર્થ રહ્યા છે. જોકે વળતર મેળવ્યા બાદ પણ




કેટલાક જમીન માલિકો દ્વારા જમીન સરકારને સુપ્રત કરવામાં આવી ન હતી. પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓએ દબાણ દૂર કરવા બાબતે કડક વલણ અપનાવતા ચીખલી પંથકમાં સ્વેચ્છિક રીતે દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલુ કરી છે.

## ખેરગામમાં પ્રથમ વરસાદે જ રસ્તાઓ ધોવાયા




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા. ૧૨ :** ખેરગામ પંચાયત ઘરની ગલીમાં હાલમાં રૂા. ૫ લાખના ખર્ચે નવીનીકરણ થયેલું જેમાં ઝંડા ચોક પાસે ગરનાળુ છે. પણ તેમાંથી પાણી નિકાલ નહિ થતા ડામરનુ ધોવાણ થઈ અડધો કિલોમીટરનો રસ્તો ખલાસ થવા માંડ્યો છે. મંદિરના પ્રાંગણમાં જ ગટરની ગંદકી ફૂટી નીકળી છે. દુર્ગંધ પરેશાન કરે છે.

તે જ રીતે વર્ષો પછી સાથે જ નવીનીકરણ કરેલ સૈયદવાડી ગોટી ફ.નો ૭૦૦ મીટરનો માર્ગ રૂપિયા ૪૦ લાખના ખર્ચે ફરી કરેલ તેમાં પણ ફાટ પડી તૂટવા માંડ્યો છે. બે પાઈપ નાખીને બનાવેલ ગરનાળામાં પણ રક્ષક દીવાલ બનાવી નથી જ્યાં પણ ધોવાણ થવા માંડ્યું છે. ચોમાસા બાદ આ બંને રસ્તા ફરી બનાવવા પડશે તેવું વપરાશકારો કહે છે. મુખ્યમંત્રી આદિમજુથ સર્વાંગી ઉત્કર્ષ યોજના વર્ષ-૨૦૨૪-૨૫ અંતર્ગત આદિમજુથ લોટી ફળિયાને જોડતો આંતરીક રસ્તો, રૂ.૪૦ લાખના ખર્ચે જેમ તેમ બન્યો છે જેમાં સફાઈ કામ, જી.એસ.બી., ડબ્લ્યુએમએમ, ડામરકામ રોડ સેફટીરોડ ફર્નિચર, આસ્ફાલ્ટ પેઈન્ટીંગ, સાઈડ સોલ્ડર વગેરેના કામમાં વેઠ ઉતારેલી દેખાય છે જેથી પ્રારંભથી જ મજબૂત સાઈડ શોલ્ડર્સ વગર રસ્તો તૂટવા માંડ્યો છે, જે ચોમાસા દરમિયાન નામશેષ થઈ જશે ની શંકા વ્યક્ત થાય છે.

સૈયદવાડી રસ્તો ખેરગામ શામળા ફળિયામાં આવે છે છતાં ત્યાં લહેરકાનું પાટીયુ લગાવ્યું છે. અંદરથી બહાર નીકળતા બિનજરૂરી નામ લખેલ બોર્ડ પણ મુકાયું છે, ખરેખર માત્ર સૈયદ વાડી લોટી ફ. લખેલું પાટીયુ બહેજ જતા ડાબી બાજુ જમણું તીર દર્શક હોવું જોઈએ તેના બદલે બિનજરૂરી રોડ ફર્નિચરના ખર્ચા કરેલા છે.

## ગોયંદિ ભાઠલા હાઈ.માં જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગોયદી બિગરીનો ૧૪મો પદગ્રહણ સમારોહ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૧૨ :** જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગોયદી બિગરી વિભાગનો ૧૪મો પદગ્રહણ સમારોહ બી. કે. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, ગોયદી ભાઠલા ખાતે રવિવારે ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને જાયન્ટ્સ પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ આઈ.પી.પી. જા. પ્રશાંત પટેલે ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને મંત્રી બાબુભાઈ પટેલે ગ્રુપની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. વર્ષ ૨૦૨૬ ના નવનિયુક્ત પ્રમુખ વિનોદ પટેલને જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશનના ફેડરેશન 3Aના પ્રમુખ જા. યતીશભાઈ મોદીએ પદના શપથ લેવડાવ્યા હતાં. જ્યારે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને નવા સભ્યોને ડાયરેક્ટર યુનિટ-૧ ફિરોઝ વરિયાવા તેમજ યુનિટ ઓફિસર સુરેન્દ્ર મિસ્ત્રી અને દોલત પટેલે હોદ્દાના શપથ લેવડાવ્યા હતાં. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બિલ્ડર્સ પ્રમુખ બિપીનચંદ્ર પટેલ તેમજ સ્પેશિયલ કમિટી મેમ્બર જા. વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. મહાનુભાવોમાં અનિલભાઈ રાવલ અને સુમંતરાય પટેલે હાજર રહીને સભ્યોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગોયદી બિગરી વિભાગના નવા હોદ્દેદારોમાં પ્રથમ ઉપપ્રમુખ ડૉ. સનમ પટેલ, દ્વિતીય ઉપપ્રમુખ સ્નેહલ પટેલ, ડી.એ. બાબુભાઈ પટેલ, ખજાનચી મનહર ટંડેલ, સહ-મંત્રી મુકેશભાઈ પટેલ અને સહ-ખજાનચી હર્ષદ પટેલ ઉપરાંત કારોબારી સભ્યો, ભીખુભાઈ પટેલ, શાંતિલાલ પટેલ, બીલીમોરા ગ્રુપના પ્રમુખ અશોકભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય અને શિક્ષકગણે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉપસ્થિત શુભચિંતકો અને સભ્યોએ નવનિયુક્ત પ્રમુખ વિનોદ પટેલનું પુષ્પગુચ્છથી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર સમારોહનું સફળ સંચાલન બીલીમોરા ગ્રુપના સભ્યો ગીરીશભાઈ પટેલ અને ઉમેશ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઉનાઈ માતાજી મંદિરના ગરમ પાણીના કુંડમાં ફરી ઝરા જીવંત થતા ભક્તોમાં આનંદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વઘઈ, તા. ૧૨ :** દક્ષિણ ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ માતાજી મંદિર ખાતે આવેલા ઐતિહાસિક ગરમ પાણીના કુંડમાં છેલ્લા કેટલાક સમયથી સૂકાઈ ગયેલા ઝરા તાજેતરના સારા વરસાદ બાદ ફરી જીવંત થતાં ભક્તોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ઉપરવાસમાં થયેલા સારા વરસાદને કારણે અંબિકા નદીના જળસ્તરમાં વધારો થતાં ભૂગર્ભ જળસ્તર ઊંચું આવ્યું છે. તેના પરિણામે ગરમ પાણીના કુંડમાં ફરી પાણીનો પ્રવાહ શરૂ થયો છે. છેલ્લા થોડા વર્ષોથી ઝરા સૂકાઈ જતા ભક્તોમાં નિરાશા હતી, પરંતુ હવે ફરી ગરમ પાણીના કુંડમાં પાણી આવતા યાત્રાળુઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



ઉનાઈ માતાજી મંદિરના ઐતિહાસિક ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવા માટે ગુજરાત સહિત મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે. ખાસ કરીને શનિ-રવિવાર અને રજાના દિવસોમાં અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે.

સ્થાનિકો અને ભાવિકોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે વરસાદની અનુકૂળ પરિસ્થિતિ યથાવત્ રહેશે તો કુંડમાં પાણીનો પ્રવાહ સતત ચાલુ રહેશે અને યાત્રાળુઓને ફરીથી ગરમ પાણીમાં સ્નાન કરવાનો લાભ મળશે.

## કોટબામાં ડેમના પાણીમાં ડૂબી જતાં ૫ વર્ષના બાળકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૨ :** ડાંગ જિલ્લાના આહવા તાલુકાનાં કોટબા ગામના સાવરપાડા ફળિયામાં રહેતા રાજુભાઈ પવારનો ૫ વર્ષનો માસૂમ પુત્ર આયુષભાઈ રાજુભાઈ પવાર પોતાના ઘરની બહાર અન્ય બાળકો સાથે રમી રહ્યો હતો. ત્યારે એ ગુમ થઈ જતાં એની શોધખોળ બાદ એનો પત્તો તળાવમાં મળતાં ગ્રામજનોએ ભારે જહેમત બાદ માસૂમ આયુષને ડેમના પાણીમાંથી બહાર કાઢ્યો હતો અને તેને તુરંત જ તબીબી સારવાર આપવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતાં. પરંતુ, પાણીમાં ડૂબી જવાને કારણે સારવાર મળે તે પહેલા જ માસૂમ આયુષનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર કોટબા ગામમાં ગમગીની વ્યાપી ગઈ હતી. ચોમાસાની ચાલુ ઋતુ દરમિયાન નદી, નાળા, તળાવ અને ડેમ જેવા જળાશયો પાણીથી છલકાઈ જતા હોય છે, ત્યારે આ ઘટનાએ ફરી એકવાર લાલબત્તી ધરી છે કે વાલીઓએ પોતાના નાના બાળકો પર સતત દેખરેખ રાખવી અત્યંત અનિવાર્ય છે.

## ડાંગ જિલ્લામાં લોકનૃત્ય/લોકવાદ્ય તાલીમ શિબિર યોજાશે

**આહવા, તા. ૧૨ :** રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની,કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, આહવા-ડાંગ દ્વારા સંચાલિત પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષ ૧૪ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ માટે આદિવાસી વિસ્તારમાં લોકનૃત્ય/લોકવાદ્ય તાલીમ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેના ફોર્મ તા.૧૩/૦૭/૨૦૨૬ સુધીમાં જમાં કરાવવાનું રહેશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૩-૦૭-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** જેઠ, ચૌદસ **સૂર્યોદય :** ૦૬ : ૦૭ **સૂર્યાસ્ત** ૦૭ :૨૦, **ચંદ્રોદય** - ૦૨:૨૦ **ચંદ્રાસ્ત** - ૦૪:૩૦ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - કૃતિકા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજેસવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે.

**સિંહ(મ.ટ.) :** આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**તુલા (ર.ત.) :** આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**મકર(જ.ખ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

**કુંભ(ગ.શ.સ.) :** તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.

## દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# વાપી બિલખાડીમાં વરસાદી પાણીના નિકાલ માટે વ્યવસ્થાની સમીક્ષા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીમાં ચોમાસા દરમિયાન બિલખાડી કિનારે આવેલા રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ફરી ન સર્જાય તે માટે કેબિનેટ મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ બિલખાડીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ તથા વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી નોટિફાઈડ એરિયા બોર્ડના ચેરમેન મગનભાઈ સાવલિયા તેમજ સિંચાઈ વિભાગ, નહેર વિભાગ, નોટિફાઈડ બોર્ડ અને અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓ આ નિરીક્ષણમાં જોડાયા હતા. નિરીક્ષણ દરમિયાન બિલખાડીમાં વાપી શહેર, વાપી જીઆઈડીસી તથા આસપાસના વિસ્તારોનું વરસાદી પાણી કોઈ અવરોધ વિના સરળતાથી વહેતું રહે અને રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ ઊભી ન થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અંદાજે પાંચ વર્ષ પહેલાં તત્કાલીન ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ વિધાનસભા તેમજ જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરતાં બિલખાડી પરના ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વરસાદી પાણીના નિકાલમાં નોંધપાત્ર સુધારો થયો હતો અને વર્ષોથી ચાલતી પાણી ભરાવાની સમસ્યાનો મોટાપ્રમાણમાં ઉકેલ આવ્યો હતો.

આ વખતે છરવાડાથી શરૂ કરીને સલવાવ, બલીઠા અને નેશનલ હાઈવે સુધી બિલખાડીના સમગ્ર પ્રવાહનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ વરસાદી પાણીના અવરજવરને અસર કરતી જગ્યાઓનું મૂલ્યાંકન કરી સમયસર જરૂરી કામગીરી હાથ ધરવાની ખાતરી આપી હતી, જેથી ચોમાસા દરમિયાન શહેરવાસીઓને મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

# ભીલાડમાં આંગણવાડીના બાળકોને રેનકોટનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૨ :** ભીલાડ ગામે કુબેર ઈન્ડસ્ટ્રીયલ હબ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે પ્લાટ પાડા તથા નવી નગરી વિસ્તારની આંગણવાડીના બાળકોને રેનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સભ્ય નીતાબેન નિતેશભાઈ પાટકર, ગ્રામ પંચાયત ભીલાડના પ્રથમ નાગરિક સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવ, પિયુષભાઈ શાહ (વિશ્વ હિન્દુ પરિષદ) તેમજ પૂજાબેન પાટકર (એસ.એમ.સી. સભ્ય) ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને રેનકોટ અર્પણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સેવાકીય કાર્ય બદલ કુબેર ઈન્ડસ્ટ્રીયલ હબનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને આવા સમાજલક્ષી પ્રયાસો ભવિષ્યમાં પણ સતત ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# થ્રીડીમાં વન મહોત્સવ યોજાયો

## સુરંગીથી વેલુગામ સુધી હાઇવેની બાજુમાં કુલ ૧૨૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**સેલવાસ, તા. ૧૨ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (PCC) દ્વારા પ્રશાસક પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વન મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. "Healing the Earth through Greener Initiatives" થીમ હેઠળ યોજાયેલા આ પર્યાવરણ સંરક્ષણ અભિયાનમાં સનાથન ટેક્સટાઈલ્સ લિમિટેડ (Sanathan Textiles Ltd.) દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ સહયોગ આપવામાં આવ્યો હતો.

આ અભિયાન અંતર્ગત સુરંગીથી વેલુગામ સુધીના નેશનલ હાઈવેની બાજુમાં કુલ ૧૨૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. આ પહેલનો હેતુ હરિયાળો વિસ્તાર વધારવો, પ્રદૂષણ ઘટાડવું તેમજ પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.

કાર્યક્રમમાં દમણના કલેક્ટર સૌરભ મિશ્રા, સિલવાસાના કલેક્ટર પ્રિયંક કિશોર, વન વિભાગના અધિકારી મોહન દાસ, પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (PCC)ના અધિકારી પ્રિયંકા કાપડી, સુરંગીના સરપંચ સંજય રાઉત, સનાથન ટેક્સટાઈલ્સ લિમિટેડના જૉઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર અજય દત્તાણી, ડિરેક્ટર આકાશ દત્તાણી ઉપરાંત પીસીસી અને વન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ તેમજ કંપનીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સૌએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.

પીસીસી દ્વારા આયોજિત આ વૃક્ષારોપણ અભિયાનમાં સનાથન ટેક્સટાઈલ્સ લિમિટેડે સહયોગી સંસ્થા તરીકે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ પહેલને દાદરા અને નગર હવેલીમાં હરિત વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# માણેકપુરમાં નવી સ્ટ્રીટલાઈટોનું લોકાર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૨ :** માણેકપુર ગામમાં ગ્રામજનોની સુવિધા અને રાત્રિના સમયે સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા માટે વિવિધ માર્ગો પર નવી સ્ટ્રીટ લાઈટોની સુવિધા ઉભી કરવામાં આવી હતી, જેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત માણેકપુર ડુંગળીફળિયાથી અદેસર ફળિયું, માણેકપુર નવીનગરી તરફ તેમજ માણેકપુર વિવેકાનંદ સ્કૂલથી સોનિયાવાડી તરફ જતાં માર્ગો પર નવી સ્ટ્રીટ લાઈટો સ્થાપિત કરવામાં આવી છે. આ સુવિધાથી સ્થાનિક રહેવાસીઓને રાત્રિના સમયે સરળ અને સુરક્ષિત અવરજવરમાં નોંધપાત્ર લાભ મળશે. લોકાર્પણ પ્રસંગે ઉમરગામ તાલુકા સરપંચ સંઘના પ્રમુખ તેમજ માણેકપુર ગામના સરપંચ રાકેશભાઈ છોટુભાઈ વઘાત, ડેપ્યુટી સરપંચ ભાવેશભાઈ માયાવંશી, પંચાયતના સભ્યો ગણેશભાઈ, સુનિલભાઈ, જીગ્નેશભાઈ, પદ્માબેન, પૂર્વ સરપંચ મોહનભાઈ પાગી તેમજ ગામના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે ગામના આગેવાનોએ જણાવ્યું હતું કે ગ્રામ વિકાસના કાર્યોને સતત પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને આગામી સમયમાં પણ ગામમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રયત્નો ચાલુ રહેશે.

# વટાર હાઈસ્કૂલમાં શૈક્ષણિક વ્યાખ્યાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** એસ.એસ.બી.ડી દેસાઈ હાઈસ્કૂલ વટારમાં વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિઓની ખેલવણી માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ વ્યક્તા તરીકે આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન વાપીના પ્રોફેસર સાહિત્ય ક્ષેત્રે જેમનું ખૂબ ઉમદા પ્રદાન હોય રાષ્ટ્રીય ક્ષેત્રે વિવિધ એવોર્ડ વિજેતા ૧૫ જેટલી સ્વરચિત પુસ્તકો પ્રકાશિત કરનાર એવા ડૉ.જયંતીલાલ બી.બારીસે પોતાની આગવી વાક્છટાઓથી વિદ્યાર્થીઓને બાલ્યાવસ્થા દરમિયાન શિક્ષણ પ્રાપ્ત કરવામા થતી મુશ્કેલીઓનો સામનો કઈ રીતે કરવો શિક્ષણ હાલના સમયમાં કેટલું જરૂરી છે. વાંચન કરવાથી થતા ફાયદાઓ વગેરેનું વ્યવહારો ઉદાહરણો પૂરા પાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ શાળાની શિક્ષિકા એશ્વર્યા આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ.જયંતીલાલ બારીસ પોતાનો સમય આપી શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા બદલ શાળાના આચાર્ય ડૉ.નિખિલ પટેલ તેમજ શાળાના સ્ટાફ મિત્રોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દમણમાં ડ્રગ્સ કંટ્રોલ અધિકારીઓનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું

## ચર્ચા દરમ્યાન દવાઓની ગુણવત્તા અને દર્દીઓની સુરક્ષા પર ભાર મુકાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ડ્રગ્સ કંટ્રોલ ઓફિસર્સ (ઈન્ડિયા) વેલફેર એસોસિએશનના ચોથા વાર્ષિક રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી ૪૦૦થી વધુ ડ્રગ્સ કંટ્રોલ અધિકારીઓએ ભાગ લઈને દવાઓની ગુણવત્તા, દર્દીઓની સુરક્ષા, લાઈસન્સિંગ, ઓનલાઈન દવાઓના વેચાણ અને નવી ટેક્નોલોજી આધારિત નિયમન સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી.એસોસિએશનના રાષ્ટ્રીય અધ્યક્ષ જી. ચેટર્જીએ જણાવ્યું કે દરેક નાગરિક સુધી સુરક્ષિત, ગુણવત્તાયુક્ત અને અસરકારક દવાઓ પહોંચે તે સુનિશ્ચિત કરવું ડ્રગ્સ કંટ્રોલ વિભાગની સૌથી મોટી જવાબદારી છે. તેમણે કહ્યું કે ડિજિટલ ફાર્મસી, ઈ-કોમર્સ અને બાયોલોજિકલ દવાઓના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને નિયંત્રણ વ્યવસ્થાને વધુ આધુનિક અને મજબૂત બનાવવાની જરૂર છે. સંમેલનમાં નકલી દવાઓ સામે કડક કાર્યવાહી, ઉત્પાદન એકમો સુધી તપાસનો વ્યાપ વધારવો, વિવિધ રાજ્યો વચ્ચે સંકલન મજબૂત બનાવવું તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર નિયમન વ્યવસ્થા વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના વિકાસ, સંશોધન, દવાઓની નિકાસમાં વધારો અને ભારતને વૈશ્વિક ફાર્મા હબ બનાવવા અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો. વક્તાઓએ જણાવ્યું કે ગુણવત્તાના ઊંચા ધોરણો જાળવીને ભારતીય દવા ઉદ્યોગ વૈશ્વિક બજારમાં વધુ મજબૂત સ્થાન મેળવી શકે છે. કાર્યક્રમમાં દમણના અધિકારીઓએ આવા રાષ્ટ્રીય સંમેલનને મહત્વપૂર્ણ ગણાવ્યું અને જણાવ્યું કે દેશભરના અધિકારીઓ વચ્ચે અનુભવ અને જ્ઞાનની આપ-લે થવાથી દવા નિયંત્રણ વ્યવસ્થા વધુ અસરકારક બનશે. કાર્યક્રમમાં દમણ પ્રશાસનના અધિકારીઓ, ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના નિષ્ણાતો તેમજ વિવિધ રાજ્યોના ડ્રગ્સ કંટ્રોલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# દમણમાં પીએમ વિશ્વકર્મા યોજના અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** એમએસએમઈ વિભાગ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંગે જાગૃતિ લાવવા માટે દમણની ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજના સભાગૃહમાં એક દિવસીય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન પોલિટેકનિકના પ્રિન્સિપાલ બાલાગણેશન, એમએસએમઈ અધિકારી રામદેવ સુથાર તથા અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કારીગરો, ઉદ્યોગસાહસિકો અને લાભાર્થીઓને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના હેતુ, લાભો અને નોંધણી પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એમએસએમઈ વિભાગના પ્રવીણ દોઈફોડેએ એમએસએમઈની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં યોજનાના વિવિધ લાભો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. અનેક લાભાર્થીઓએ જણાવ્યું કે તેઓ પહેલેથી જ યોજનામાં નોંધણી કરીને તેનો લાભ મેળવી રહ્યા છે. સાથે જ નવા લાભાર્થીઓને પણ નોંધણી પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, જેથી વધુમાં વધુ પાત્ર કારીગરો આ યોજનાનો લાભ મેળવી શકે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

# વાપીમાં ઘન કચરા નિકાલ માટે આધુનિક ડેમો પ્લાન્ટનું મંત્રી કનુભાઈ દેસાઈએ નિરીક્ષણ કર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા સંચાલિત ચંડોર સ્થિત ઘન કચરા નિકાલ સાઈટ પર આધુનિક ટેકનોલોજી આધારિત ડેમો પ્લાન્ટનું નિરીક્ષણ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ પ્લાન્ટની કાર્યપદ્ધતિ, ટેકનોલોજી અને તેના ભાવિ અમલીકરણ અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો આપ્યા હતાં.

તેમણે જણાવ્યું કે વધતા શહેરીકરણને ધ્યાનમાં રાખી ઘન કચરાના વૈજ્ઞાનિક અને પર્યાવરણમૈત્રી નિકાલ માટે આધુનિક ટેકનોલોજી અપનાવવી સમયની માંગ છે. આ ટેકનોલોજીથી વાપી શહેરમાં દરરોજ એકત્ર થતાં કચરાનો ૧૦૦ ટકા વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ શક્ય બનશે, જેના પરિણામે લેન્ડફિલમાં ઘટાડો, પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન મળશે. સાથે જ કચરામાંથી ઉપયોગી સંસાધનોની પુનઃપ્રાપ્તિ પણ શક્ય બનશે.

કાર્યક્રમમાં મહાનગરપાલિકા કમિશનર એન. એફ. ચૌધરી, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ, નાયબ કમિશનર કિરણસિંહ રાણા, એસબીએમ કન્સલ્ટન્ટ રાહુલ શર્મા, સેનેટરી ઈન્સ્પેક્ટર રઘુવીર આહીર સીટી ઈજનેર કલ્પેશભાઈ શાહ તેમજ કોડીનાર નગરપાલિકાના પ્રમુખ ચીફ ઓફિસર અને સેનેટરી ઈન્સ્પેક્ટર સહિતનાઓનું પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ગોરગામથી રૂા. ૧.૦૯ લાખના ગાંજા સાથે મહિલા ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થોનું સંગ્રહ, વેચાણ અને હેરાફેરી કરનારા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા માટે સુરત રેન્જ આઈ જી, વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા અને નાયબ પોલીસ અધિક્ષક એ.કે.વર્માના માર્ગદર્શન હેઠળ ડુંગરી પોલીસ સ્ટેશનના પીઆઈ યુ.એચ. પટેલ તથા તેમની ટીમ વિસ્તારમાં નાર્કોટિક્સ સંબંધી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધવા માટે કાર્યરત હતી.

તે દરમિયાન પીઆઈ યુ.એચ. પટેલને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસે તત્કાલિક વલસાડ તાલુકાના મોજે ગોરગામ અરવાડા મંદિર ફળિયા માં છાપો મારતા સંગીતાબેન પ્રવિણભાઈ બાબુભાઈ કો.પટેલ (ઉ.વ. ૫૫) નામના મહિલાના રહેણાંક ઘરની સામે આવેલી આંબાવાડીમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ત્યાંથી છૂટક વેચાણ માટે રાખેલો માદક પદાર્થ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કુલ ૨૧૬૦.૩ ગ્રામ ગાંજો, જેની અંદાજિત કિંમત રૂા. ૧,૦૯,૫૧૫ રૂપિયાનો મુદ્દા માલ સાથે ઝડપી પાડી હતી. ગાંજાના પેકિંગ અને વેચાણ માટે ઉપયોગમાં લેવાતી અલગ-અલગ પ્લાસ્ટિકની થેલીઓ, સ્ટેપલર, વજનકાંટો, અને એક મોબાઈલ ફોન સહિત અન્ય સાધન-સામગ્રી પણ કબજે કરવામાં આવી છે.

ડુંગરી પોલીસે પકડાયેલ મહિલા આરોપી તેમજ એક અન્ય વોન્ટેડ ઈસમ વિરુદ્ધ ડુંગરી પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે પકડાયેલી મહિલા આરોપી અગાઉ પણ ડુંગરી, પારડી, વાપી ટાઉન તેમજ વલસાડ રૂરલ જેવા વિવિધ પોલીસ સ્ટેશનોમાં દારૂના અનેક ગુનાઓમાં સંડોવાયેલી હોવાનું પોલીસ રેકોર્ડ પરથી જાણવા મળ્યું છે.

# CZMP-2019 અમલમાં આવતા દમણ-દીવના વિકાસને નવી ગતિ મળશે : સાંસદ ઉમેશ પટેલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** દમણ-દીવ માટે લાંબા સમયથી પ્રતીક્ષિત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન (CZMP)-૨૦૧૯ સત્તાવાર રીતે અમલમાં આવતા સાંસદ ઉમેશ પટેલે તેને પ્રદેશના વિકાસ માટે ઐતિહાસિક નિર્ણય ગણાવી કેન્દ્ર સરકાર તથા સંબંધિત તમામ વિભાગોનો આભાર વ્યક્ત કર્યો છે.

સાંસદ ઉમેશ પટેલે જણાવ્યું કે વર્ષોથી CZMP-૨૦૧૧ અમલમાં હોવાને કારણે દમણ અને દીવમાં વિકાસ કાર્યો, મકાન નિર્માણ, જાહેર સુવિધાઓ, પર્યટન, મત્સ્ય ઉદ્યોગ તેમજ અન્ય માળખાકીય વિકાસમાં અનેક અડચણો સર્જાતી હતી. સ્થાનિક નાગરિકો, જમીન માલિકો, વેપારીઓ અને માછીમાર સમાજ દ્વારા આ મુદ્દે સતત રજૂઆતો કરવામાં આવતી હતી, જેને તેમણે સાંસદ તરીકે કેન્દ્ર સરકાર અને સંબંધિત મંત્રાલયોના ધ્યાન પર વારંવાર લાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે CZMP-૨૦૧૯ અમલમાં આવતા અગાઉની યોજના કરતાં વધુ વ્યવહારુ અને વિકાસલક્ષી જોગવાઈઓનો લાભ મળશે. જેના પરિણામે રહેણાંક, જાહેર માળખાકીય સુવિધાઓ, પર્યટન અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને નવી ગતિ મળશે તેમજ દમણ-દીવના સર્વાંગી વિકાસના નવા માર્ગ ખુલશે.

સાંસદે આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ પ્રદેશ પ્રશાસન, સ્ટેટ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી, નેશનલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (NCZMA), પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય (MoEFCC), NCSCM તેમજ સમગ્ર પ્રક્રિયામાં જોડાયેલા અધિકારીઓ અને નિષ્ણાતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે જ તેમણે જણાવ્યું કે ભવિષ્યમાં સમગ્ર દમણને CRZ-II શ્રેણીમાં સમાવેશ કરવા તેમજ દીવને સત્તાવાર રીતે દ્વીપ (Island)નો દરજ્જો આપવા જેવા મુદ્દાઓ પર પણ હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા છે. તેમના મતે આ નિર્ણયોથી પ્રદેશમાં આયોજનબદ્ધ વિકાસ, રોકાણ, રોજગાર અને પર્યટનને વધુ પ્રોત્સાહન મળશે.

સાંસદે કહ્યું કે CZMP-૨૦૧૯નો અમલ માત્ર વહીવટી નિર્ણય નથી, પરંતુ દમણ-દીવના ઉજ્જવળ ભવિષ્ય તરફનું એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવી પ્રદેશની પ્રગતિને નવી દિશા આપશે.

# વલસાડમાં આર્મી ઓફિસરના નામે ડિજિટલ છેતરપિંડી

## દૂધ-દહીંના મોટા ઓર્ડરની લાલચ આપી વેપારીના ખાતામાંથી રૂા. ૫૯,૯૯૧ ઉપાડી લીધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડમાં સાયબર ઠગોએ એક નવો કિમીયો અપનાવીને વેપારીને લાખોનો ચૂનો લગાવ્યો છે. આર્મી જવાન અને આર્મી ચીફ ઓફિસરની ખોટી ઓળખ આપીને ઠગોએ એક દૂધના વેપારી સાથે ૫૯,૯૯૧ની ઓનલાઈન છેતરપિંડી આચરી છે. આર્મી કેમ્પ માટે દૂધ અને દહીંનો મોટો ઓર્ડર આપવાના બહાને વેપારીના બેંક ખાતામાંથી આ રકમ ઉપાડી લેવામાં આવી હતી. આ મામલે વલસાડ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. વલસાડ શહેર ના તીથલરોડ વિસ્તારમાં અમૂલ પાર્લર ચલાવતા વેપારીને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ સતિષકુમાર જણાવ્યું હતું. તેણે વેપારીને કહ્યું કે વલસાડ પોલિટેકનિક કોલેજ પાસે આર્મી કેમ્પ યોજાવાનો છે. જેના માટે ૨૦ દિવસ સુધી દરરોજ ૪૦ લીટર ટેટ્રા પેક દૂધ અને ૨૦ કિલો દહીં સપ્લાય કરવાનો મોટો ઓર્ડર આપવો છે. એડવાન્સ પેમેન્ટ માટે આર્મી ચીફ ઓફિસર વીડિયો કોલ કરશે તેમ કહીને ઠગે વેપારીને વિશ્વાસમાં લીધો હતો. બીજા દિવસે, ખાખી યુનિફોર્મ પહેરેલી એક વ્યક્તિએ વેપારીને વીડિયો કોલ કર્યો અને પોતાની ઓળખ આર્મી ચીફ ઓફિસર તરીકે આપી. તેણે વેપારીને બેંક એકાઉન્ટ ખોલવા જણાવ્યું અને ત્યારબાદ પૈસા ટ્રાન્સફર નથી થઈ રહ્યાં તેવું બહાનું કાઢ્યું હતું. ઠગે વેપારી પાસે એક મોબાઈલ એપ ડાઉનલોડ કરાવીને તેનો OTP મેળવી લીધો હતો. OTP મળતાં જ વેપારીના ICICI બેંક ખાતામાંથી રૂપિયા ૫૯,૯૯૧ ઉપાડી લેવાયા હતાં. પોતાના ખાતામાંથી પૈસા કપાઈ ગયાની ખબર પડતાં જ વેપારીએ ઠગના બંને મોબાઈલ નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે બંધ આવ્યા હતા. વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પૈસા પરત ન મળતાં આખરે વલસાડ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે. પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે.

# દમણમાં ૧૬ જુલાઈએ શ્રી જગન્નાથ રથયાત્રા યોજાશે

**દમણ, તા. ૧૨ :** શ્રી જગન્નાથ રથયાત્રા સમિતિ, દમણ દ્વારા આગામી ગુરુવાર, ૧૬ જુલાઈ ૨૦૨૬ (અષાઢ સુદ બીજ)ના રોજ ભવ્ય શ્રી જગન્નાથ રથયાત્રા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રા સવારે ૧૦ વાગ્યે ત્રણ બત્તી સ્થિત શ્રી જલારામ મંદિરથી પ્રસ્થાન કરશે. ભગવાન શ્રી જગન્નાથજી, ભગવાન બલભદ્રજી અને માતા સુભદ્રાજીના દિવ્ય રથનું પૂજન કર્યા બાદ યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. યાત્રા દરમિયાન ભજન-કીર્તન, હરિનામ સંકીર્તન, ઢોલ-નગારાં, શંખનાદ અને જયઘોષથી સમગ્ર દમણ ભક્તિમય વાતાવરણમાં રંગાઈ જશે. વિવિધ સ્થળોએ ભક્તો દ્વારા પુષ્પવર્ષા, આરતી, ઠંડા પીણા અને પ્રસાદની સેવા પણ કરવામાં આવશે. રથયાત્રાનો માર્ગ શ્રી જલારામ મંદિર - શ્રી સત્યનારાયણ મંદિર પ્રચાર રસ્તા - ટેક્સી સ્ટેન્ડ - બસ સ્ટેન્ડ - એકતા ઉદ્યાન થઈ પુનઃ શ્રી જલારામ મંદિર રહેશે. યાત્રા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નવસારી વિભાગ કાર્યાલયના દેવેનભાઈ ગાવકર વિશેષ ઉપસ્થિતિ આપશે, જ્યારે સંજય મહારાજ (દમણ) વિશેષ અતિથિ તરીકે ભક્તોને આશીર્વચન આપશે.

# વરકુંડ કોલેજમાં માનસિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** રોટરી ઈન્ટરનેશનલના માનસિક આરોગ્ય અને ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે રોટરી ક્લબ ઓફ દમણ દ્વારા આજે વરકુંડ સ્થિત ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે માનસિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં આશરે ૨૧૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત રોટરી ક્લબ ઓફ દમણના અધ્યક્ષ જયેશ જોશીના સંબોધનથી થઈ. તેમણે રોટરી ઈન્ટરનેશનલની વૈશ્વિક સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ દમણમાં શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, માતા-શિશુ આરોગ્ય અને પોલિયો નિર્મૂલન સહિતના ક્ષેત્રોમાં ક્લબ દ્વારા કરવામાં આવતા કાર્યોની માહિતી આપી. તેમણે યુવાનોને રોટરેક્ટ ક્લબ સાથે જોડાઈ સમાજસેવામાં સક્રિય બનવા પણ અપીલ કરી.

કાર્યક્રમ દરમિયાન રોટરીની સેવાકીય પ્રવૃત્તિઓ દર્શાવતી મલ્ટીમીડિયા પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી. ત્યારબાદ રોટેરિયન વિશ્વજીત બોરાટે અને રોટેરિયન અનેસા નૂરાણીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદાત્મક સત્ર યોજી તણાવ, ચિંતા અને માનસિક દબાણમાંથી બહાર આવવાના સરળ અને વ્યવહારુ ઉપાયો સમજાવ્યા હતાં. કાર્યક્રમનું આયોજન સર્વિસ પ્રોજેક્ટ ચેરમેન મનીષ કાપડિયા અને ઈવેન્ટ ચેરપર્સન સુપ્રિયા બોરાટેએ કર્યું હતું. અંતે રોટરી ક્લબ ઓફ દમણ દ્વારા કોલેજના પ્રાચાર્ય ચૌધરીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો, જ્યારે કોલેજ પ્રશાસને તમામ વક્તાઓને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કર્યા.

રોટરી ક્લબ ઓફ દમણે જણાવ્યું કે માનસિક આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો સતત યોજવામાં આવશે.



# ‘અલ નિનો’નું ગ્રહણ છૂટશે ?

**ચો**માસું કેવું હશે? કેવું જશે? તેની ચર્ચા અને ચિંતા સૌને હોય છે. આમઆદમી અને ધરતી પુત્રોથી લઈને સરાર સુધી સૌની નજર આકાશ ઉપર હોય છે. આશા વાદળ ઉપર હોય છે અને મેઘરાજાની મહેર કેવી હશે તેની આગાહી જ્યોતિષીઓથી લઈને વિજ્ઞાન આધારિત વેધશાળા દ્વારા થાય તેની રાહ જોવાય છે. સચોટ આગાહી કોણ કરી શકે છે? આ વખતે એવું પૂર્વાનુમાન હતું કે ‘અલ નિનો’ની અસરથી અલ્પવૃષ્ટિ હશે. ભારતમાં વર્ષોની સરેરાશથી ઘણો ઓછો વરસાદ થશે. ૩૦મી જૂને આગાહી થઈ કે ૩૮ ટકા ખાચ હશે પણ આ પછી જુલાઈના આરંભમાં દેશભરમાં વરસાદ થયા પછી ખાધ ૧૫ ટકા રહેવાની ધારણા છે અને ઑક્ટોબર સુધીમાં આ ખાપ પુરાઈ જાય એવી આશા રાખીએ. અલબત, અત્યાર સુધી ગુજરાત-સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ મહેર કરી હોવા છતાં કચ્છમાં ખાધ રહી છે જે હવે પછી પુરાશે એવી ધારણા છે. મહારાષ્ટ્રમાં જૂન મહિનામાં ૫૦ ટકા ખાધની ગણતરી હતી તે હવે પાંચ ટકા પુરાંત થઈ છે.

હરિયાણા અને જુલાઈના પ્રથમ સપ્તાહમાં રાજસ્થાન, હરિયાણા પંજાબમાં થયા સમરસ્ત ભારતમાં ખાય ૪૦ ટકા વરસીને ૧૪ ટકા થઈ છે. હવે આગામી મહિનાઓ મીસાચીત્રક - દરેક રાજ્યમાં સારો વરસાદ ઘણી એવા પારણા છે. આમ ચોમાસુ મોટું શરૂ થયું હોવા છતાં હજી ચોમાસાના બે મહિના બાકી છે! મુખ્ય - પૂર્વાનુમાનનો છે.

ભાલય - ધરતીપુત્રોના અનુભવ અને કોઠાસૂઝથી ચોમાસાના આગમનની આશા બંધાતી હતી. આજે જણોતિયાઓઓ પણ સચોટ આગાહી કરી શકે છે. રીતે આગાહી અંબાલાલ છે. વર્ષે અલ્પવૃષ્ટિ અને દુષ્કાળની આશંકા વાયરલ આ થઈ હતી ત્યારે જન્મભૂમિ પત્રોના કટાર લેખક અશ્વિનભાઈ સચોટ આગાહી કરી

કલાશે. વર્ષે ચોમાનું કેવું નીવડશે? ‘અલ નિનો’ના કારણે દુષ્કાળ પડશે? આ પ્રશ્ન ખેડૂતોને જ નહીં ઉદ્યોગ-વ્યાપાર અને આમઆદમીને પણ સતાવે છે. ચોમાસું નબળું જાય તો વ્યાપાર-ઉદ્યોગમાં માગ ઘાટે અને મંદી વર્ષ. સૌથી વધુ ચિંતા સરકારને હોય છે, કારણ કે નબળા ચોમાસા અને દુષ્કાળનાં પરિણામે કેન્દ્રમાં સરકારો બદલાઈ છે અને તેથી રાજકારણીઓના પગ ભલે પરતી ઉપર હોય નહીં, નજર તો આકાશ ઉપર રહે છે!

આબોહવાનું આ ચક્ર તો આપણા હાથમાં રહ્યું નથી, પણ હવે કૃષિ વૈજ્ઞાનિકો દુષ્કાળ અને અતિશય તાપની અસર કેવી રીતે ઘટાડવી અને પાક બચાવવો તેની વિશેષ ટેક્નોલોજી વિકસાવી રહ્યા છે.

આપણા લોકજ્યોતિષ શાસ્ત્રમાં તો સૈકાઓથી આગાહી થતી આવી છે. પશુ-પક્ષીઓની બોલીથી માંડીને વાંસને ફૂલ આવે તે ઉપરથી પણ ભાવિનો અણસાર આવી જાય છે. આપણે ત્યાં ભડલી વાક્યોથી લઈને મકરસંક્રાંતિના વાહનના આધારે પણ ભવિષ્ય ભાખવામાં આવે છે. વૈજ્ઞાનિક રીતે ભારતમાં ચોમાસાની આગાહી ઈ.સ. ૧૮૮૬માં શરૂ થઈ હતી. આ પછી દુષ્કાળ, અતિવૃષ્ટિ - લીલો દુકાળ, દુષ્કાળગ્રસ્ત વિસ્તારો વગેરેની વ્યાખ્યા-નિયમો બાંધવામાં આવ્યા. જ્યારે છેલ્લાં પચાસ વર્ષમાં સરેરાશ વરસાદનો ૯૬ ટકાથી ૧૦૪ ટકા વરસાદ થયો હોય તો તે નોર્મલ ગણાય.

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

છેલ્લાં કેટલાંક વર્ષોથી ચોમાસાની આગાહીમાં અલ નિત્તો શબ્દ પ્રચલિત બન્યો છે. પ્રશાંત મહાસાગરની સપાટી ઉપર ઉષ્ણતામાન વધી જાય ત્યારે ત્યારે એશિયા અને ઑસ્ટ્રેલિયામાં દુષ્કાળ પડે છે અને દક્ષિણ અમેરિકામાં અતિવૃષ્ટિ અને પૂર આવે છે. દક્ષિણ અમેરિકાના માછીમારોએ જોયું કે ત્રણથી સાત વર્ષ પછી નાતાલના સમયે જ આ ઉષ્ણતામાન વધે છે અને તેની અસર વરસાદ ઉપર પડે છે. નાતાલ-ક્રિસમસનો ગાળો હોવાથી એમણે અલ નિનો નામ પાડ્યું. સ્પેનિશ ભાષામાં નાનો બાબો!

હોય ત્યારે ચોમાસું નોર્મલ જાય અને અલ નિનો હોય પણ કુદરતની ગત ન્યારી છે! અલ નિનોની અસર નહીં ત્યારે દુષ્કાળ પડે એવું પણ બન્યું છે! ભારતમાં ૧૯૮૨, ૧૯૮૬, ૧૯૮૭, ૨૦૦૨, ૨૦૦૪ અને ૨૦૦૯માં દુષ્કાળ હતા અને આ તમામ દુષ્કાળ અલ નિનોનાં વર્ષોમાં પડ્યા હતાં. આમ છતાં ૧૯૯૪ અને ૧૯૯૭માં ચોમાસું ખૂબ જ સારું - શ્રીકાર વરસાદ હતો. ૨૦૧૪માં કરીથી ખસ નિનો છતાં વર્ષ સારું ગયું. બે ટકા વધુ વરસાદ થયો! ૨વરસાદની આગાહીના ચાર તબક્કા છે. આગામી ૨૪ કલાકની આગાહી, ૭૨ કલાકની આગાહી પાછી ચારથી દસ દસ દિવસ સુધી અને માસિક તથા મોસમની આગાહી થાય છે. આ વખતે શરૂઆતમાં નિરાશાવાદી આગાહી થઈ હતી અને તેની અસર ડાંગર-ચોખા, સોયાબીન, ઘઉં, મકાઈ તથા પામ ઓઈલ ઉપર પડશે એવી ભીતિ હતી. પણ હવે છેલ્લા અહેવાલો અનુસાર ચિંતાનું કારણ નથી. ચોમાસું સારું જૂનવતાથી લાભકારક હશે. સ્કાયમેટ નામની ખાનગી સંસ્થા ઉપરાંત કાઉન્સિલ ફૉર સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિપલ રિસર્ચનું પણ તારતમ્ય છે કે સારો વરસાદ થશે. અત્યાર સુધીની બધી જ આગાહી નકારાત્મક-નિરાશાસ્પદ

હતી, પણ હવે વાદળ બદલાયાં છે! આપણા દેશમાં ભારતીય મોસમ-હવામાન વિભાગ - EMD અને ખાનગી ક્ષેત્રની કંપની SKYMET મોસામ -હવામાનની આગાહી કરે છે. પણ વરસાદની ચોક્કસ- સચોટ આગાહી આસાન નથી. વર્ષ ૧૯૩૨ થી ૧૯૮૮ સુધી ભારતીય મોસમ વિભાગે (ત્ઝ્ઞ) સમગ્ર દેશ માટે વરસાદની આગાહી કરવાનું ટાળ્યું, બંધ હતું! વરસાદની ટકાવારી વધઘટ આસાન આસાન નહીં હોવાથી માત્ર નોમંલ - રામેતા મુજબનો - અથવા નોર્મલથી ઓછો - એવી આગાહી કરવામાં આવતી હતી. છેક ૧૯૮૮માં વિગતવાર આગાહી કરીથી શરૂ થઈ. હવે મોસમ વિભાગની વેધશાળા વધુ સુસજજ છે. પ્રશાંત મહાસાગર ઉપરના હવામાન-ઉષ્ણતામાનની અસર વર્ષાઋતુ ઉપર પડે છે એવું સંશોધન વર્ષ ૧૯૨૦માં થયું. તત્કાલીન આઈએમડીના વડા બ્રિટિશ ગણિતશાસ્ત્રી - સર ગિલબર્ટ વૉકર હતા. મોનસૂનની આગાહી - વૈજ્ઞાનિક ઢબે એમણે શરૂ કરી હતી. ૧૯૦૪થી ૧૯૨૪ સુધી તેઓ વેધશાળાના વડા મહાસાગરના તાપમાન ઉષ્ણતામાનમાં ફેરફાર થતા હોવાની સમજ દક્ષિણ અમેરિકાના કિનારે પેરુ અને હતા. ઈક્વેડોરના આદિવાસીઓને હતી પણ છેક ૧૯૬૦માં અલ નિનો અને અલ વિદ્યાની અસર નોંધાઠી અને આ પાછી પણ સચોટ આગાહી કરવા માટે આઈએમડીએ ઘણી જહેમત કરી હતી.

ખાનગી ક્ષેત્રમાં સ્કાયમેટ કંપનીએ હવામાન - ચોખામાની આગાહી શરૂ કરી ત્યારથી ઈખઉ અને હ્ધ્ાૃૃ્ૃસચોટ આગાહી કોની? તે ચર્ચા શરૂ થઈ., છેલ્લાં ૧૫ વર્ષમાંથી વાત માની ખાય - ઘટ આઈએમડી કરતાં વધુ રહેવાની આગાહી હતી.

પણ તાજેતરનાં વર્ષોમાં સ્કાયમેટની આગાહી કાચી પડી હોવાનું જણાયું છે. જોડે ૨૦૧૩ અને ૨૦૧૪માં

સચોટ આગાડી પાછી તેની પ્રતિભાવ વધી. છે છે ૨૦૨૩માં વરસાદની ટકા હતી

ત્યારે રશિયા - યુક્રેન લડાઈ અને આ નિનોની અસર હતી. વિશ્વભરમાં અનાજની અછત અને ભાવવધારા થયા હતા. આ વખતે વડાપ્રધાને અલ નિનોની અસર આપણાં વિવિધ ક્ષેત્રો ઉપર કેવી પડી શકે છે તેના અંદાજ પછી તેના પ્રતિકાર માટે જરૂરી પગલાં લેવાની સૂચના આપી હતી. વિશેષારીને જળસ્રોત અને ખાતર-વીજળીની માગને પહોંચી વળવાની વ્યવસ્થા હોવી જોઈએ. જળવિદ્યુતની ખાધ કોલસા આધારિત ધર્મશ સ્ટેશનો કરશે. જોકે, હવે આવી ‘ઇમર્જન્સી નહીં આવે એવી આશા રાખીએ કારણ કે વેપશાળાના નિષ્ણાતોને વિશ્વાસ છે કે દેશભરમાં ૯૦ ટકા ચોમાસું સફળ થશે.

પશ્ચિમી દેશોમાં હવામાન પલટાનું રહે છે તેથી જાહેર સ્થળોએ હવામાન - વરસાદની આગાહી - સાવધાન સતત માહિતી આપતાં હૉર્ડિંગ હોય છે. હવે મહાનગર મુંબઈમાં પણ ભારે વરસાદની શક્યતા હોય ત્યારે સાવધાન સંદેશા મોબાઈલ ઉપર આપવામાં આવે છે અને છતાં સંપૂર્ણ વાહનવ્યવહાર ખોરવાઈ જાય ખોરવાઈ જાય છે.

સ્કાયમેટ પાસે ૧૦ ટોયના હવામાન નિષ્ણાતો છે. મોટા ભાગના ઈન્ડિયન એરફોર્સમાંથી લીધા છે. ૨૫૦૦ વેપરસ્ટેશનોમાંથી માહિતી મેળવીને વિશ્લેષણ કરવામાં આવે છે. ભારતીય હવામાન ખાતા અને સ્કાયમેટ વચ્ચે મોટો ફરક એ છે કે સ્કાયમેટ સંખ્યાબંધ ‘મોડેલોનો અભ્યાસ કરીને પછી અનુમાન તારવે છે, જયારે ભારતીય હવામાન ખાતું માત્ર પોતાના મોડેલ ઉપર જ આધાર મેસછે. આ વર્ષના ચોમાસાને અલ નિનોનું ગ્રહણ લાગે તો પણ તેને પહોંચી વળવાની તૈયારી કેન્દ્ર સરકારે કરી છે. અનાજના ભંડાર ભર્યા છે, પણ કૃષિ ક્ષેત્રની ઔલોગિક માગ પટે તો ઔધોગિક મંદી વધુ ચાલે એવી ભીતિ છે.

AI કૃત્રિમ બુદ્ધિમત્તાનો યુગ શરૂ થયો છે પણ કૃત્રિમ વરસાદના પ્રયોગ ઘણા શાળાઓ અને વિણા પ્રગતિ કરી છે. છતાં લોકો મજાક કરે છે કે વરસાદની આગાહી હોય ત્યારે છત્રી સાથે રાખવાની જરૂર નથી અને વરસાદ રાખવી! પડે તેવી આગાહી હોય ત્યારે છત્રી જરુર સાથે રાખવી !

# ‘ગુડ બોય સિંડ્રોમ’- આદર્શોના ઓથા હેઠળ ચૂકવાતી કિંમત !

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

નાનપણથી જ જેમના કાનમાં એક વાક્ય મંત્રની જેમ ફૂંકવામાં આવે છે કે, ‘જોજે, તું તો બહુ ડાહ્યો દીકરો છે, તારે કોઈને હેરાન નથી કરવાના.’ એ બાળકના અચેતન મનમાં એક અદ્રશ્ય બંધારણ ઘડાવા લાગે છે. આ બંધારણની પહેલી કલમ એ હોય છે કે પોતાની ઈચ્છાઓ, ગુસ્સો કે નબળાઈઓને દબાવીને હંમેશાં અન્યોની અપેક્ષાઓ પર ખરા ઉતરવું. મનોવિજ્ઞાનની ભાષામાં આ માનસિક સ્થિતિને ‘ગુડ બોય સિંડ્રોમ’ કહેવામાં આવે છે. આ કોઈ તબીબી બીમારી નથી, પરંતુ એક એવી સામાજિક અને માનસિક કન્ડિશનિંગ છે, જેમાં એક પુરૂષ આખી જિંદગી પરફેક્ટ અને સજ્જન દેખાવાના ચક્કરમાં પોતાના અસલી અસ્તિત્વને હોમી દે છે. સદ્ગુણી હોવું અને ‘ગુડ બોય સિંડ્રોમ’નો શિકાર હોવું એ બંને વચ્ચે એક બહુ બારીક રેખા છે. સદ્ગુણ એ ભીતરની સહજતા છે, જ્યારે આ સિંડ્રોમ એ અન્યોની સ્વીકૃતિ મેળવવા માટે પહેરેલો એક ભારેખમ મુખવટો છે, જે સમય જતાં પુરૂષના માનસિક સ્વાસ્થ્યને અંદરથી કોતરી ખાય છે. આ સિંડ્રોમની શરૂઆત બહુ નિર્દોષતાથી થાય છે. ઘરમાં માતા-પિતાને રાજી રાખવા, શાળામાં શિક્ષકોની ગુડ બુકમાં રહેવા અને સમાજમાં એક આદર્શ દાખલો બનવા માટે બાળક પોતાની નાની-નાની જીદ અને લાગણીઓનો ત્યાગ કરવાનું શીખી જાય છે. તે સમજી લે છે કે જો તે પોતાની ઈચ્છા વ્યક્ત કરશે તો કદાચ તે ‘ખરાબ’ ગણાશે અને લોકોનો પ્રેમ ગુમાવી બેસશે. આ ભય પુખ્ત વયે પણ તેનો પીછો નથી છોડતો. મોટો થઈને આવો પુરૂષ એક એવો વ્યક્તિ બને છે જે ક્યારેય કોઈને ‘ના’ કહી શકતો નથી. ઓફિસમાં બોસ ગમે તેટલું ઓવરટાઈમ કામ આપે, મિત્રો ગમે ત્યારે આર્થિક કે માનસિક મદદ માંગે કે પરિવાર તરફથી ગમે તેટલી બિનવ્યાવહારિક અપેક્ષાઓ રાખવામાં આવે, તે હંમેશાં સ્મિત સાથે ‘હા’ ભણે છે. આ ‘હા’ ની પાછળ તેની ભલાઈ ઓછી અને નકારી દેવાવાનો, એકલા પડી જવાનો કે અન્યિ બનવાનો ભય વધુ હોય છે. તે દરેક વ્યક્તિને ખુશ રાખવાના અશક્ય મિશન પર નીકળેલો એક એવો સૈનિક છે, જે અંતે પોતાના જ હાથે પરાજિત થાય છે.

તાર્કિક રીતે વિચારીએ તો, જે પુરૂષ આટલો સારો, વિનમ્ર અને મદદગાર હોય તેનું જીવન તો સુંદર હોવું જોઈએ, પણ હકીકત તેનાથી તદ્દન ઉલટી હોય છે. ‘ગુડ બોય સિંડ્રોમ’ ધરાવતા પુરૂષો અંદરથી અતિશય અકળામણ અને ગુપ્ત આક્રોશ અનુભવતા હોય છે. તેઓ પોતાની ભાવનાઓને સતત દબાવતા હોવાથી તેમનો આક્રોશ ક્યારેય બહાર આવી શકતો નથી, પરિણામે તે ‘પેસિવ-એગ્રેસિવ’ એટલે કે પરોક્ષ ગુસ્સામાં પરિવર્તિત થાય છે. તેઓ સીધો વિરોધ નથી કરી શકતા, એટલે અંદર જ અંદર કડવાશ ઘૂંટતા રહે છે. તેઓને હંમેશાં એવો અહેસાસ રહે છે કે તેઓ બધા માટે આટલું બધું કરે છે, છતાં કોઈ તેમની કદર નથી કરતું. આ લાગણી લાંબા ગાળે એન્ઝાયટી અને ડિ઼ેશન તરફ દોરી જાય છે. સૌથી મોટું નુકસાન એ થાય છે કે સામાજિક રીતે પણ આવા વ્યક્તિઓને ઘણીવાર ‘ટેકન ફોર ગ્રાન્ટેડ’ લઈ લેવામાં આવે છે. લોકો તેમની ભલાઈને તેમની નબળાઈ સમજી બેસે છે અને તેમના ખભા પર પગ મૂકીને આગળ નીકળી જાય છે.

લગ્નજીવન અને અંગત સંબંધોમાં પણ આ સિંડ્રોમ એક મોટો અવરોધ બને છે. ‘ગુડ બોય’ ક્યારેય પોતાની સાથીદાર સામે સ્પષ્ટપણે પોતાની જરૂરિયાતો કે નારાજગી વ્યક્ત કરી શકતો નથી. તે વિવાદોથી એટલો ડરતો હોય છે કે ઘરમાં શાંતિ જાળવી રાખવા માટે પોતાના આત્મસન્માન સાથે પણ બાંધછોડ કરી લે છે. પરંતુ જ્યારે કોઈ સંબંધમાં અસહમતી અને તંદુરસ્ત દલીલો માટે જગ્યા ન બચે, ત્યારે એ સંબંધ ધીમે-ધીમે પોકળ બનવા લાગે છે. પત્ની કે પાર્ટનરને પણ સમય જતાં એવો અહેસાસ થાય છે કે આ વ્યક્તિનું પોતાનું કોઈ મક્કમ સ્ટેન્ડ જ નથી, તે દરેક વાતમાં માત્ર સહમતી જ દર્શાવે છે. પુરૂષત્વનો એક અગત્યનો ગુણ છે ‘અસર્ટિવનેસ’ એટલે કે મક્કમતા, જે આ સિંડ્રોમને કારણે સાવ લુપ્ત થઈ જાય છે. પોતાના નિર્ણયો જાતે ન લઈ શકવા અને કરિયર કે જીવનના વળાંકો પર પરિવાર કે સમાજની ઈચ્છા મુજબ જ ચાલવું એ આ આદર્શવાદી પુરૂષોની આજીવન નિયતિ બની જાય છે.

આ માનસિક ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાનો એક જ માર્ગ છે અને તે છે આત્મ-જાગૃતિ. દરેક પુરૂષે એ સ્વીકારવું પડશે કે પોતે માણસ છે, કોઈ સુપરહીરો કે ભગવાન નથી કે જે બધાને આજીવન ખુશ રાખી શકે. પોતાની મર્યાદાઓનો સ્વીકાર કરવો અને જરૂર પડે ત્યારે વિનમ્રતાપૂર્વક પણ દ્રઢતાથી ‘ના’ કહેતા શીખવું એ કોઈ પાપ નથી, પણ આત્મરક્ષણનો એક હિસ્સો છે. વિરોધ કરવો કે પોતાની ઈચ્છા વ્યક્ત કરવી એનો અર્થ એ નથી કે વ્યક્તિ ખરાબ થઈ ગયો. તંદુરસ્ત સંબંધો હંમેશાં પરસ્પરના આદર અને સ્પેસ પર ટકે છે, નહીં કે એક વ્યક્તિના સતત બલિદાન પર. પોતાની જાતને પ્રેમ કરવો અને પોતાના માનસિક સ્વાસ્થ્યને -ાથમિકતા આપવી એ સ્વાર્થ નથી, પણ એક સ્વસ્થ જીવનની અનિવાર્યતા છે. આદર્શ દીકરો, ભાઈ કે પતિ બનવાના પ્રયાસમાં એક સારો ‘માણસ’ તરીકે પોતાનું અસ્તિત્વ જ ગુમાવી દેવું એ કોઈ સમજદારી નથી. મુખવટો ઉતારીને પોતાની અસલી ઓળખ સાથે જીવવું, એ જ આ અદ્રશ્ય બંધનમાંથી મુક્તિનો સાચો માર્ગ છે.

# નવા મતદારો માટે નવો નિયમ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૨ :** દેશના ઘણા રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નવા મતદારોની નોંધણી માટેના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવતા ફોર્મ-૬માં આ મહત્ત્વપૂર્ણ બદલાવ જોવા મળ્યો છે. હવેથી નવા મતદારોએ વોટર લિસ્ટમાં પોતાનું નામ ઉમેરાવતી વખતે એ સ્પષ્ટ કરવું પડશે કે, પાછલા SIR દરમિયાન તેમના માતા-પિતા કે દાદા-દાદીનું નામ મતદાર યાદીમાં નોંધાયેલું હતું કે નહીં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ નવો ફેરફાર હાલમાં માત્ર ઓનલાઈન ફોર્મ સબમિશનમાં જ ઉપલબ્ધ કરાવાયો છે, જ્યારે વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવામાં આવતી ફોર્મની હાર્ડ કોપીમાં હજુ આ ઓપ્શન ઉમેરાયો નથી.

આ નવા નિયમને કારણે એવા પરિવારો સામે મોટી મુશ્કેલી ઊભી થઈ શકે છે જેમના નામ યાદીમાંથી ગાયબ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, દેશના ૧૦ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલી જૈંઈ પ્રક્રિયા બાદ અંદાજે ૫.૫૮ કરોડ લોકોના નામ વોટર લિસ્ટમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જોકે, ચૂંટણી પંચ દ્વારા હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે જો કોઈ અરજદારના માતા-પિતા કે દાદા-દાદીનું નામ યાદીમાં ન હોય, તો તેના બાળકો કે પૌત્ર-પૌત્રીઓને નવી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે કે નહીં. પશ્ચિમ બંગાળમાં આ પ્રક્રિયાને લઈને ઘણો વિવાદ પણ થયો હતો, જ્યાં વિધાનસભા ચૂંટણી પહેલા જ ૨૭ લાખ લોકોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા, જેના કારણે તેઓ મતદાન કરી શક્યા નહોતા.

# ‘પ્રેઝન્સ’ અને ‘પર્સનલ બ્રાન્ડ’ જ આપણી ઈક્વિટી બની શકે ?

**આપણું પર્સનલ બ્રાન્ડિંગ માત્ર ફેમસ થવા માટે નહીં પણ આપણી ગેરહાજરીમાં લોકો આપણને કયા ગુણ માટે યાદ રાખે છે તે ધ્યાને લઈને કરીએ તો લોકોનાં મન ઉપર આપોઆપ બ્રાન્ડ વેલ્યુ ઊભી થઈ જાય. દા.ત. સચિન તેંડુલકર - શિસ્ત અને શ્રેષ્ઠતા (Discipline & Excellence), કપિલ શર્મા કે સુનીલ ગ્રોવર કોમેડી અને વર્સેટિલિટી, ટાટા-અતૂટ વિશ્વાસ (Trust), એપલ - સ્ટેટસ અને પ્રીમિયમ ઈકો-સિસ્ટમ, રોલેક્સ - માત્ર ઘડિયાળ નહીં, પણ અચીવમેન્ટ (સિદ્ધિ)ના પ્રતીક છે.**

**घटं भिन्द्यात् पटं छिन्द्यात्**
**कुर्याद्रासभरोहणम।**
**येन केन प्रकारेण**
**प्रसिद्धः पुरुषो भवेत॥**

અર્થાત્ વાસણો તોડીને, કપડાં ફાડીને અથવા ગધેડા પર સવારી કરીને કોઈ પણ રીતે મનુષ્યે પ્રખ્યાત (લોકપ્રિય) બનવું જ જોઈએ. અર્થાત્ મનુષ્ય માત્રને પ્રસિધ્ધિની ખેવના છે જ. પ્રસિદ્ધિ જ પ્રગતિનો માર્ગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે સોશિયલ મીડિયાને કારણે હવે પ્રસિદ્ધિનો માર્ગ સૌને માટે મોકળો થઈ ગયો છે. હવે સોશિયલ મીડિયા માત્ર પારકી પંચાત નથી પણ કમાણીનું માધ્યમ થઈ ગયું છે. એટલે જ તો આજના યુવાનોમાં ભણતર કે અભ્યાસને બદલે સોશિયલ મીડિયાના માધ્યમથી સરળતાથી પ્રસિધ્ધિ અને પૈસા બંને મેળવવાના સપનાઓ વધારે જોવા મળે છે.

સોશિયલ મીડિયાને કારણે આજે એવા અસંખ્ય સેલિબ્રિટીઝ બની ગયા છે કે જે કોઈ કંપનીના CEO કે કોઈ સરકારી અધિકારી કરતા પણ વધારે પ્રસિદ્ધિ અને પૈસા પ્રાપ્ત કરે છે. હાલમાં જ ‘ઓરી’ નામના વ્યક્તિ વિશે જાણવા મળ્યું જેને કોર્પોરેટ જગત અને સેલિબ્રિટીઝ પોતાની ઈવેન્ટમાં બોલાવવા માટે લાખો રૂપિયા ખર્ચે છે. તેણે સોશિયલ મીડિયાના માધ્યમથી અટેન્શન ઈકોનોમીનું નવું વિજ્ઞાન સમજાવ્યું છે. જે ખરેખર કોઈ પ્રોડક્ટ નથી વેચતો, તે સોશિયલ સિગ્નલિંગ (Social Signaling) વેચે છે.

આજે ધનવાનો પોતાનાં પારિવારિક પ્રસંગોમાં માત્ર અંગત મહેમાનોને નથી બોલાવતા, પણ સમાજને પોતાની પહોંચ અને સ્ટેટસનો સંકેત આપવા, લોકોનું ધ્યાન ખેંચવા પૈસા દઈને પ્રસિદ્ધ વ્યક્તિઓને બોલાવે છે. આથી આજના યુગમાં પૈસા કમાવા માટે માત્ર પ્રોડક્ટ વેચવાથી જરૂર નથી પણ આપણી ‘પ્રેઝન્સ’ અને ‘પર્સનલ બ્રાન્ડ’ જ આપણી ઈક્વિટી છે. આજે ઈક્વિટી કે સંપત્તિનો અર્થ બદલાઈ રહ્યો છે. માનવ જીવનની શરૂઆતમાં સંપત્તિ એટલે જમીન કે પશુઓ હતાં, પછી મૂડીનો યુગ આવ્યો, ત્યારબાદ ‘ડેટા’ અને આજે અટેન્શન જ કરન્સી બની ગઈ છે. જેની પાસે લોકોનું ધ્યાન ખેંચવાની અને તેને જાળવી રાખવાની ક્ષમતા વધુ હોય તેની પાસે મોનેટાઈઝેશન (ધન મેળવવાના)ના રસ્તાઓ આપોઆપ ખુલી જાય છે. એટલે જ તો આજે આપણી ઓળખ જ આપણી સૌથી મોટી પ્રોપર્ટી બની રહી છે.

**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી



આજનાં સોશિયલ મીડિયાના જમાનામાં બીજા વિશે જાણવાની જિજ્ઞાસા દિવસે દિવસે વધી રહી છે.

ઓરી નામના વ્યક્તિએ લોકોની જિજ્ઞાસા (Curiosity)ને જ પોતાની તરફના અટેન્શન (Attention) ફેરવી, તે અટેન્શન (Attention)થી પોતાની બ્રાન્ડ વેલ્યુ (Value) નિર્માણ કરી અને તે બ્રાન્ડ વેલ્યુ (Value) જ તેને મોનેટાઈઝેશન (Monetization) પૈસા અપાવી રહ્યા છે. ઓરીનો આઈકોનિક પોઝ અને તેની આસપાસની મિસ્ટ્રી જ લોકો સતત સર્ચ કરે છે. આ વ્યક્તિ આખરે છે કોણ? લોકોના મનમાં સતત પેદા થતી આ જિજ્ઞાસા જ તેનું રિકોગ્નિશન (Recognition) વધારે છે. આ રિકોગ્નિશનને કારણે તેની બ્રાન્ડ વેલ્યુ આપોઆપ વધે છે.

આજે મોટે ભાગેના યુવાનો ફક્ત રીલ્સ જોઈને કે અન્યના વિડીયો જોઈને દિવસના ૨૪ કલાકમાંથી ૧૪ કલાક બગાડતા હોય ત્યારે એ સમજવું હવે અગત્યનું થઈ ગયું છે કે આજના ડિજિટલ યુગમાં તમારો સ્માર્ટફોન જ તમારી ઓફિસ છે અને તમારો ચહેરો જ તમારી સૌથી મોટી બ્રાન્ડ છે. જો આપણને તેનો યોગ્ય ઉપયોગ કરીને લોકોનું અટેન્શન પોતાના તરફ ખેંચતા આવડ્યુ તો કોઈપણ અભ્યાસ કે પરંપરાગત કૌશલ્ય (જેમ કે સિંગિંગ કે એક્ટિંગ) વગર પણ મોટું માર્કેટ ઉભું કરી શકીએ છીએ.

જો આપણે આપણું પર્સનલ બ્રાન્ડિંગ માત્ર ફેમસ થવા માટે નહીં પણ આપણી ગેરહાજરીમાં લોકો આપણને કયા ગુણ માટે યાદ રાખે છે તે ધ્યાને લઈને કરીએ તો લોકોનાં મન ઉપર આપોઆપ બ્રાન્ડ વેલ્યુ ઊભી થઈ જાય. દા.ત. સચિન તેંડુલકર - શિસ્ત અને શ્રેષ્ઠતા (Discipline & Excellence), કપિલ શર્મા કે સુનીલ ગ્રોવર કોમેડી અને વર્સેટિલિટી, ટાટા-અતૂટ વિશ્વાસ (વ્ક્ષ્ચ્ચ્દ્ધ), એપલ - સ્ટેટસ અને પ્રીમિયમ ઈકો-સિસ્ટમ, રોલેક્સ - માત્ર ઘડિયાળ નહીં, પણ અચીવમેન્ટ (સિદ્ધિ)ના પ્રતીક છે. એટલે એમ કહી શકાય કે જો આપણે ડોક્ટર, ટીચર કે એન્ટરપ્રિન્ટર હોઈએ તો લોકો આપણને આપણી એવી કઈ વાત માટે યાદ રાખે તે શોધવું જરૂરી છે. આપણી એવી કોઈક જીન્યુન વાત છે જે બીજાથી જુદી પડે છે તો એ જ આપણી પર્સનલ બ્રાન્ડ છે. જે આપણને ભીડથી જુદા કરે છે.

ટૂંકમાં, એમ કહી શકાય કે જો આપણે આપણી જાતને ‘મેમોરેબલ’ અને ‘એક્સપર્ટ’ તરીકે સ્થાપિત કરી શકીએ તો માર્કેટ આપણને પ્રીમિયમ કિંમત ચૂકવશે. માત્ર રીલ્સ બનાવી વાયરલ થવાથી બિઝનેસ બની જશે એ માત્ર એક ભ્રમ છે. વાયરલ થવું એ માત્ર એક ક્ષણિક ‘નોઈઝ’ (Noise) છે. સાચો પ્રોફિટેબલ બિઝનેસ ‘પોઝિશનિંગ’ (Positioning) થી બને છે. એટલે આજના આ સોશિયલ મીડિયાના જમાનામાં ફેમ (પ્રસિદ્ધિ) એ કરિયર નથી, કરિયર હંમેશા ‘સ્કિલ’ (કૌશલ્ય) થી બને છે. જે તમારી પોઝિશન નક્કી કરે છે.

આજે જ્યારે વિદ્યાર્થીઓએ એક મોબાઈલ અને એક માઈકના સહારે તરત જ youtuber બની જવું છે ત્યારે એ ખાસ યાદ રાખવાની જરૂર છે કે આગામી સમય માત્ર ડિગ્રીનો નહીં, પણ ‘ડિફરન્શિએશન’ (તમે બીજાથી અલગ કેવી રીતે છો) નો છે. આથી માર્કેટના આ દરિયામાં પોતાની વેલ્યુનો ટાપુ તૈયાર કરવા માટે આપણે આપણી એક અનોખી લાક્ષણિકતા (Unique Trait) શોધીને તેને માધ્યમ બનાવવી જરૂરી છે, તે જ સફળતાની સફર છે.

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

● ધરમપુર
● નાનાપોંઢા
● કપરાડા
● મોટાપોંઢા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

## કાકડકોપર-વાજવડ માર્ગ પર મરામત કામગીરી હાથ ધરાઈ



### ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની પહેલથી ધોવાણની સમસ્યાનો ત્વરિત ઉકેલ આવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૨ :** નાનાપોંઢા તાલુકાના કાકડકોપર ગામથી વાજવડ ગામને જોડતા મહત્વપૂર્ણ માર્ગ પર તાજેતરમાં ભારે વરસાદના કારણે ધોવાણ સર્જાતા વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનો માટે અકસ્માતનો ગંભીર ભય ઉભો થયો હતો. માર્ગનો એક ભાગ ધોવાઈ જતાં રોજિંદા અવરજવર કરતા લોકો, વિદ્યાર્થીઓ તેમજ ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ અંગે સ્થાનિક ગ્રામજનોએ રજૂઆત કરતાં કપરાડા વિસ્તારના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લઈને પરિસ્થિતિનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું.

સ્થળ નિરીક્ષણ દરમિયાન માર્ગની ગંભીર સ્થિતિને ધ્યાનમાં લઈ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે તાત્કાલિક સંપર્ક સાધી જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. તેમની રજૂઆતને અનુસરી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ વિલંબ કર્યા વિના સ્થળ પર દોડી આવ્યા હતાં અને માર્ગની મરામતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી.

માર્ગની સલામતીને પ્રાથમિકતા આપતાં વિભાગના કર્મચારીઓએ ધોવાણગ્રસ્ત સ્થળે મજબૂત બોરીઓ ગોઠવી રસ્તાને જરૂરી ટેકો આપ્યો હતો. સાથે જ ફરીથી ધોવાણ ન થાય તે માટે તકેદારીના પગલાં લઈ માર્ગને સુરક્ષિત બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મરામત પૂર્ણ થતાં વાહનવ્યવહાર ફરીથી સરળ અને સુરક્ષિત બન્યો છે, જેના કારણે સ્થાનિક ગ્રામજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે સમયસર કાર્યવાહી ન કરવામાં આવી હોત તો કોઈપણ સમયે ગંભીર અકસ્માત સર્જાઈ શક્યો હોત. ધારાસભ્ય દ્વારા ત્વરિત સ્થળ મુલાકાત લઈને સંબંધિત વિભાગને સક્રિય કરાતા સમસ્યાનો ઝડપી ઉકેલ આવ્યો છે, જેના માટે ગ્રામજનોએ તેમની કામગીરીની પ્રશંસા કરી હતી. સાથે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓએ પણ ઝડપથી કામગીરી પૂર્ણ કરી માર્ગને ફરી ઉપયોગલાયક બનાવ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

ગ્રામજનોનું કહેવું છે કે ચોમાસાની ઋતુ દરમિયાન આવા માર્ગો પર સતત નજર રાખવી અને જ્યાં જરૂર પડે ત્યાં સમયસર મરામત કરવામાં આવે તો અકસ્માતો અટકાવી શકાય. આ કામગીરીથી માત્ર વાહનચાલકોને જ નહીં પરંતુ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ અને રોજિંદા મુસાફરી કરતા લોકોને પણ મોટી રાહત મળી છે.

નાનાપોંઢા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોની સુરક્ષા જળવાઈ રહે અને વરસાદી મોસમમાં ધોવાણ જેવી સમસ્યાઓનો સમયસર ઉકેલ આવે તે માટે સ્થાનિક લોકો દ્વારા પણ તંત્રને સતત સહકાર આપવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

## ધરમપુર પોલીસ લાઇનમાં વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ્ય સાથે ધરમપુર પોલીસ સ્ટેશનની પોલીસ લાઇનમાં ગુરુવારે એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પીઆઈ નિખિલ ભોયાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓએ વિવિધ જાતિના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરી પર્યાવરણ જાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પીઆઈ નિખિલ ભોયાએ જણાવ્યું હતું કે, 'પર્યાવરણ બચાવો, ભવિષ્ય સંવારો' માત્ર સૂત્ર નહીં, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. એક રોપું આજે, હરિયાળો કાલે ના સંકલ્પ સાથે દરેક વ્યક્તિએ પોતાની માતાના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું જતન કરવું જોઈએ. વૃક્ષો સ્વચ્છ હવા, પ્રાણવાયુ અને સ્વસ્થ પર્યાવરણ માટે અનિવાર્ય હોવાથી વધુમાં વધુ વૃક્ષારોપણ કરવાની તેમણે અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ વાવેલા વૃક્ષોના જતનની પ્રતિજ્ઞા લીધી હતી. સાથે જ એક રોપું, એક સંકલ્પ - હરિયાળું ધરમપુરના સંદેશ સાથે સમાજને પણ વૃક્ષારોપણ માટે પ્રેરિત કરાયા હતાં.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી દ્વારા

## વાલવેરીમાં નાગલીના ધરુની માવજાત અંગે તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૨ :** વલસાડ જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટેકપરાડા તાલુકાના સાહુડા, વાલવેરી કાકુનિયા, વિરક્ષેત અને વડોલી ગામોમાં ૧૦૦થી વધુ ખેડુતોને પ્રાકૃતિક ખેતીઅંગે તાલીમ આપીને તેમના ખેતરે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી દ્વારાનાગલી પાકમાં ઝીરો બઝેટ પ્રાકૃતિક ખેતી પધ્ધતિના અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવેલ છે. જે અંતર્ગત બીજામૃત દ્વારા બીજ માવજત આપીને નાગલીના ધરૂ તૈયાર કરેલ ધરૂની રોપણી સમયે ખેડુતોને નાગલીના ધરૂની જીવામૃતથી માવજત અંગે સમજ આપવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટી દ્વારા કપરાડા તાલુકાના વાલવેરી ગામે તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડુતોએ પણ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અપનાવવાની -તિબદ્ધતા વ્યક્ત કરી હતી . કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી દ્વારા આગામી સમયમાં પણ આદિવાસી વિસ્તારોમાં આવી જ પ્રાયોગિક તાલીમો અને માર્ગદર્શન કાર્યક્રમો યોજવામાં આવશે જેથી ખેડૂતો ઓછા ખર્ચે, ટકાઉ અને પર્યાવરણમિત્ર ખેતી અપનાવી વધુ ઉત્પાદન અને ગુણવત્તાયુક્ત પાક મેળવી શકે.

### ધો. ૬ના નવા ગણિત પાઠ્યપુસ્તક આધારિત

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં 'માસ્ટર ટેનર્સ' તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વલસાડના સહયોગથી તા. ૯ થી ૧૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તક આધારિત ત્રણ દિવસીય માસ્ટર ટ્રેનર્સ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમમાં ધરમપુર, કપરાડા, વલસાડ, વાપી, નાનાપોંઢા, પારડી અને ઉમરગામ તાલુકાના કુલ ૪૫ શિક્ષકો તથા ૫ રિસોર્સ પર્સન ઉપસ્થિત રહ્યા હતાં.





કાર્યક્રમ દરમિયાન ક્રિષ્ણાબેન દિલીપભાઈ પટેલ (બલીઠા કોળીવાડ પ્રાથમિક શાળા), કુમારી પૂજા કનકસિંહ ઠાકોર (સુકી તલાવડી પ્રાથમિક શાળા, મોગરાવાડી), ડોલી રમેશચંદ્ર મોદી (PM SHRI બિલપુડી પ્રાથમિક શાળા), ડૉ. ઉત્તમભાઈ એન. પટેલ (DIET, વલસાડ) તથા પ્રજ્ઞેશ ડી. રાઠોડ (જિલ્લા વિજ્ઞાન અધિકારી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે તાલીમાર્થીઓને ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તકના શૈક્ષણિક અભિગમથી પરિચિત કરાવવામાં આવ્યા. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-૨૦૨૦) અને ફ્ઙ્જ-૯૨ ૨૦૨૩ અનુસાર સંકલ્પનાત્મક સમજ, તાર્કિક વિચારશક્તિ, ગાણિતિક સંવાદ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ Figure it Out, Math Talk, Try This, Explore, Puzzles, Diagrams તથા Teacher's Note જેવા વિભાગોના અસરકારક ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બીજા દિવસે પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા ખોજ પરીક્ષા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (સ્સ્૫) ૨૦૨૬-૨૭ અંગે નોંધણી પ્રક્રિયા, પરીક્ષાની રચના, સમયપત્રક, શિષ્યવૃત્તિ, તથા રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ તકો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ત્રીજા દિવસે ડોલી રમેશચંદ્ર મોદી દ્વારા માહિતીના નિયોજન માટે આલેખ તથા સમમિતિ વિષયને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમજાવવામાં આવ્યો. રંગીન કાગળની મદદથી રંગોળી બનાવવી, ચોરસ કાગળમાંથી એક જ કાપમાં મધ્યભાગ અલગ કરવાની પ્રવૃત્તિ તથા વોટર કલર અને દોરીની મદદથી બે પાનાં પર સમાન પ્રતિબિંબ સર્જવાની સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સમમિતિ, સર્જનાત્મકતા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ કરવામાં આવ્યો હતો. ત્રણ દિવસીય તાલીમ દરમિયાન પાઠ આયોજન, સમૂહચર્ચા, પ્રસ્તુતિઓ, પ્રયોગો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષકોને અનુભવ આધારિત અને પ્રવૃત્તિ આધારિત ગણિત શિક્ષણ માટે સજ્જ કરવામાં આવ્યા. કાર્યક્રમનો મુખ્ય હેતુ માસ્ટર ટ્રેનર્સને ધોરણ-૬ના નવા ગણિત પાઠ્યપુસ્તકના અસરકારક અમલીકરણ માટે તૈયાર કરી શાળાકક્ષાએ ગુણવત્તાસભર, સર્જનાત્મક અને પ્રવૃત્તિ આધારિત ગણિત શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો.

## ધરમપુરની વિવિધ શાળાઓમાં ૧૧ હજાર વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર ધોડિયા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધરમપુર તાલુકાના ઓઝરપાડા, ખારવેલ, બારસોળ, રાનપાડા, બામટી, નાની વહીયાળ, કાકડકુવા, નાની ઢોલડુંગરી, મોટી ઢોલડુંગરી, વિરવલ, રાજપુરી તલાટ, તેમજ અન્ય આસપાસના ગામોની સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટીકાથી લઈ ધો. ૮ સુધીના દરેક વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ તબક્કે સમાજના ટ્રસ્ટીગણ, ગામના આગેવાનો અને શિક્ષકગણ સાથે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ ટ્રસ્ટ દ્વારા સમાજહિતને લગતી વિવિધ પ્રવૃતિઓ શરૂ કરવામાં આવી છે.

ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઇ પાનેરિયા, ટ્રસ્ટીઓ કાર્તિકભાઈ ગરાસિયા, રાહુલભાઇ પટેલ, અશ્વિનભાઇ પટેલ, આશાબેન પટેલ, અભેસિંહભાઇ પટેલ, હસુમતીબેન પટેલ, સુનિલભાઇ પટેલ, કમલેશભાઈ, નરેશભાઈ, ધીરજભાઇ, રિતેશભાઇ સાથે અન્ય ટ્રસ્ટી ઉત્તમભાઈ, સુભાષભાઈ અને જયંતિભાઈ સહિત મહાનુભાવોના હસ્તે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામના આગેવાન જિજ્ઞેશભાઈ, રાજેશભાઇ, ધીરુભાઇ, જયેશભાઈ અને પ્રમોદભાઇ વગેરેએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ ખુશીની લાગણી અનુભવી હતી.

## બાલચોંડી વિદ્યાલયમાં મોબાઇલના લાભ-ગેરલાભ અંગે માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૨ :** નાનાપોંઢા - કપરાડા તાલુકાની સુપ્રસિદ્ધ બાલચોંડી સ્થિત ચાલતી અંબેમાતા કન્યા વિદ્યાલય માં દર શનિવાર ના રોજ વ્યક્તિ વિશેષ કાર્યક્રમમાં જેમાં બાળકોનું શિક્ષક કાર્ય ન બગડે તેનું ધ્યાન રાખીને પ્રાર્થના સભામાં સાથે MPT તાસમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. અશ્વમેઘ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર



હર્ષદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને શીખવાનો શનિવાર તરીકે આયોજન કરી શિક્ષણ સાથે દર શનિવારે જુદા જુદા વ્યક્તિ વિશેષ દ્વારા જુદા જુદા વિષયો પર બાળકોને માર્ગદર્શન મળી રહે તેવા હેતુ આ કાર્યક્રમનો રહ્યો હોવાનું જાણવા મળે છે. જેમાં ગત શનિવારેના રોજ શાળાના આચાર્ય જયદીપભાઈ મહેતા, શાળાની શિક્ષિકા અંજનાબેન બિરારી અને અંકિતાબેન પટેલ દ્વારા મોબાઈલના લાભો અને ગેરલાભો અંગે ખૂબ જ વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમનું સંચાલન શાળાની શિક્ષિકા વંદનાબેન પટેલ દ્વારા કરવા માં આવ્યું હતું. આ કાર્યક્રમ શિક્ષક સ્ટાફ અને વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## કુલદેવતા બરામદેવ અંગેનું પુસ્તક હિંદીમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૨ :** ધોડિયા આદિવાસી સમાજના કુલદેવતા બરામદેવ અંગેનું પ્રા. ડૉ. અરવિંદભાઈ પટેલ કૃત મહત્વપૂર્ણ સંશોધનાત્મક પુસ્તક 'ધોડિયા આદિવાસીયો કે કુલદેવતા બરામદેવ' હવે હિન્દી ભાષામાં પ્રકાશિત થયું છે. અપુસ્તકનું વિશેષ પાસું એ છે કે તેમાં સંશોધનને આધાર આપવા માટે ૨૯ જેટલા સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રા. ડૉ. અરવિંદભાઈ પટેલ આદિવાસી સમાજના ઈતિહાસ, સંસ્કૃતિ અને લોકસાહિત્યના જાણીતા સંશોધક અને લેખક છે. તેમની અત્યાર સુધીમાં પાંચ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. નોંધનીય છે કે આ જ પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ વર્ષ ૨૦૧૭માં પ્રકાશિત થયું હતું, જેને વાચકો અને સંશોધકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. હિન્દી ભાષામાં પ્રકાશન થવાથી હવે આદિવાસી સંસ્કૃતિ અને બરામદેવ અંગેનું આ મહત્વપૂર્ણ સંશોધન દેશભરના હિન્દી વાચકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ સુધી પહોંચશે.

## નાનાપોંઢામાં ટ્રાફિકની સમસ્યા ગંભીર

નાનાપોંઢાને નવરચિત તાલુકાનો દરજ્જો મળ્યા બાદ લોકોમાં આશા હતી કે તાલુકા મથકે આધુનિક સુવિધાઓ વિકસશે, રસ્તાઓ વધુ સુવ્યવસ્થિત બનશે અને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે. પરંતુ આજે પણ નાનાપોંઢાના બિરસામુંડા સર્કલથી વાપી-કપરાડા માર્ગ પર ગંભીર ટ્રાફિક સમસ્યા યથાવત જોવા મળી રહી છે. દિવસેને દિવસે વધતા વાહનો, રસ્તાની બંને બાજુ થતા બિનઆયોજિત પાર્કિંગ, લારી-ગલ્લા અને રસ્તા પરના દબાણોના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

નાનાપોંઢા તાલુકા મથક હોવાથી અહીંથી વાપી, કપરાડા, ધરમપુર અને વલસાડ તરફ જતાં મુખ્ય માર્ગો પસાર થાય છે. સરકારી કચેરીઓ, બેંકો, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો અને બજાર વિસ્તારમાં રોજ હજારો લોકોની અવરજવર રહે છે. ઉપરાંત ભારે વાહનો, બસો, ટ્રકો, ખાનગી વાહનો અને દ્વિચક્રી વાહનોની સંખ્યા પણ સતત વધી રહી છે. આવી સ્થિતિમાં મુખ્ય માર્ગો ખુલ્લા અને અવરોધમુક્ત રહે તે અત્યંત જરૂરી છે. પરંતુ વાસ્તવિક સ્થિતિ તેના વિપરીત જોવા મળે છે. રસ્તાની બંને બાજુ આડેધડ પાર્કિંગ કરવામાં આવે છે. ઘણા વાહનચાલકો નિયમોની અવગણના કરીને વાહનો ઉભા રાખી દેતાં રસ્તો સાંકડો બની જાય છે. બીજી તરફ રસ્તાની અડોઅડ લારી-ગલ્લા અને કામચલાઉ દુકાનો ઉભી થતાં વાહનવ્યવહાર વધુ મુશ્કેલ બની જાય છે. અનેક સ્થળોએ ગ્રાહકો પણ રસ્તા પર ઊભા રહી ખરીદી કરતાં હોવાથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે અનેક વખત આ સ્થિતિના કારણે અકસ્માત થવાની ભીતિ રહે છે. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને મહિલાઓને રસ્તો પાર કરવામાં મુશ્કેલી પડે છે. ભારે વાહનો પસાર થતાં સમયે તો પરિસ્થિતિ વધુ જોખમી બની જાય છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે રસ્તાની અડોઅડ બિનકાયદેસર રીતે લારી-ગલ્લા અને દુકાનો ઉભી કરીને વેપાર કરનારાઓ સામે કાર્યવાહી કેમ થતી નથી? સ્થાનિકોમાં ચર્ચા છે કે આવા દબાણો કોના આશીર્વાદથી યથાવત રાખવામાં આવ્યા છે? જો જાહેર માર્ગ



**નાનાપોંઢાનો પત્ર**
**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

પર કાયદાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું હોય તો સંબંધિત તંત્ર દ્વારા સમયસર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તેવો સવાલ લોકો ઉઠાવી રહ્યા છે.

બીજી તરફ કાયદેસર રીતે દુકાનો બનાવી વેપાર કરતા વેપારીઓમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે. તેમનું કહેવું છે કે તેઓએ નિયમ મુજબ દુકાનો બનાવી છે, કર અને અન્ય ચાર્જ પણ ભરે છે, છતાં રસ્તા પર ગેરકાયદેસર રીતે બેસી જતા વેપારીઓના કારણે તેમના વ્યવસાયને સીધી અસર થાય છે. ગ્રાહકો રસ્તા પર આવેલી લારીઓ તરફ વળી જતા નિયમિત દુકાનદારોને આર્થિક નુકસાન સહન કરવું પડે છે. નાનાપોંઢામાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે GRD જવાનોની તૈનાતી કરવામાં આવી છે. તેમ છતાં ટ્રાફિકનું યોગ્ય નિયંત્રણ થતું ન હોવાની ફરિયાદો સતત સામે આવી રહી છે. માત્ર જવાનોની હાજરી પૂરતી નથી, પરંતુ સુવ્યવસ્થિત પાર્કિંગ વ્યવસ્થા, દબાણ દૂર કરવાની કાર્યવાહી અને નિયમોના કડક અમલની પણ જરૂરિયાત છે.

સ્થાનિક નાગરિકોનું માનવું છે કે તાલુકા મથક તરીકે નાનાપોંઢાનો વિકાસ માત્ર સરકારી કચેરીઓ ઉભી કરવાથી નહીં, પરંતુ જાહેર સુવિધાઓને અસરકારક રીતે સંચાલિત કરવાથી શક્ય બનશે. મુખ્ય માર્ગો ખુલ્લા રાખવા, ટ્રાફિકનું વૈજ્ઞાનિક આયોજન કરવું, પાર્કિંગ માટે અલગ જગ્યા નિર્ધારિત કરવી અને જાહેર માર્ગ પરના બિનકાયદેસર દબાણો દૂર કરવું સમયની માંગ બની ગઈ છે.

લોકોનો પ્રશ્ન છે કે જો જાહેર માર્ગ પર બિનકાયદેસર દબાણો થઈ રહ્યા હોય તો તેની જવાબદારી કોની? શું સ્થાનિક તંત્ર, પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ કે ગ્રામ પંચાયત - આ સમસ્યાના નિરાકરણ માટે જવાબદારી કોણ સ્વીકારશે ?

સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ અનેક વખત મૌખિક તથા લેખિત રજૂઆતો કરી હોવાનો દાવો કર્યો છે. છતાં સમસ્યાનો કાયમી ઉકેલ હજુ સુધી આવ્યો નથી. જો સમયસર યોગ્ય આયોજન નહીં કરવામાં આવે તો આગામી સમયમાં વધતા વાહનોને કારણે ટ્રાફિકની સ્થિતિ વધુ વિકટ બની શકે છે.નાનાપોંઢા તાલુકા મથક તરીકે ઝડપથી વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે.

તેથી હવે જરૂરી છે કે સંબંધિત વિભાગો સંકલનથી કામગીરી કરે, જાહેર માર્ગો પરના ગેરકાયદેસર દબાણો દૂર કરે, પાર્કિંગની વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરે અને ટ્રાફિક નિયમોનો કડક અમલ કરાવે. સુરક્ષિત અને સુવ્યવસ્થિત માર્ગ વ્યવસ્થા દરેક નાગરિકનો અધિકાર છે, અને તેનું જતન કરવું સંબંધિત તંત્રની ફરજ પણ છે.

## નાનાપોઢા, કપરાડા અને ધરમપુરમાં વ્યાજખોરીનું વધતું જાળું!

### આદિવાસી સમાજને બચાવવા હવે કડક તપાસ અને કાર્યવાહી જરૂરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૦૯ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા, કપરાડા અને ધરમપુર તાલુકા રાજ્યના સૌથી મોટા આદિવાસી વિસ્તારોમાં ગણાય છે. સરકાર દ્વારા આ વિસ્તારોના વિકાસ માટે દર વર્ષે કરોડો રૂપિયાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. શિક્ષણ, આરોગ્ય, આવાસ, માર્ગ, પીવાનું પાણી, સ્વરોજગાર અને મહિલાઓના સશક્તિકરણ માટે અનેક યોજનાઓ કાર્યરત છે. છતાં આજે આ જ વિસ્તારમાં એક એવી ગંભીર સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરતી જોવા મળી રહી છે, જે આદિવાસી પરિવારોના આર્થિક અને સામાજિક ભવિષ્ય માટે ચિંતાજનક બની રહી છે. આ સમસ્યા છે ગેરકાયદેસર વ્યાજખોરી, અનિયંત્રિત ગ્રાહક લોન, ભ્રામક હપ્તા યોજનાઓ અને દેવાના વધતા જાળાની.

ગામડાઓમાં આજે એવી સ્થિતિ સર્જાઈ રહી છે કે અનેક પરિવારો પર એક સાથે બે, ત્રણ કે તેથી વધુ લોન ચાલી રહી છે. મોબાઈલ ફોન, બાઈક, ટીવી, ફ્રિજ, વોશિંગ મશીન, ફર્નિચર અને અન્ય ઘરવપરાશની વસ્તુઓ માત્ર આધાર કાર્ડ, ઝડપી મંજૂરી, સરળ હપ્તા, ઓછા દસ્તાવેજો જેવી આકર્ષક જાહેરાતો દ્વારા વેચવામાં આવે છે. શરૂઆતમાં હપ્તા સરળ લાગે છે, પરંતુ સમય જતાં વ્યાજ, દંડ અને અન્ય ચાર્જ ઉમેરાતા સામાન્ય પરિવાર માટે તે મોટો બોજ બની જાય છે.

ખાસ કરીને આદિવાસી મહિલાઓને વિવિધ યોજનાઓના નામે લોન અપાવવાની રજૂઆતો પણ સ્થાનિક સ્તરે થઈ રહી છે. મહિલાના નામે વસ્તુઓ ખરીદાય છે, પરંતુ તેની ચુકવણી આખા પરિવારને કરવી પડે છે. જ્યારે આવક મર્યાદિત હોય ત્યારે હપ્તા ભરવા મુશ્કેલ બને છે અને પરિવાર દેવાના ચક્રમાં ફસાઈ જાય છે.

ચિંતાજનક બાબત એ છે કે ગ્રામ્ય વિસ્તારોમાં કેટલીક ખાનગી નાણાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા લોકો સમાજમાં વિશ્વાસ ઉભો કરવા માટે સામાજિક કાર્યક્રમો, ધાર્મિક પ્રસંગો, જાહેર સન્માન સમારંભો, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ પ્રકારના દાનમાં સક્રિય જોવા મળે છે તેવી ચર્ચાઓ સ્થાનિક સ્તરે થાય છે. સમાજસેવાના આવા કાર્યો ઘણા લોકો નિઃસ્વાર્થ ભાવથી કરતા હોય છે, પરંતુ જો કોઈ વ્યક્તિ કે જૂથ આ વિશ્વાસનો ઉપયોગ ગેરકાયદેસર નાણાકીય પ્રવૃત્તિઓ માટે કરતું હોય તો તે અત્યંત ગંભીર બાબત છે. આવા આક્ષેપોની સત્યતા માત્ર સત્તાવાર તપાસથી જ સ્પષ્ટ થઈ શકે. સ્થાનિક લોકોમાં એવી પણ માંગ ઉઠી રહી છે કે ગેરકાયદેસર વ્યાજખોરીના જાળાને કેટલાક પ્રભાવશાળી લોકોનું પરોક્ષ રક્ષણ મળતું હોવાના આક્ષેપોની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. જો કોઈપણ પોલીસ કર્મચારી, સરકારી અધિકારી, રાજકીય હોદ્દેદાર, સ્થાનિક આગેવાન અથવા અન્ય કોઈ પ્રભાવશાળી વ્યક્તિ પોતાના હોદ્દા કે પ્રભાવનો દુરુપયોગ કરીને ગેરરીતિઓને પ્રોત્સાહન આપતો હોય અથવા આંખ આડા કાન કરતો હોય, તો તેના વિરુદ્ધ પણ કાયદા મુજબ કાર્યવાહી થવી જોઈએ. જોકે આવા તમામ મુદ્દાઓ અંગે અંતિમ નિષ્કર્ષ માત્ર સત્તાવાર તપાસ બાદ જ કાઢી શકાય.

આજે અનેક પરિવારો પોતાના માસિક હપ્તા ભરવા માટે બીજી જગ્યાએથી લોન લે છે. એક દેવું ચૂકવવા માટે બીજું દેવું લેવાની પરિસ્થિતિ ઉભી થાય છે. પરિણામે તેઓ ક્યારેય દેવામાંથી બહાર આવી શકતા નથી. આવા સંજોગોમાં બાળકોના શિક્ષણ, આરોગ્ય, ખેતી અને રોજિંદા જીવન પર સીધી અસર પડે છે. સ્થાનિક સ્તરે એવી રજૂઆતો પણ થઈ રહી છે કે કેટલાક લોકો લોન લેતી વખતે તમામ દસ્તાવેજો વાંચ્યા વગર સહી કરી દે છે. તેમને કુલ ચૂકવવાની રકમ, વ્યાજદર, દંડ, વસૂલાતની પ્રક્રિયા અથવા કાનૂની અધિકારો વિશે પૂરતી માહિતી આપવામાં આવતી નથી. જો આવું બનતું હોય તો તે ગ્રાહક હિતના દૃષ્ટિકોણથી ગંભીર બાબત છે.

આર્થિક તંગી માત્ર બેંક ખાતા સુધી મર્યાદિત રહેતી નથી. તે પરિવારના સંબંધોમાં તણાવ, ઘરેલુ વિવાદ, માનસિક અસ્વસ્થતા અને સામાજિક અસુરક્ષાને જન્મ આપી શકે છે. કેટલીક દુઃખદ ઘટનાઓ પાછળ આર્થિક સંકટ પણ એક પરિબળ હોઈ શકે છે, પરંતુ દરેક ઘટનાની હકીકત અલગ હોય છે અને તેની પુષ્ટિ સત્તાવાર તપાસ પછી જ થઈ શકે. આ સમગ્ર મુદ્દે જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, સંબંધિત નાણાકીય નિયમનકારી સંસ્થાઓ અને ગ્રાહક સુરક્ષા તંત્રએ સંયુક્ત અભિયાન ચલાવવું જોઈએ. વિસ્તારમાં કાર્યરત તમામ ખાનગી ફાઇનાન્સ કંપનીઓ, એજન્ટો, ગેરબેંકિંગ નાણાકીય પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર વ્યાજખોરી કરતા તત્વોની કાયદેસર ચકાસણી થવી જોઈએ. જ્યાં ગેરરીતિ જણાય ત્યાં કડક અને પારદર્શક કાર્યવાહી થવી જોઈએ.

આ સાથે આદિવાસી વિસ્તારોમાં વ્યાપક નાણાકીય સાક્ષરતા અભિયાન શરૂ કરવાની પણ જરૂર છે. ગ્રામસભાઓ, શાળાઓ, કોલેજો, મહિલા મંડળો, સ્વસહાય જૂથો અને યુવા મંડળો દ્વારા લોકોને સમજાવવું જોઈએ કે કોઈપણ લોન લેતા પહેલાં તમામ શરતો વાંચવી, વ્યાજદર સમજવો અને પોતાની ચૂકવણી કરવાની ક્ષમતાનો વિચાર કરવો જરૂરી છે. સરકારે સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ, કૃષિ આધારિત નાના ઉદ્યોગો, વનઉત્પાદન આધારિત રોજગાર અને સ્થાનિક રોજગારીની તકો વધારવા પર વધુ ભાર મૂકવો જોઈએ. આર્થિક રીતે મજબૂત સમાજ જ દેવાના ચક્રમાંથી બહાર આવી શકે છે.

સમાજના આગેવાનો, શિક્ષકો, વકીલો, પત્રકારો, સામાજિક સંસ્થાઓ અને જાગૃત યુવાનો પણ આ મુદ્દે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. લોકોમાં કાનૂની જાગૃતિ લાવવી, યોગ્ય સલાહ આપવી અને જરૂરિયાતમંદ પરિવારોને કાયદેસર સહાય ઉપલબ્ધ કરાવવી એ પણ સમાજની સામૂહિક જવાબદારી છે.

સમય આવી ગયો છે કે આ સમગ્ર મુદ્દાને ગંભીરતાથી લેવામાં આવે. જો ગેરકાયદેસર વ્યાજખોરીનું જાળું ખરેખર ફેલાઈ રહ્યું હોય તો તેનો અંત આવવો જોઈએ. જો લોકો માહિતીના અભાવે નુકસાન ભોગવી રહ્યા હોય તો તેમને યોગ્ય માર્ગદર્શન મળવું જોઈએ. જો કોઈ ગેરરીતિ ન હોય તો તે પણ પારદર્શક તપાસ દ્વારા સ્પષ્ટ થવું જોઈએ. સત્ય સામે આવવું એ જ લોકશાહી અને કાયદાના શાસનની સૌથી મોટી શક્તિ છે.

નાનાપોઢા, કપરાડા અને ધરમપુર જેવા આદિવાસી વિસ્તારોના લોકો આજે માત્ર એક જ માંગ કરી રહ્યા છે. નિષ્પક્ષ તપાસ, કડક કાયદેસર કાર્યવાહી અને પારદર્શક નાણાંકીય વ્યવસ્થા. વિકાસનો સાચો અર્થ ત્યારે જ સાકાર થશે જ્યારે સમાજનો સૌથી નબળો વર્ગ પણ દેવાના ડર વગર, સુરક્ષિત, સશક્ત અને આત્મનિર્ભર જીવન જીવી શકશે.

જાહેર હિત નોંધ : આ સંપાદકીય લેખનો હેતુ જાહેર હિતના મુદ્દા પર ચર્ચા અને સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ તપાસની માંગ રજૂ કરવાનો છે. લેખમાં દર્શાવાયેલા મુદ્દાઓ સ્થાનિક સ્તરે થતી રજૂઆતો અને ચિંતાઓના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યા છે. કોઈપણ વ્યક્તિ, સંસ્થા અથવા હોદ્દેદાર સામેના આક્ષેપોનો અંતિમ નિષ્કર્ષ માત્ર સત્તાવાર તપાસ અને કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કાઢી શકાય.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Monday 13, July 2026

## સમસ્યાની સૌને જાણ છે, ઉકેલ શું ?

દેશ-દુનિયામાં એવા અનેક મુદ્દા છે જે સમસ્યા-પ્રશ્નમાં ફેરવાઈ જાય ત્યાં સુધી કોઈને તેની જાણ થતી નથી. તેના ઉકેલની દિશામાં પ્રયાસ પછી શરૂ થાય છે. સૌરાષ્ટ્રમાં એક એવી સમસ્યા છે જેની સૌને જાણ છે, તેની સર્વત્ર ચર્ચા થાય છે, પરંતુ તેનો ઉકેલ નથી આવતો. સિંહ અને માનવનું સહઅસ્તિત્વ ફરી ચર્ચાની એરણે છે. સિંહ કે દીપડાનો માનવ ઉપર હુમલો કે માણસ દ્વારા સિંહની રંજાડ, કંઈ પણ હોય વાત ફરી-ફરીને એકની એક રહે છે. સિંહોનો ગ્રામ્ય વિસ્તારમાં વધતો વિહાર અને વનમાં માનવીઓનું વધતું ભ્રમણ બંને બાબતો હવે સ્વયંસ્પષ્ટ છે છતાં આ પ્રશ્નનો ઉકેલ આવતો નથી. પાલીતાણાના ગરાજિયા ગામે બનેલી ઘટના રાષ્ટ્રીય માધ્યમોનો વિષય બની. કાળુભાઈ નામના માલધારી ઉપર સિંહે હુમલો કર્યો, તેમને પછાડયા અને પછી તે તેમની ઉપર બેસી ગયો. ૩૦ મિનિટ સુધી આ ખેલ ચાલ્યો. સામાન્ય રીતે તો પરિણામ એ જ આવે કે સિંહ માનવીને ખાઈ જાય, પરંતુ અહીં આ?ર્ય થાય તેવી ઘટના બની, સિંહે માણસને છોડી દીધો. સ્વાભાવિક રીતે તે દિવસ માટે તો એ જ અગત્યનો બનાવ હતો. સવાલ એ ઊઠે છે કે, ભાવનગર વિસ્તારમાં પણ સિંહોની સંખ્યા અને તેનો વિહાર વધ્યો છે. સિંહ માનવી ઉપર હુમલો કરે તેવી ઘટનાઓની સંખ્યા વધી છે. સાસણ સિવાયના વિસ્તારમાં આવું વધારે થાય છે. પાલીતાણામાં પાવન પર્વત શેત્રુંજયના પગથિયે પણ સિંહની લટાર સામાન્ય ક્રમ બનતી જાય છે. આ ઘટના પછી તાલાલા પાસે એક વિદ્યાર્થીને સિંહે ફાડી ખાધો, ગુરુવારે પણ એવો બનાવ બન્યો. બુધવારે સિંહ-સિંહણ બંનેએ માણસ ઉપર હુમલો કર્યો, પરંતુ તેનું તો કારણ એ હતું કે, સિંહ યુગલ સંવનનમાં હતું તેમાં એ વ્યક્તિએ ખલેલ પહોંચાડી હતી. મધ્ય ગીર સિવાયના વિસ્તારમાં ગામમાં, નગરની નજીક સિંહ પહોંચે છે. મારણ કરે છે આ હવે સાધારણ વાત છે. વર્ષોથી એક જ વાત થાય છે કે, સિંહને જંગલ ટૂંકું પડે છે. ૧૦૦૦૦ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલું ગીર અત્યારે ૩૦૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયું છે. જંગલ નાનું પડતું હોવાના કારણમાં સિંહની વધતી સંખ્યા-વસતી છે. બીજું મહત્ત્વનું કારણ જંગલ વિસ્તારમાં માનવીઓની, વાહનોની આવન-જાવનમાં થયેલો વધારો, જંગલ વિસ્તારમાં હોટલ-રિસોર્ટમાં થતો વધારો છે તે વાત પણ નવી નથી. સિંહ સંવર્ધન માટે વનવિભાગના પ્રયાસ ઓછા નથી, પરંતુ પ્રવાસીઓ માટે જે મજા છે તે ગીર આસપાસના રહેવાસીઓ માટે સજા છે. પ્રશ્ન ત્યાં આવે છે કે, ગામમાં કે કોઈ ઝૂંપડાંમાં સિંહ વારંવાર ત્રાટકે ત્યારે શું કરવું? પાલિતાણા વિસ્તારના એક ગામના સરપંચે પૂછ્યું જ છે કે, માણસ સિંહને મારે તો સજા છે, સિંહ માણસને મારી જાય તેનું શું કરવાનું માનવ અને સિંહના સહઅસ્તિત્વ માટે સૌરાષ્ટ્રનું દષ્ટાંત અત્યાર સુધી અપાય છે. એકાદ-બે ઘટના બને એટલે આ દષ્ટાંત ખોટું પણ નથી પડી જતું પરંતુ માનવ વસાહત તરફ સિંહનું આવી ચડવું, હુમલા કરવા જેવી ઘટનાનું કાયમી નિરાકરણ થાય તે જરૂરી છે. સમસ્યાની સૌને જાણ છે, ઉકેલ શું ?

દમણગંગા ટાઈમ્સ
NEWS CORPORATE NEWS

## સ્વરાજે ગુજરાતમાં નવું ટ્રેક્ટર રજૂ કર્યું

**સુરત, તા. ૧૨ :** મહિન્દ્રા ગ્રુપનું એક ડિવિઝન અને ભારતની અગ્રણી ટ્રેક્ટર બ્રાન્ડ્સમાંની એક સ્વરાજ ટ્રેક્ટર્સે આજે ગુજરાતમાં પોતાના સંપૂર્ણ નવા PROTEK ટ્રેક્ટરના લોન્ચની જાહેરાત કરી છે. પ્રાઇઝ રેન્જ રૂા. ૯.૪૫ લાખથી રૂા. ૧૦.૪૫ લાખછે. સ્વરાજ ૮૫૫ PROTEK ટ્રેક્ટર 2WD અને 4WD એમ બંને વિકલ્પોમાં ઉપલબ્ધ રહેશે. તેમાં ૧૨ ફોરવર્ડ અને ૩ રિવર્સ સહિત અનેક સ્પીડ વિકલ્પો ઉપલબ્ધછે. તેની POWER-SENSE લિફ્ટ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ ૨,૫૦૦ કિલોગ્રામ લિફ્ટિંગ ક્ષમતા ધરાવે છે. આ સ્વરાજ PROTEKમાં તેની શ્રેણીમાં શ્રેષ્ઠ ૭૦ લિટરની ફાઈબર ફ્યુઅલ ટાંકી અને ૫૦૦ કલાકનું લાંબું સર્વિસ ઈન્ટરવલ આપવામાં આવ્યું છે.

# અમેરિકાએ ઈરાનના ૧૪૦ થી વધુ લશ્કરી ઠેકાણાઓ પર હુમલા કર્યા



### ઈરાને UAE, કતાર, બહેરીન અને જોર્ડનમાં અમેરિકી એરબેઝ પર મિસાઈલો તથા ડ્રોન છોડ્યા : છેલ્લા ૩ દિવસમાં ૩૦૦ થી વધુ લશ્કરી ઠેકાણાઓ નિશાન બન્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**તેહરાન, તા.૧૨ :** અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિની તમામ આશાઓ ફરી એકવાર રોળાઈ ગઈ છે. બંને દેશો વચ્ચે કોઈ ડીલ પાકી થાય તે પહેલાં જ ફરી એકવાર ભયાનક સૈન્ય સંઘર્ષ શરૂ થઈ ગયો છે. ઈરાન દ્વારા હોર્મુઝની ખાડીમાં એક કન્ટેનર જહાજ M/V GFS Galaxy ને નિશાન બનાવવામાં આવ્યા બાદ, અમેરિકાએ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર ઈરાન વિરૂદ્ધ જોરદાર જવાબી કાર્યવાહી શરૂ કરી છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ એક જ સપ્તાહમાં ત્રીજી વખત ઈરાન પર મોટા હવાઈ હુમલા કર્યા છે. જેમાં ઈરાનના ૧૪૦ થી વધુ લશ્કરી ઠેકાણાઓને ધ્વસ્ત કરી દેવામાં આવ્યા છે. આ હુમલા બાદ સમગ્ર ખાડી વિસ્તારમાં યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે.


અમેરિકાના આકરા પ્રહાર બાદ ઈરાને પણ તુરંત જ જવાબી મોરચો ખોલી દીધો છે. ઈરાને સંયુક્ત આરબ અમીરાત (UAE), કુવૈત, કતાર અને બહેરીન તરફ મિસાઈલો અને ડ્રોન છોડ્યા છે. UAE એ જણાવ્યું કે તેની એર ડિફેન્સ સિસ્ટમ ઈરાની મિસાઈલોને હવામાં જ તોડી પાડવા માટે સક્રિય થઈ ગઈ છે. જેના કારણે સમગ્ર દેશમાં પ્રચંડ ધડાકા સંભળાયા હતા. કતાર અને બહેરીનમાં પણ કટોકટીની સ્થિતિ જાહેર કરીને નાગરિકોને તુરંત જ સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવા માટે સાયરન વગાડવામાં આવ્યા છે. આ ઉપરાંત ઓમાનના દુક્મ પોર્ટ પર પણ હુમલો કરાયો હોવાના અહેવાલ છે.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેમણે ઈઝરાયલના પડોશી દેશ જોર્ડનમાં આવેલા પ્રિન્સ હસન એરબેઝ સ્થિત અમેરિકી સૈન્ય સુવિધાઓ પર અનેક બેલિસ્ટિક મિસાઈલો છોડી છે.

આ હુમલામાં અમેરિકાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને મિલિટરીના અત્યાધુનિક MQ-9 ડ્રોન રાખવાના હેંગરને ભારે નુકસાન પહોંચાડવાનો દાવો કરાયો છે. જોકે આ દાવાની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ દિવસની સળંગ કાર્યવાહીમાં ઈરાનના ૩૦૦ થી વધુ મિલિટરી લોકેશન્સને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. તાજેતરના હુમલામાં ઈરાનના મિસાઈલ લોન્ચિંગ સાઈટ્સ, ડ્રોન ડેપો, નેવી બેઝ, હથિયાર ભંડાર અને કમ્યુનિકેશન નેટવર્કને ભારે નુકસાન પહોંચ્યું છે. ઈરાનના સરકારી મીડિયા મુજબ હોર્મોઝગાન અને બુશેહર પ્રાંતના જાસ્ક, અસાલુયેહ અને કંગાન જેવા વિસ્તારોમાં ૧૦ થી વધુ પ્રચંડ વિસ્ફોટો સંભળાયા છે.

# હોર્મુઝ સ્ટ્રેટ પાસે GFS ગેલેક્સી પર હુમલો



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૨ :** મિડલ ઈસ્ટમાં સમુદ્રી રૂટ પર જારી તણાવ વચ્ચે ઓમાની દરિયાકાંઠે એક વાણિજ્ય જહાજ પર હુમલા બાદ ભારત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં ઓમાન દરિયાકાંઠા પર કોમર્શિયલ જહાજ GFS ગેલેક્સી પર હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે.

આ હુમલાએ ભારતની ચિંતા વધારી છે કારણ કે તેમાં ભારતીય નાગરિક સવાર હતા. વિદેશ મંત્રાલય પ્રમાણે હુમલો થવાની સાથે રાહત અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું. જહાજ પર સવાર કુલ ૧૧ ભારતીય નાગરિકોમાંથી ૧૦ને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. દુખદ વાત છે કે ૧ ભારતીય નાગરિક હજુ લાપતા છે, જેને શોધવા માટે ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ દરેક સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ભારતીય રાજદ્વારીઓ ઓમાનના અધિકારીઓ અને સ્થાનીક તંત્ર સાથે મળી લાપતા નાગરિક માટે સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનને સતત કોઓર્ડિનેટ કરી રહ્યાં છે. ભારત સરકારે સંકટના આ સમયમાં ત્વરિત સહાયતા અને સહયોગ આપવા માટે ઓમાન સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો છે.

આ ખતરનાક ઘટના રવિવારે હોર્મુઝ સ્ટ્રેટની પાસે બની. આ સમુદ્રી માર્ગ દુનિયાના તેલ વ્યાપાર માટે લાઈફલાઈન માનવામાં આવે છે. આ હુમલા બાદ ભારતીય વિદેશ મંત્રાલયે વૈશ્વિક મંચ પર પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે અમે ઓમાનના દરિયાકાંઠા નજીક કોમર્શિયલ જહાજ GFS ગેલેક્સી પર હુમલાની નિંદા કરીએ છીએ. આ વિસ્તારમાં વાણિજ્યિક જહાજો અને નાગરિકોના આંતરમાળખાને નિશાન બનાવવું તત્કાલ બંધ થવું જોઈએ. આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે આ આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા કોઈ વિઘ્ન વગર વ્યાપાર અને જહાજોની અવરજવર જલ્દી બહાલ કરવી જોઈએ.

# અમરનાથ યાત્રા સમયે જ, પહેલગામ-શાંગુસમાં વાદળ ફાટ્યું

### હોટલમાં રોકાયેલા તમામ પ્રવાસીઓ સંપૂર્ણપણે સુરક્ષિત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**જમ્મુ, તા.૧૨ :** ગઈકાલ શનિવારની રાત્રીએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં વાદળ ફાટવાથી, એકાએક ધસી આવેલા પાણીના પ્રવાહથી પૂરની સ્થિતિ સર્જાઈ હતી. વાદળ ફાટવાને કારણે આવેલા પૂરમાં અનેક હોટલો અને ઘરો ડૂબી ગયા હતા.



કાશ્મીરના અધિકારીઓએ જણાવ્યું હતું કે, દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સ્થિત પહેલગામના અવુરા અને દેહવાથુ જંગલ વિસ્તારોમાં વાદળ ફાટતા અતિ ભારે વરસાદ પડ્યો હતો. દરમિયાન, ચિત્રગુલના ઉપરના ભાગમાં વાદળ ફાટવાથી અર્પટ ચિત્રગુલ-શાંગુસના પ્રવાહમાં એકાએક વધારો થયો હતો.

તેમણે અહેવાલ આપ્યો હતો કે, વાદળ ફાટવાથી અવુરા પ્રવાહમાં અચાનક પૂર આવ્યું હતું, અને વધતા જતા પાણીને કારણે ઓછામાં ઓછી છ હોટલો ડૂબી જવા માપી હતી. જો કે, હોટલમાં રોકાયેલા તમામ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા અને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

આ વિસ્તારના ઘણા ઘરો પૂરથી પ્રભાવિત થયા હતા. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે કોઈ જાનહાનિના અહેવાલ નથી, અને વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

વાદળ ફાટવાના કારણે પહેલગામમાં અવુરાના પાણીના સ્તરમાં ઝડપથી વધારો થયો. ઘણી હોટલો અને અન્ય ઈમારતોમાં પાણી જમા થયું છે. તે જ સમયે, ચિત્રગુલ (અનંતનાગ જિલ્લો, દક્ષિણ કાશ્મીર) ના ઉપરના ભાગમાં વાદળ ફાટવાથી અર્પટ ચિત્રગુલ-શાંગુસ પ્રવાહમાં અચાનક પૂર આવ્યું.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, તમામ સંબંધિત વિભાગોને એલર્ટ કરવામાં આવ્યા છે અને હવામાનને લઈને ઉચ્ચ ચેતવણી જાહેર કરવામાં આવી છે. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે સંવેદનશીલ વિસ્તારોમાં બચાવ અને દેખરેખ ટીમો તૈનાત કરવામાં આવી છે. બધા પ્રવાસીઓ સંપૂર્ણપણે સુરક્ષિત

પહલગામમાં અવુરાના પાણીના સ્તરમાં અચાનક વધારો થવાથી થોડા સમય માટે વિસ્તારમાં ગભરાટનું વાતાવરણ સર્જાયું હતું. જો કે, પ્રવાહના કિનારે આવેલી હોટલમાં રોકાયેલા તમામ પ્રવાસીઓ સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યા. સૂત્રો જણાવે છે કે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન શરૂ કરવામાં આવ્યું છે. સદનસીબે, આ અહેવાલ લખાય ત્યાં સુધીમાં જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા ન હતા.

# તમિલનાડુમાં AIADMK ના ૧૦ ધારાસભ્યો રાજીનામું ધરશે!

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ચેન્નઈ, તા.૧૨ :** તમિલનાડુના રાજકારણમાં આ સમયે એક બહુ મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની સત્તાધારી પાર્ટી તમિલગા વેત્રિ કઝગમ (TVK) વિધાનસભામાં બહુમતીના આંકડા તરફ મજબૂતીથી વધી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય વિપક્ષી પાર્ટી એઆઈએડીએમકે (AIADMK) ના આશરે ૧૦ જેટલા અસંતુષ્ટ ધારાસભ્યો વિધાનસભા સભ્યપદેથી રાજીનામું આપીને ૧૫ ઓગસ્ટ પહેલાં સત્તાવાર રીતે શાસક પક્ષ TVK માં સામેલ થઈ શકે છે. મુખ્યમંત્રી વિજયની પાર્ટીમાં આ સમગ્ર યોજનાને ઓપરેશન એલ નામ આપવામાં આવ્યું છે.

સૂત્રોનું કહેવું છે કે ધારાસભ્યોના રાજીનામાનું ટાઈમિંગ ખૂબ જ સમજી-વિચારીને નક્કી કરવામાં આવ્યું છે, કારણ કે ટૂંક સમયમાં જ ચૂંટણી પંચ પેટાચૂંટણીની જાહેરાત કરી શકે છે. મુખ્યમંત્રી વિજયની વ્યૂહરચના અન્ય પક્ષો કરતાં અલગ છે. તેઓ જથ્થાબંધ દલબદલ કરાવવાના બદલે તબક્કાવાર નેતાઓને સામેલ કરી રહ્યા છે. આ સાથે જ તેઓ એ વાત પર અડગ છે કે કોઈ પણ વિપક્ષી ધારાસભ્યને ચાલુ પદે પક્ષમાં લેવામાં આવશે નહીં; તેમણે પહેલા ધારાસભ્ય પદેથી રાજીનામું આપવું પડશે અને પેટાચૂંટણી દ્વારા જનતાની વચ્ચે જઈને નવો જનાદેશ મેળવવો પડશે. રાજીનામું આપનારા નેતાઓને પેટાચૂંટણીમાં TVK ની ટિકિટ આપવાનું અને જીત્યા બાદ કેબિનેટ મંત્રી પદ તેમજ સંગઠનમાં મોટા હોદ્દા આપવાનું વચન અપાયું છે.

૨૩૪ સભ્યોની તમિલનાડુ વિધાનસભાની વર્તમાન ક્ષમતા ૨૨૭ ધારાસભ્યોની છે, જ્યારે ૭ બેઠકો ખાલી છે. હાલમાં સત્તાધારી ફ્દ્ધ પાસે ૧૦૭ ધારાસભ્યો છે. બીજી તરફ, વિપક્ષી AIADMK માં સતત પડી રહેલા ગાબડાંને કારણે ધારાસભ્યોની સંખ્યા ઘટીને માત્ર ૪૧ થઈ ગઈ છે. તાજેતરમાં જ પૂર્વ મંત્રી સી. વિજયભાસ્કર, એમ. આર. વિજયભાસ્કર, એમ.એસ.એમ. આનંદન અને એસ. વલારમથી જેવા દિગ્ગજો પણ વિજયની પાર્ટીમાં જોડાઈ ચૂક્યા છે. અંદરની વાત મુજબ, હવે પછીના જૂથમાં AIADMK ના શક્તિશાળી ક્ષેત્રિય નેતાઓ એસ. પી. વેલુમણિ અને સી. વી. શણમુગમના નજીકના નેતાઓ સામેલ છે, અને જુલાઈના અંત કે ઓગસ્ટની શરૂઆતમાં આ બંને દિગ્ગજો પોતે પણ TVK નો દામન થામી શકે છે.

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ તમામ અવરજવર માટે બંધ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**તેહરાન, તા.૧૨ :** અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ફરી ખતરનાક સ્થિતિમાં પહોંચી ગયો છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં એક કારોબારી જહાજ પર હુમલા બાદ અમેરિકાએ રવિવારે ઈરાન પર આ સપ્તાહની ત્રીજી સૈન્ય કાર્યવાહી શરૂ કરી દીધી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ કહ્યું કે આ કાર્યવાહી ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા સાઈપ્રસના ધ્વજવાળા કન્ટેનર જહાજ/વી જીએફએસ ગેલેક્સી પર હુમલાના જવાબમાં કરવામાં આવી.

CENTCOM પ્રમાણે ભારતીય સમયાનુસાર કાર્યવાહી રવિવારે રાત્રે શરૂ થઈ છે. હુમલામાં જહાજમાં આગ લાગી અને એન્જિનને ભારે નુકસાન પહોંચ્યું, જેના કારણે તે યાત્રા કરવાની સ્થિતિમાં ન રહ્યું. ચાલક દળનો એક સભ્ય લાપતા હોવાનું પણ સામે આવ્યું છે. અમેરિકાના રક્ષામંત્રી પીટ હેગસેથએ કહ્યુ- ઈરાને ખોટો નિર્ણય લીધો, હવે તેણે તેની કિંમત ચુકવવી પડશે.

ઈરાનની સરકારી પ્રસારક આઈઆરઆઈબી અનુસાર અમેરિકી હુમલા બાદ અસાલુયેહ, પોર્ટ અબ્બાસ, સીરિક, બંદર દેયર અને ચાહબાર સહિત ઘણા શહેરોમાં જોરદાર વિસ્ફોટોનો અવાજ સાંભળવા મળ્યો છે. અલગ-અલગ સ્થાનો પર ધમાકાની પુષ્ટિ પણ કરવામાં આવી છે. આ પહેલા રવિવારે IRGC એ દાવો કર્યો હતો કે એક જહાજે ટ્રેકિંગ સિસ્ટમ બંધ કરી મંજૂરી વગર નક્કી માર્ગમાંથી પસાર કરવાનો પ્રયાસ કર્યો અને ચેતવણી છતાં માર્ગ બદલ્યો નહીં. ત્યારબાગ તેના પર ચેતવણી સ્વરૂપ ફાયરિંગ કરવામાં આવ્યું. ઈરાને આ સાથે આગામી આદેશ સુધી સ્ટ્રેટ ઓફ હોર્મુઝને તમામ અવરજવર માટે બંધ કરવાની જાહેરાત કરી દીધી છે. ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકાએ આ ઘટનાને આધાર બનાવી ફરી હુમલો કર્યો તો ક્ષેત્રમાં આવેલા તમામ અમેરિકી કેમ્પને નિશાન બનાવવામાં આવશે.

અમેરિકાએ શનિવારે ઈરાનને જાહેર રૂપથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા અને કારોબારી જહાજો પર હુમલા રોકવાનો પ્રસાય કર્યો હતો. આ વચ્ચે ઈરાને સ્પષ્ટ કર્યું કે અમેરિકા પહેલા હોર્મુઝ અને તેલ નિકાસની જૂની સમજુતિનું પાલન કરે, ત્યારે આગળ વાતચીત સંભવ થશે. સતત થઈ રહેલા હુમલા અને જવાબી કાર્યવાહીથી વૈશ્વિક તેલ બજારમાં પણ ચિંતા વધી ગઈ છે.

# કેન્દ્ર સરકારે ચોમાસુ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવી

**(જી.એન.એસ) તા. ૧૨**
**નવી દિલ્હી,** કેન્દ્ર સરકારે સંસદના ચોમાસુ સત્ર શરૂ થવાના એક દિવસ પહેલા ૧૯ જુલાઈના રોજ સર્વપક્ષીય બેઠક બોલાવી છે, જેમાં સરકારના કાયદાકીય કાર્યક્રમની ચર્ચા કરવામાં આવશે અને સત્ર દરમિયાન ઉઠાવવામાં આવનારી વિપક્ષી પાર્ટીઓની ચિંતાઓ સાંભળવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, આ બેઠક સવારે ૧૧ વાગ્યે શરૂ થશે અને દરેક સંસદ સત્ર પહેલાં રાજકીય પક્ષો સાથે પરામર્શ કરવાની સામાન્ય પ્રથાને અનુસરશે. સરકાર જે બિલ રજૂ કરવાની યોજના ધરાવે છે તેના પર નેતાઓને માહિતી આપે તેવી અપેક્ષા છે, જ્યારે વિરોધ પક્ષો બંને ગૃહોમાં ચર્ચા કરવા માંગતા મુદ્દાઓને પ્રકાશિત કરે તેવી શક્યતા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના બંને ગૃહોને બોલાવવાની સરકારની ભલામણને મંજૂરી આપ્યા પછી ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે. ૮ ના શેડ્યૂલની જાહેરાત કરતા, કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સત્ર રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચાઓ, ચર્ચાઓ અને નિર્ણયો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# મુંબઈની તાજ હોટેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૧૨ :** મુંબઈની તાજ હોટેલમાં બોમ્બ હોવાની ધમકી આપવામાં આવી છે. રવિવારે (૧૨ જુલાઈ) અડધી રાત્રે મુંબઈની પ્રખ્યાત તાજ હોટેલમાં બોમ્બની ધમકી મળ્યા બાદ કંટ્રોલ રૂમમાં પોલીસની તપાસ તેજ કરી દેવામાં આવી છે. એક માણસે રાત્રે ૧૨.૧૩ વાગ્યે નવી મુંબઈ પોલીસ કંટ્રોલને ફોન કરીને જણાવ્યું, "દાઉદે તાજ હોટેલમાં બોમ્બ રાખ્યો છે."

ત્યારબાદ આ માહિતી મુંબઈ મેઈન કંટ્રોલ રૂમને આપવામાં આવી. માહિતી મળતાની સાથે જ કોલાબા પોલીસ, ક્રાઈમ સીન ઈન્વેસ્ટિગેશન ટીમ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) તરત જ તાજ હોટેલ પહોંચી ગયા. ધમકી મળ્યા બાદ હોટેલની મેઈન લોબી, સ્વિમિંગ પૂલ, અલગ-અલગ હોલ, રેસ્ટોરન્ટ, પાર્કિંગ, બહારના વિસ્તારો અને અન્ય સેન્સિટિવ જગ્યાઓ પર કાઉન્ટર-ઈમરજન્સી ચેકિંગ કરવામાં આવ્યું. ઈન્સ્પેક્શન દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળ્યા નથી. ટેકનિકલ તપાસમાંથી જાણવા મળ્યું છે કે ધમકીભર્યો કોલ તુર્ભે વિસ્તારમાંથી કરવામાં આવ્યો હતો. આ નંબરના આધારે પોલીસે શંકાસ્પદ



વ્યક્તિની શોધખોળ શરૂ કરી છે અને તુર્ભે પોલીસ સ્ટેશનની મદદથી કોલ કરનારનો પતો લગાવવાનું કામ ચાલી રહ્યું છે.

# સીલપેક પાણીની બોટલમાં તેજાબ ! ઘૂંટ પીતા જ યુવતીની હાલત બગડી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**લખનૌ, તા.૧૨ :** ઉત્તર પ્રદેશના હાપુડથી એક ભયાનક ઘટના સામે આવી છે. જેમાં જ્વેલરી ખરીદવા જ્વેલર્સની દુકાને ગયેલી એક યુવતીને તરસ લાગતા તેણે પાણી માંગ્યું હતું, પરંતુ પાણીની જગ્યાએ તેને એવી બોટલ મળી, જેમાં કથિત રીતે તેજાબ ભરેલું હતું. પાણી સમજીને ઘૂંટ મારતા જ યુવતીના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. આખી ઘટના દુકાનમાં લાગેલા ઝઝ્ફ કેમેરામાં કેદ થઈ છે.

શુક્રવારની સાંજે અર્જુન નગરમાં આવેલી એક જ્વેલર્સની દુકાન પર રિયા નામની યુવતી તેની માતા અંજનાબેન સાથે જ્વેલરી ખરીદવા ગઈ હતી. દુકાનમાં થોડી વાર રોકાયા પછી તેને તરસ લાગી હતી. જેથી જ્વેલર્સે પોતાના કર્મચારી પાસે એક જનરલ સ્ટોરમાંથી ઠંડી પાણીની બોટલ મંગાવી હતી. જે બાદ કર્મચારીએ બોટલ લાવીને રિયાને આપી હતી. રિયાને ઘણી તરસ લાગી હોવાથી તેણે બોટલ ખોલી અને એક ઘૂંટ પી લીધો.... અને તરત જ તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ!

બોટલમાં પાણીની જગ્યાએ કથિત રીતે તેજાબ ભરેલું હતું. જેને પીતા જ રિયાની હાલત બગડી ગઈ. તે તરત દુકાનની બહાર દોડી અને મોંમાં ગયેલું તેજાબ થૂંકી નાખ્યું. આજુબાજુના લોકોની ભીડ જમા થઈ ગઈ. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી અને ત્યાંથી વધુ સારવાર માટે મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવી. હાલમાં તેની સ્થિતિ ગંભીર છે. આ આખી ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ રીતે કેદ થઈ ગઈ છે. વીડિયો જોતાં જ લોકોના હોશ ઊડી જાય તેવો છે. પોલીસે તરત જ દુકાનદારને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી દીધી છે.

દુકાનદાર રેનુ અગ્રવાલે જણાવ્યું કે, એક છોકરો તેમની દુકાને પાણીની બોટલ લેવા આવ્યો હતો, તેમણે ડીપ ફ્રીજમાંથી સીલપેક પાણીની બોટલ કાઢીને તેને આપી હતી. બાદમાં કેટલાક લોકોએ આવીને જણાવ્યું કે બોટલમાં પાણીની જગ્યાએ તેજાબ જેવો પદાર્થ છે. તેમનું કહેવું છે કે, ‘‘અમે જે બોટલ ફ્રીઝમાં રાખી હતી તે સીલપેક જ હતી. અમે તે જ ગ્રાહકને આપી હતી.’’ હાલ તો પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી દીધી છે.

હવે સવાલ એ છે કે પાણીની બોટલમાં તેજાબ કેવી રીતે આવ્યું? આની પાછળ કોણ છે? શું ભૂલથી થયું કે કોઈ જાણીજોઈને આવું કર્યું? પોલીસ હાલમાં તમામ પાસાઓની તપાસ કરી રહી છે. મેડિકલ રિપોર્ટ અને ફોરેન્સિક તપાસ પછી જ આખી વાત સ્પષ્ટ થશે.

### રામ મંદિરમાં અંદાજ કરતા પણ મોટી દાન ચોરી?

# મંદિર નિર્માણ પહેલા માસ્ટર માઈન્ડે કર્યો હતો મોટો ખેલ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અયોધ્યા, તા.૧૨ :** અયોધ્યાના રામ મંદિરમાં દાનની ચોરીની આશંકાઓ ધારણા કરતાં ક્યાંય વધુ મોટી હોઈ શકે છે. અત્યાર સુધી સામે આવેલી વિગતો પ્રમાણે દાનની ચોરીનો આ સિલસિલો ગત વર્ષની શરૂઆતમાં શ્રદ્ધાળુઓની ભીડ વધ્યા બાદ શરૂ થયો હતો. આ સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ ગણાતો અનુકલ્પ મિશ્રા જ્યારે રામ મંદિરની વ્યવસ્થામાં સામેલ થયો, ત્યારથી જ આ ચોરીની શરૂઆત થઈ હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

સામાન્ય અંદાજ એ છે કે, અનુકલ્પ મિશ્ર અને તેની સાથે દાન ચોરીના મામલે આરોપી અન્ય લોક શ્રદ્ધાળુઓની ભીડની સાથે દાન પણ વધવાના કારણે કેશ મેનેજમેન્ટના નવા મેનેજમેન્ટ હેઠળ રામ મંદિરની વ્યવસ્થા સાથે જોડાયા. જોકે, સત્ય એ છે કે, અનુકલ્પ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામલલાની પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે જ મંદિરની વ્યવસ્થા સાથે જોડાઈ ગયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે અનુકલ્પ રામ મંદિરના શિખર પર ધ્વજારોહણની વિધિ, રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની વર્ષગાંઠની ઉજવણી અને દીપોત્સવા જેવા અતિ મહત્વના ધાર્મિક કાર્યક્રમોમાં સક્રિય સહયોગી તરીકે સામેલ થવા લાગ્યો હતો. એવું માનવામાં આવી રહ્યું છે કે, પોતાના મલિન ઈરાદાઓ અને સ્વભાવને અનુરૂપ અનુકલ્પે તે સમયથી જ રામજન્મભૂમિ પરિસરમાં પોતાના કાળા કારનામાઓ આચરવા માટેની તકો શોધવાનું શરૂ કરી દીધું હતું.

રામ મંદિર પરિસરમાં પોતાનો પ્રભાવ સતત વધવાની સાથે જ અનુકલ્પ મિશ્રાએ મંદિરની વ્યવસ્થામાં અવિનાશ, લવકુશ મિશ્રા, રમાશંકર મિશ્રા અને કરુણેશ પાંડેને પણ સામેલ કરી દીધા હતા.

ત્યારબાદ, જ્યારે કેશ મેનેજમેન્ટ માટે SBI દ્વારા હાયર કરવામાં આવેલી પ્રાઈવેટ એજન્સી સાથે જોડાવાની તક મળી, ત્યારે અનુકલ્પને પોતાનો મનસૂબો પૂરો થતો દેખાયો અને તેણે પોતાના સાથીઓને પણ કેશ મેનેજમેન્ટના કામમાં ગોઠવી દીધા હતા.

બીજી તરફ, ટિન્નુ યાદવ રામ મંદિર ટ્રસ્ટના ચંપતરાય સાથેની નિકટતાનો ફાયદો ઉઠાવીને કેશ મેનેજમેન્ટ અને ચઢાવાની ગણતરીમાં પહેલેથી જ નિર્ણાયક ભૂમિકામાં આવી ગયો હતો. ત્યારબાદ તેણે ગણતરીના દિવસોમાં જ પોતાના ભત્રીજા મનીષને પણ આ કામમાં લગાડી દીધો હતો.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## અમદાવાદમાં અમિત શાહની ઉપસ્થિતિમાં

# એક જ દિવસમાં અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું વાવેતર



**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૨ :** ગુજરાતની મુલાકાતે આવેલ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મિશન ફાઈવ મિલિયન ટ્રી અંતર્ગત અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું સામૂહિક વૃક્ષારોપણ તેમજ એએમસી, ઔડા તથા માર્ગ અને મકાન વિભાગના મળીને અંદાજિત રૂ. ૪૦૫ કરોડનાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ સાયન્સ સિટી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક તથા ૧૫૫ એસી ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે જણાવ્યું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અને અમદાવાદ શહેરમાં પર્યાવરણના સંરક્ષણ અને પૃથ્વીના સંવર્ધન માટે એક અભૂતપૂર્વ જન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આજે એક જ દિવસમાં ૧,૨૫,૯૩,૫૧૩ વૃક્ષો રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરીને એક નવો વિક્રમ સ્થાપવાની નેમ વ્યક્ત કરી હતી.

આ સાથે જ અમદાવાદના ત્રણેય લોકસભા વિસ્તારોમાંઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગથી ૫૦ લાખ વૃક્ષો વાવવાનું મહત્ત્વાકાંક્ષી અભિયાન પણ તેજ ગતિએ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે વડા-ધાન નરેન્દ્ર મોદીના એક પેડ માં કે નામઁ આહ્વાનથી પ્રેરાઈને આ અભિયાન હવે એક જન આંદોલન બની ગયું છે. માત્ર ગાંધીનગર લોકસભાના ૧,૩૭,૮૧૨ નાગરિકોએ પોતાની સોસાયટીમાં પાંચ-પાંચ વૃક્ષ રોપવાનો સંકલ્પ લીધો છે. જ્યારે અમદાવાદ શહેરના અન્ય સંસદીય વિસ્તારોના પણ ૨૮,૫૪૪ નાગરિકોએ આ સંકલ્પ લીધો છે.

તેમણે વડાપ્રધાનના 'વન સાથે જન અને પ્રકૃતિ સાથે પ્રગતિ'નો મંત્ર દોહરાવતા કહ્યું કે આ તમામ વૃક્ષોમાં ગોરસ આંબલી, સીસમ, વડ, પીપળો જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે. જે પ્રત્યેક વૃક્ષ ઓછામાં ઓછું ૧૦૦ વર્ષ કરતાં વધુ આયુષ્ય ધરાવે છે. આમ, આજે રોપેલાં આ વૃક્ષો આવનારી અનેક પેઢીઓને છાંયડો આપશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# દેશમાં પ્રથમ ગુજરાત : રૂા.૧.૮૦ લાખ કરોડનો ઈન્ટિગ્રેટેડ લૉજિસ્ટિક્સ માસ્ટર પ્લાન તૈયાર

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૧૨ :** ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ અને ઉદ્યોગ-ખાણ વિભાગે સંયુક્તપણે ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન ફોર ધ સ્ટેટ ઓફ ગુજરાત તૈયાર કર્યો છે. જેમા, એવો દાવો કરાયો છે કે, આવો સંપૂર્ણ રાજ્યવ્યાપી લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન બનાવનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ માસ્ટર પ્લાન ત્રણ તબક્કામાં આ પ્લાન અમલમાં મુકાશે. જેમાં, ૨૦૨૬થી ૨૦૪૭ સુધીના ૨૧ વર્ષોમાં રુ.૧,૮૦,૪૪૫ કરોડનો ખર્ચ કરાશે. આ પ્લાન મુજબ, કુલ લંબાઈ ૪,૩૮૮ કિમીના નવા ૨૨ કોરીડોર બનાવાશે. જયારે, કુલ ૨,૫૮,૧૦૯ કિમીનું નવું રોડ નેટવર્ક ઉભું કરાશે. જેમાંથી ૮૦,૭૦૬ કિમીના આયોજિત છે. , ૬,૦૦૪ કિમીના રેલવે ટ્રેક, ૧ મુખ્ય બંદર કંડલા, ૫ ખાનગી, ૪૩ નોન-મેજર સહિતના કુલ ૪૯ બંદરો ઉપરાંત ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ માટે અલગ - અલગ સિટી લોજિસ્ટિક્સ પ્લાન તૈયાર કરાયા છે. અંકલેશ્વર, ભરૂચ, દહેજ અને વાપી જેવા ઔદ્યોગિક વિસ્તાર આયોજન કરાયું છે. આ દસ્તાવેજ મુજબ, પ્રથમ તબક્કામાં પહેલેથી નક્કી થયેલા પ્રોજેક્ટ પૂરા કરવા પર ભાર રહેશે અને દરેક નવા પ્રોજેક્ટ માટે ટેકનો-આર્થિક શક્યતા અભ્યાસ-feasibility સ્ટડી કરાશે. આ માટે નવીન ફાઈનાન્સિંગ મોડલ વિકસાવવાની પણ ભલામણ કરાઈ છે.

આ માસ્ટર પ્લાન મુજબ, તેમાં ૨૨ ફોકસ લોજિસ્ટિક્સ કોરિડોર નક્કી કરાયા છે. જેના દ્વારા રાજ્યની અંદરના ભારે ટ્રાફિકવાળા માર્ગો, બંદરો, એરપોર્ટ, મોટા ઔદ્યોગિક એકમો સાથેનું જોડાણ નક્કી કરાશે. આ તમામ માપદંડોને ધ્યાનમાં રાખીને કુલ ૪,૩૮૮ કિલોમીટર લંબાઈના પસંદ કરાયેલા ૨૨ કોરિડોર પૈકીના દરેક પર વિગતવાર ટ્રાફિક અભ્યાસ કરવામાં આવ્યો છે.

# વાપી સિટી બસ માટે તમામ રૂટો પર સ્ટેન્ડ ઊભા કરાશે

**વાપી, તા.૧૨ :** વાપી મહાનગરપાલિકાની જાહેર પરિવહન કમિટિની ગત દિવસોમાં ચેરમેન દર્પણ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયેલી બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતાં.

વાપી શહેરમાં પાલિકા વખતે શરૂ કરવામાં આવેલી સિટી બસને મુસાફરો દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ધીમે ધીમે સીટી બસોની સંખ્યા પણ વધી રહી છે.વાપી મહાનગરપાલિકાની જાહેર પરિવહન કમિટિની બેઠક ચેરમેન દર્પણ દેસાઈની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતિષ પટેલ અને મનપાના અધિકારીઓની હાજરીમાં સિટી બસના નવા ૬ રૂટો વધારાવાની મંજુરી આપવામાં આવી હતી.જાહેર પરિવહન કમિટિના ચેરમેન દર્પણ દેસાઈએ જણાવ્યું હતું કે સીટી બસનો સૌથી વધુ ઉપયોગ મુસાફરો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને રાહત થઈ રહી છે હજુ પણ ઘણા સુધારા વધારા થશે. નાણામંત્રી કનુભાઇ દેસાઇના માર્ગદર્શમાં કેન્દ્ર સરકારની યોજના અંતગર્ત વધુ ૨૦ સિટી બસો વાપી શહેરને મળશે. જુન મહિનામાં ૧.૮૫ લાખ મુસાફરો સિટી બસમાં બેઠા હોવાનો ઉલ્લેખ થયો હતો.સાથે જુલાઇના પ્રથમ અથવાડિયામાં ૪૨ હજાર મુસાફરોએ સિટી બસનો ઉપયોગ કર્યો છે. સિટી બસ માટે મનપા દ્વારા હજુ સુધી પીકઅપ બસ સ્ટેન્ડ બનાવામાં આવ્યાં નથી.જેથી બેઠકમાં આ મુદે ચર્ચા થઇ હતી. આવનારા દિવસોમાં તમામ રૂટો પર મુસાફરો માટે પીકઅપ સ્ટેન્ડ ઊભા કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

# મોગરાવાડીમાં જુની અદાવતે એક પર ૧૫ લોકોનો હુમલો

**વલસાડ, તા. ૧૨ :** વલસાડના મોગરાવાડી વિસ્તારમાં શોપિંગ સેન્ટર પાસે એક યુવક પર જૂની અદાવત અને સ્કૂલના છોકરાઓના ઝઘડાની બાબતે રાખીને ૧૫ જેટલા શખ્સોએ ભેગા મળી જીવલેણ હુમલો કર્યો કરવાની ઘટના બની છે. આ હુમલામાં ઈજા પામેલ યુવકને વલસાડ ની હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

શાકભાજીનો વેપાર કરતા અને વલસાડ રામવાડીમાં રહેતા સુનિલભાઈ મોહનભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૩૨) એ વલસાડ સીટી પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે તેઓ મોગરાવાડી તરફથી પસાર થઈ રહ્યા હતાં. આ દરમિયાન મોગરાવાડી શોપિંગ સેન્ટર પાસે તેમનો પરિચિત કરણ મળ્યો હતો. અને સુનિલભાઈને જણાવ્યું કે, શાળાના છોકરાઓ સાથે થયેલો ઝઘડો પતી ગયો હોવા છતા, બોમ્બે ગલી મોગરાવાડીનો રિષભ સંતોષ ત્રિપાઠી (તિવારી) હજુ પણ તેની સાથે મગજમારી કરે છે અને તે અત્યારે બેઠા છે.

આ સાંભળી સુનિલભાઈ કરણને સાથે રાખીને ટપરી પર રિષભને સમજાવવા માટે ગયા હતા. રિષભ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે ફોન કરીને તેના સાગરીતોને બોલાવી લીધા હતાં. થોડી જ વારમાં ૧૦થી ૧૫જેટલા શખ્સો ત્યાં ધસી આવ્યા હતાં. ત્યારબાદ અન્ય આરોપીઓએ સુનિલભાઈને શરીરના ભાગે, માથામાં, હાથ-પગમાં અને પીઠના ભાગે ઈજાઓ પહોંચતા તેને વલસાડની ડોક્ટર હાઉસ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે જે અંગે વલસાડ સિદ્ધિ પોલીસમાં રીષભ સંતોષ ત્રિપાઠી, શ્રેયશ શિવકુમાર ત્રિપાઠી, શિવમ સંતોષભાઈ ત્રિપાઠી, દિવ્યરાજ, નિકુંજ, જેકી, ધ્રુવ પટેલ, સતિષ ઉર્ફે સતિષો , સહિત ૧૫ જેટલા ઈસમોએ માર મારતા તમામ આરોપી વિરુદ્ધ વલસાડ પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વલસાડ-ધરમપુર સ્ટેટ હાઈવે પર બાઈક ચાલકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ-ધરમપુર સ્ટેટ હાઈવે પર આરટીઓ કચેરી નજીક હાઈવે પર અધૂરી ડિવાઈડરની કામગીરી એક વૃદ્ધ માટે કાળ સાબિત થઈ છે. ખુલ્લા મુકાયેલા ડિવાઈડર ક્રોસિંગના કારણે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં વૃદ્ધનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જેને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે. મોહનભાઈ પટેલ પોતાની સ્પ્લેન્ડર બાઈક નંબર GJ-15-DF-1526 લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન આરટીઓ કચેરી પાસે ડિવાઇડરની અધૂરી કામગીરીના કારણે એક લેનમાંથી બીજી લેનમાં જતી વખતે અચાનક તેમનું બાઈક પરથી નિયંત્રણ ખોરવાયું હતું. બાઈક સ્લિપ થતાં જ મોહનભાઈ આગળ જઈ રહેલા ટ્રેલર નંબર MH-23-AU-6177 ના પાછળના ટાયર નીચે કચડાઈ ગયા હતા. અકસ્માતમાં મોહનભાઈએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. હાઈવે પર સતત થતા અકસ્માતોને લઈ હવે સ્થાનિકોનો આક્રોશ ફાટી નીકળ્યો છે.

# સેલવાસની દેવકીબા કોલેજનું આઈસીએમએઆઈ સાથે એમઓયુ કરાયું



**સેલવાસ, તા.૧૨ :** સેલવાસની શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ - લાયન્સ ક્લબ ઓફ સિલ્વાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત - તેની સિદ્ધિઓની યાદીમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેર્યું છે. તેના કંપની સેક્રેટરી (CS) સ્ટડી સેન્ટરની સફળતા બાદ, કોલેજે હવે ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) સાથે ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે અને વાપી-દમણ-સિલ્વાસા પ્રદેશ માટે ICMAI CMA સ્ટડી સેન્ટરનો ઔપચારિક રીતે -રંભ કર્યો છે.

આ પ્રતિષ્ઠિત સહયોગ એક ઐતિહાસિક અને પરિવર્તનશીલ પહેલનું પ્રતિનિધિત્વ કરે છે જેનો ઉદ્દેશ્ય પ્રદેશના શૈક્ષણિક ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર પહોંચાડવાનો છે. આ ભાગીદારી દ્વારા, પરંપરાગત યુનિવર્સિટી શિક્ષણને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરની વ્યાવસાયિક લાયકાત સાથે સંકલિત કરવામાં આવશે, જેનાથી વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક અભ્યાસની સાથે અસાધારણ કારકિર્દી બનાવવાની નવી તકો મળશે. નવું સ્થાપિત ICMAI CMA અભ્યાસ કેન્દ્ર વિદ્યાર્થીઓને ખર્ચ અને વ્યવસ્થાપન એકાઉન્ટિંગ, કોર્પોરેટ ગવર્નન્સ, નાણાકીય વ્યવસ્થાપન, વ્યૂહાત્મક નિર્ણય-નિર્માણ, કરવેરા, ઓડિટિંગ, બિઝનેસ એનાલિટિક્સ, કોર્પોરેટ નેતૃત્વ અને અન્ય ઉભરતા વ્યાવસાયિક ક્ષેત્રો જેવા ક્ષેત્રોમાં ઉચ્ચ સ્તરીય જ્ઞાન, વ્યવહારુ કુશળતા અને ઉદ્યોગ-લક્ષી તાલીમથી સજ્જ કરશે. આનાથી તેઓ રાષ્ટ્રીય અને વૈશ્વિક કોર્પોરેટ ક્ષેત્રોના પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકશે.

આ કાર્યક્રમનો સૌથી મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ શ્રીમતી વચ્ચે સમજૂતી કરાર (MoU)નું ઔપચારિક અમલીકરણ અને વિનિમય હતો. દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ અને ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા આ ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઐતિહાસિક કરાર પર કોલેજના પ્રિન્સિપાલ ડો. સીમા પિલ્લઈ અને ICMAI ના વાપી-દમણ-સિલ્વાસા ચેપ્ટરના ચેરપર્સન CMA બી.એફ. મોદી દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કોલેજના વાઇસ-પ્રિન્સિપાલ અને ત્મ્ખ્દ કોઓર્ડિનેટર ડો. જાન્હવી આરેકર અને વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલ (WIRC) ના ચેરપર્સન દ્ધ્ખ મિહિર નારાયણ વ્યાસ આ મહત્વપૂર્ણ પ્રસંગના વિશિષ્ટ સાક્ષી તરીકે હાજર રહ્યા હતાં.

# ઉમરગામમાં પોલીસનું સઘન ચેકિંગ હાથ ધરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા તેમજ ગુનાખોરી પર નિયંત્રણ લાવવાના હેતુથી જિલ્લા પોલીસ દ્વારા કોમ્બિંગ અને સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસની વિવિધ ટીમોએ મુખ્ય બજારો, દુકાનો, રહેણાંક વિસ્તારો, ચાલીઓ તેમજ જાહેર સ્થળોએ પહોંચી તપાસ હાથ ધરી હતી.

પોલીસે દુકાનોમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાની કામગીરીની ચકાસણી કરી હતી. અગાઉ વેપારીઓને સીસીટીવી કેમેરા કાર્યરત રાખવા, તેની યોગ્ય જાળવણી કરવા તેમજ જરૂરિયાત સમયે ફૂટેજ ઉપલબ્ધ કરાવવા અંગે નોટિસો અને સૂચનાઓ આપવામાં આવી હતી. તેમ છતાં કેટલાક વેપારીઓ દ્વારા નિયમોનું પાલન ન થતાં પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.જેના કારણે વેપારીઓમાં સતર્કતા સાથે ચિંતા પણ જોવા મળી હતી. આ ઉપરાંત વાપી અને ઉમરગામના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રોંગ સાઈડમાં વાહન ચલાવતા તેમજ નંબર પ્લેટ વગર ફરતા વાહનોને ડિટેન કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને તમામ જરૂરી દસ્તાવેજો સાથે વાહન ચલાવવા અપીલ પણ કરવામાં આવી હતી.

કોમ્બિંગ અભિયાનના ભાગરૂપે વિવિધ ચાલીઓમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. ચાલી માલિકો પાસેથી ભાડૂઆતોની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી તેમજ તમામ ભાડૂઆતોનો રેકોર્ડ જાળવવા સૂચના આપવામાં આવી હતી.

# ઉમરગામના ટંડેલોએ ધારાસભ્ય રમણભાઈ પાટકરને સમસ્યા અંગે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૨ :** ઉમરગામ તાલુકાના ટંડેલોએ પોતાની રોજગારીને લગતી મહત્વની સમસ્યાઓ અંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરને રજૂઆત કરી હતી. દર વર્ષે મહારાષ્ટ્ર સહિત ઉમરગામ વિસ્તારમાંથી અંદાજે ૪૦ હજાર જેટલા ટંડેલો પોરબંદર, વેરાવળ અને દ્વારકા સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારી માટે જતા હોય છે.

માછીમારીની સિઝન દરમિયાન બોટ માલિકો દ્વારા ટંડેલોને ધંધા અર્થે એડવાન્સ રકમ આપવામાં આવે છે. ત્યારબાદ ટંડેલો પોતાના સાથે માછીમારી માટે ખલાસીઓને નિશ્ચિત સમયગાળા માટે એડવાન્સ રકમ આપી કરારબદ્ધ કરે છે. જોકે, કેટલાક કિસ્સાઓમાં ખલાસીઓ એડવાન્સ રકમ મેળવી લીધા બાદ ટંડેલ સાથે જતા નથી અથવા કરાર મુજબ નિર્ધારિત સમય સુધી કામ પર રહેતા નથી. જેના કારણે ટંડેલો અને બોટ માલિકો વચ્ચે આર્થિક તેમજ વ્યવહારિક મુશ્કેલીઓ ઊભી થાય છે.

આ મુદ્દે ખતલવાડ વિસ્તારના ટંડેલોના પ્રતિનિધિમંડળે ધારાસભ્ય રમણભાઈ પાટકરને મળીને વિગતવાર રજૂઆત કરી હતી. ધારાસભ્યએ તેમની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી સમસ્યાના સ્થાયી ઉકેલ માટે બોટ માલિકો અને ટંડેલોના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત બેઠક યોજી હતી.

બેઠક દરમિયાન બંને પક્ષોની રજૂઆતો સાંભળી સમસ્યાનો યોગ્ય અને વ્યવહારુ ઉકેલ લાવવા માટે જરૂરી પ્રયાસો કરવાની ધારાસભ્ય રમણભાઈ પાટકરે ખાતરી આપી હતી.

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૩૭/૨૦૨૫**

**અરજદાર :** કાનજીભાઈ નરણભાઈ પટેલ
રહે. એથાલા ફળિયા, કોપરલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા :** જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, કોપરલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ગંગાબેન નાનાભાઈ પટેલનું** મરણ તા.૨૨/૦૨/૧૯૮૨ના રોજ મોજે કોપરલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોપરલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોપરલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોપરલી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

## જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૪૩/૨૦૨૫**

**અરજદાર :** કાનજીભાઈ નરણભાઈ પટેલ
રહે. એથાલા ફળિયા, કોપરલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા :** જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, કોપરલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **નાનાભાઈ ઉકલાભાઈ પટેલનું** મરણ તા.૦૯/૦૯/૧૯૯૨ના રોજ મોજે કોપરલી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કોપરલીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત કોપરલીને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કોપરલી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

**No.MAM/SIL/RTS/RBD-DNH/114/Birth/2026/3590 Dated: 06/07/2026.**

**APPLICANT- Prakash Sen, Presently residing at- Madhuban, Char Rasta, DNH. Mo. 9303855638**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**

**NOTICE**

The public to take note that the above, named applicant Prakash Sen's daughter, namely Jahanavi Sen, who was born on 08/11/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hosiptal, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Jahanavi Sen. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂા.300/-
Rs.300/-
Rs.300/-
Rs.300/-
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો
ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403
સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई

TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

# કપરાડાના મનાલાથી દારૂ ભરેલ સ્વીફ્ટ ઝડપાઈ

**વાપી, તા. ૧૨ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચએ ચોરીછૂપીથી વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો સામે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. મળેલી બાતમીના આધારે એલસીબીની ટીમે કપરાડા પોલીસ સ્ટેશન હદમાં મનાલા આલય ફળિયા આતુલ ફળીયા તરફ જતા માર્ગ પર વોચ ગોઠવી હતી. દરમિયાન સેલવાસા તરફથી આવતી સ્વિફ્ટ કાર (નંબર GJ-05-JE-2787)ને રોકવાનો પ્રયાસ કરતાં કાર ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતાં પાછળની સીટ તથા ડીકીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કુલ ૩૮૪ લીટર વિદેશી દારૂની ૧,૨૭૨ બોટલ કબજે કરી હતી, જેની કિંમત રૂ. ૨,૬૨,૩૨૦ હોવાનું બહાર આવ્યું છે. ફરાર આરોપી સામે કપરાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

Monday 13, July 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

# વલસાડના સાંસદ ધવલ પટેલના નામે છેતરપિંડીનો ધંધો ?!

## સાંસદ ધવલ પટેલનો નકલી ઈમેઈલ આઈડી અને લેટરપેડ બનાવી છેતરપિંડી કરનાર આરોપી અમદાવાદથી ઝડપાયો : સાંસદ પુરુષોત્તમ રૂપાલા તેમજ પશ્ચિમ બંગાળના ઉચ્ચ પોલીસ અધિકારીઓના નામે પણ નકલી ડિજિટલ સહી અને સિક્કાવાળા લેટરપેડ બનાવ્યા હતા!





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ લોકસભા બેઠકના સાંસદ ધવલભાઈ લક્ષ્મણભાઈ પટેલના નામે નકલી ઈમેઈલ આઈડી તથા વહીવટી મંજૂરી આપતા ખોટા લેટરપેડ બનાવી સરકારી બેંકો અને સંસ્થાઓ સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કરનાર એક સાતિર આરોપીને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે ગણતરીના દિવસોમાં અમદાવાદ થી દબોચી લીધો છે.

વલસાડના સાંસદ ધવલ પટેલના પર્સનલ આસિસ્ટન્ટ રણજીતકુમાર ઈશ્વરભાઈ પટેલે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે, કોઈ અજ્ઞાત ઈસમ દ્વારા સાંસદ ધવલ પટેલના નામ, ફોટો અને સરનામાનો દુરુપયોગ કરી નકલી ઈમેઈલ આઈડી બનાવવામાં આવી હતી. આ ફેક આઈડી પરથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના ચેરમેન અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના વલસાડના રિઝનલ મેનેજરને ભલામણ પત્રો મોકલીને કાર્યો કરાવવા માટે દબાણ તેમજ છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ગુજરાત રાજ્યના મુખ્ય પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ વડા, સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક તથા વલસાડના પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા માર્ગદર્શન હેઠળ વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.જે. સરવૈયાની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે ટેકનિકલ એનાલિસિસ અને ડિજિટલ ફૂટપ્રિન્ટ્સના આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ નકલી ઈમેઈલ અમદાવાદના ઈસનપુર વિસ્તારમાંથી ઓપરેટ થઈ રહ્યો હતો. વલસાડ સાયબર પોલીસે તાત્કાલિક અમદાવાદમાં પ્રતિક પ્રફુલકુમાર દેસાઈ ઉ. વ. ૩૦ રહે. બ્લોક રહે.૧૫, મુરલીધર સોસાયટી, વિભાગ-૧, ઈસનપુર ચાર રસ્તા, ઈસનપુર, અમદાવાદ શહેર, પોલીસ પૂછપરછ અને તપાસમાં સામે આવ્યું છે કે આરોપી પ્રતિક દેસાઈ ખૂબ જ શાતિર છે. તેણે માત્ર વલસાડના સાંસદ ધવલ પટેલ જ નહીં, પરંતુ સાંસદ પુરુષોત્તમ રૂપાલા તેમજ પશ્ચિમ બંગાળના ઉચ્ચ પોલીસ અધિકારીઓના નામે પણ નકલી ડિજિટલ સહી અને સિક્કાવાળા લેટરપેડ બનાવ્યા હતા. આ લેટરપેડનો ઉપયોગ કરીને તે સરકારી સંસ્થાઓમાં રોફ જમાવી બેંક લોન કે અન્ય સરકારી કાર્યોમાં ગેરરીતિ આચરવાનો પ્લાન ધરાવતો હતો સાયબર ક્રાઈમ પોલીસે આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન (જેમાં ગુનાહિત ઈમેઈલ officempvalsad2@gmail.com લોગ-ઈન હતો) સાંસદ ધવલ પટેલના નામના નકલી લેટરપેડ, સાંસદ પુરુષોત્તમ રૂપાલાના નામના નકલી ઈ-લેટરપેડ, પશ્ચિમ બંગાળના હુગલી રૂરલ પોલીસ ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર (West Bengal, Howrah) ના ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ (DySP) સંદીપ નંદી તથા રાજીબ ગોનના નામના નકલી સહી-સિક્કાવાળા લેટરપેડ, બેંક ઓફ બરોડા નું એક નકલી સેટઅપ પણ મળી આવ્યું હતું. વલસાડ સાયબર પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




કપરાડાના તાલુકામાં વાઘવળ નજીક આવેલો શંકરધોધ પાછલાં કેટલાંક વર્ષોથી ચોમાસા દરમ્યાન સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનતો આવ્યો છે અને ગ્રામજનો પણ એ જોતાં આ સ્થળને પ્રવાસના સ્થળ તરીકે વિકસાવવાની રજુઆત કરતા આવ્યા છે. દર વર્ષે ચોમાસામાં અનેક પર્યટકો અહીં આવે છે પરંતુ સુવિધા અને સલામતીનો ભારે અભાવ છે. સહેલાણીઓ નીચે ધોધ સુધી જોખમી રીતે ઉતરતા જોવા મળે છે. જે ક્યારેક અકસ્માતનું કારણ બનશે એવી દહેશત દર્શાવાઈ છે. એ રીતે અહીં પાર્કિંગ અને વરસાદ જેવા સમયમાં શેડની પણ જરુર ગ્રામજનો દર્શાવી રહ્યાં છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્યો કે ધારાસભ્યો આ બાબતે રસ લે એ સમયસરનું ગણાશે.

# વલસાડમાં શહીદચોકની ૬૦ વર્ષ જૂની મટન-મચ્છી માર્કેટ ખાલી કરવા આખરી નોટીસથી ફફડાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ નગરપાલિકા દ્વારા વલસાડ શહેરના શહીદચોક વિસ્તારમાં આવેલી ૬૦ વર્ષ જૂની અને અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાયેલી મટન માર્કેટ તેમજ મચ્છી માર્કેટની ઈમારતોને ખાલી કરવા માટે દુકાનદારોને ૧૦ દિવસની આખરી જાહેર નોટીસ ફટકારવામાં આવી છે. SVNIT ના ટેકનિકલ રિપોર્ટમાં આ ઈમારતો ગમે ત્યારે તૂટી પડે તેવી ભયજનક સ્થિતિમાં હોવાનું સામે આવ્યા બાદ પાલિકાએ આ આકરૂં વલણ અપનાવ્યું છે.

વલસાડ શહેરના શહીદચોક વિસ્તારમાં મટન અને ચિકનનો વ્યવસાય કરતા વેપારીઓ દ્વારા ફૂડ સેંફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ તેમજ તે અન્વયેના નિયમો-૨૦૧૧ની જોગવાઈઓનું પાલન કરવામાં આવતું ન હતું. આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ PIL નં. ૧૩૩/૨૦૨૧ ના ચુકાદા અને ડેઝીગ્નેટેડ ઓફિસર ખોરાક અને ઔષધ નિયમન તંત્રના પત્રોના આધારે ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ૧૯૬૩ હેઠળ અગાઉ જાન્યુઆરી ૨૦૨૩માં પણ આ દુકાનો બંધ કરવા નોટીસ આપવામાં આવી હતી.

દક્ષિણ ગુજરાતના જંગલ વિસ્તાર અને ગુજરાતના 'ચેરાપુંજી' ગણાતા વલસાડ જિલ્લામાં ચોમાસા દરમિયાન સરેરાશ ૧૦૦ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વલસાડ નગરપાલિકા દ્વારા સુરતની સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT) પાસે આ બંને માર્કેટનું સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી ચેક કરાવવામાં આવ્યું હતું.જેથી વલસાડ નગરપાલિકા દ્વારા સિટી સર્વે નં.૧૪૫૩ જેનું ક્ષેત્રફળ ૧૮૮.૪૯ ચો.મી. માં મટન માર્કેટ તથા સિટી સર્વે નં.૧૪૫૨ જેનું ક્ષેત્રફળ ૨૯૯.૧૮ ચો.મી. માં મચ્છી માર્કેટ નું બાંધકામ વામાં આવેલ હોય જેનું હાલનું મકાન જે ઘણું જુનું અને જર્જરિત હાલતમાં છે. ૧ જૂન ૨૦૨૬ ના રોજ રજૂ કરાયેલા SVNIT ના સત્તાવાર રિપોર્ટના આધારે આ માર્કેટની સ્થિતિ અંગે અત્યંત ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, આ ઈમારતો માળખાકીય રીતે તદ્દન અસુરક્ષિત છે અને સ્થાનિક નિષ્ફળતા તેમજ ગંભીર પતનનું મોટું જોખમ ઊભું કરે છે. સંસ્થા દ્વારા આ ઈમારતોને તાત્કાલિક ખાલી કરાવી, તોડી પાડવા અને નવેસરથી પુનઃવિકાસ કરવાની ભારપૂર્વક ભલામણ કરવામાં આવી છે.

૬૦ વર્ષથી વધુ જૂની ઈમારત હોવાથી ચણતર અને સ્ટીલના ઘટકો સંપૂર્ણપણે સડી ગયા છે. લોડ-બેરિંગ દિવાલો નબળી પડી ગઈ છે અને છતને ટેકો આપતી સ્ટીલ સિસ્ટમ કાટ ખાઈ જવાથી ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિમાં છે.

આ મિલકતો હવે જાહેર ઉપયોગ માટે કોઈપણ સંજોગોમાં સલામત નથી.નગરપાલિકાની કાયદેસરની કાર્યવાહી અને ૧૦ દિવસનું અલ્ટીમેટમ ગુજરાત મ્યુનિસિપલ એક્ટ-૧૯૬૩ની કલમ-૧૮૨(૧)(૨) ની જોગવાઈઓ અનુસાર, જૂની, બિસ્માર અને જર્જરિત મિલકતો બેસી જવાથી કે તૂટી પડવાથી થતા અકસ્માતો નિવારવા માટે વલસાડ નગરપાલિકા કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. ચોમાસાની ઋતુમાં જાનમાલનું નુકસાન ન થાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પાલિકાએ આ મિલકતો ઉતારી લેવાનો નિર્ણય કર્યો છે.

નગરપાલિકા દ્વારા જાહેર નોટીસમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, નોટીસ મળ્યાના ૧૦ દિવસની અંદર આ જગ્યાનો કબજો ભોગવતા તમામ દુકાનદારોએ પોતાની દુકાનો અને સ્ક્વેર ફીટ જગ્યા ખાલી કરી આપવાની રહેશે. જો નિયત સમય મર્યાદામાં જગ્યા ખાલી કરવામાં નહીં આવે, તો પાલિકા તંત્ર દ્વારા કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરીને આગળની પ્રક્રિયા કરવામાં આવશે.

## સરકારી સહાય ન મળતાં દાતાશ્રીઓ બન્યા આધાર

# ચીવલમાં પ્રજ્ઞાચક્ષુને છત નસીબ થઈ

## સમાજસેવાનો પ્રેરણાદાયી પ્રસંગ : નિવાસનું પરંપરાગત આદિવાસી રીત-રિવાજ મુજબલોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૨ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા તાલુકાના ચીવલ નાકા ફળિયામાં માનવસેવાનું એક પ્રેરણાદાયી કાર્ય સાકાર બન્યું હતું. દાતાઓના ઉદાર સહયોગથી અંધજન બાલુભાઈ સોમાભાઈ નાયક માટે નિર્માણ પામેલા નવા નિવાસસ્થાન (ઘરમંદિર)નું ભવ્ય લોકાર્પણ પરંપરાગત આદિવાસી રીત-રિવાજ મુજબ નિવૃત્ત શિક્ષક નવીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. બાલુભાઈ નાયક છેલ્લા છ વર્ષથી અત્યંત જર્જરિત અને તૂટી પડેલા ઘરમાં જીવન વિતાવી રહ્યા હતા. અંધત્વ અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે તેઓ ખૂબ જ દયનીય પરિસ્થિતિમાં રહેતા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તેમને સરકારી આવાસ યોજના સહિત અન્ય કોઈ નોંધપાત્ર સરકારી સહાય પ્રાપ્ત થઈ નહોતી. આવી વિકટ સ્થિતિને ધ્યાનમાં રાખીને દાતાઓ અને સેવાભાવી વ્યક્તિઓએ આગળ આવી તેમના માટે નવું પાકું ઘર બનાવી આપવાનો સંકલ્પ કર્યો હતો, જે આજે સાકાર બન્યો છે.

લોકાર્પણ સમારોહમાં દાતાઓ, યુવાનો, ગ્રામજનો તેમજ વિવિધ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ જણાવ્યું હતું કે સાચી માનવતા જરૂરિયાતમંદ વ્યક્તિના જીવનમાં સુખ, સુરક્ષા અને આત્મસન્માન સ્થાપિત કરવામાં રહેલી છે.

બાલુભાઈ માટે નિર્માણ પામેલું આ ઘર માત્ર ઈંટ-સિમેન્ટનું મકાન નથી, પરંતુ સમાજની સંવેદના, એકતા અને સેવાની ભાવનાનું જીવંત પ્રતિક છે.

પ્રસંગ દરમિયાન પૂજાનું આધ્યાત્મિક મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષતા એ રહી કે વિવિધ સમાજના લોકો સાથે મુસ્લિમ સમાજના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, જે સામાજિક એકતા અને સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ બન્યું હતું. દાતાશ્રીઓ અને સહયોગી ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો માટે સૌને આગળ આવવાની અપીલ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં બાલુભાઈ સોમાભાઈ નાયકને શુભેચ્છાઓ પાઠવી તેમના નવા જીવન માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ભાવુક અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

આ પ્રસંગે દિલીપ પટેલ, સતિષ પટેલ, ભાવેશ પટેલ, કૃતેશ પટેલ, રોહીન સુઈ, તાલુકા પંચાયત સભ્ય વિનોદભાઈ પટેલ, વિજ્ઞાન પ્રયોગ શાળા સુખાલાના આચાર્ય હરેશભાઈ પટેલ, હરીશ પટેલ (હરીશ આર્ટ, વાપી), આરટીઓ કચેરી વલસાડના મહેશભાઈ ગરાસિયા, વાપી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ ધીરુભાઈ નાયક, Rainbow Warriors Dharampurના કો-ઓર્ડિનેટર શંકરભાઈ પટેલ સહિત સ્થાનિક વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે તમામ દાતાશ્રીઓ અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાપુતારા મીની કાશ્મીર બન્યું : પ્રવાસીઓનું ઘોડાપૂર

## ટ્રાફિક જામ હળવો કરવા પોલીસની ભારે જહેમત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૨ :** ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતા જ સમગ્ર વાતાવરણ અત્યંત આહલાદક અને મનમોહક બની જતાં મની કાશ્મીરની અનુભૂતિ સહેલાણીઓને થઈ રહી છે. જેથી ચાલુ વીકેન્ડમાં સાપુતારા ખાતે વાસીઓની ચિક્કાર ભીડ ઉમટી પડી હતી સાપુતારા અને તેની તળેટીના વિસ્તારોમાં આવેલી તમામ હોટલો, હોમસ્ટે અને ટેન્ટ રિસોર્ટ સંપૂર્ણપણે હાઉસફુલ થઈ ગયા છે. ગીરાધોધ પણ હાલમાં પૂરજોશમાં ઊભરાઈ રહ્યો છે, જેનો નજારો માણવા પ્રવાસીઓની ભારે ભીડ જામી હતી. બીજી તરફ સાપુતારા-માલેગામ ઘાટમાર્ગથી લઈને સાપુતારામાં પ્રવાસસ્થળો પર પણ વાહનોની લાંબી કતારોથી ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. વરસાદના વિરામ બાદ સાપુતારામાં સમયાંતરે સર્જાતી ગાઢ ધુમ્મસની ચાદર વચ્ચે પ્રવાસીઓએ ગુજરાતના આ હિલ સ્ટેશન પર જાણે મિની કાશ્મીરની અનુભૂતિ કરી હતી. સહેલાણીઓએ ટેબલ પોઈન્ટ ખાતે ઘોડેસવારી, ઊંટ સવારી અને રોપવે જેવી પ્રવૃત્તિઓની મજા માણી હતી.આ ઉપરાંત, પર્વતોની વચ્ચે અન્ય વિવિધ એડવેન્ચર એક્ટિવિટીઓનો આસ્વાદ માણી પ્રવાસીઓએ આ ખુશનુમા અને રોમાંચક વાતાવરણને કેમેરામાં કેદ કરીને પોતાના પ્રવાસને યાદગાર બનાવ્યો હતો.

# સુખલાવમાં ઈલેકટ્રીશનને કરંટ લાગતાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૨ :** પારડી તાલુકાના સુખલાવગામે ઈલેક્ટ્રિક રિપેરિંગનું કામ કરી રહેલા એક યુવકને અચાનક કરંટ લાગતા થાંભલા પરથી નીચે પટકાયો હતો અને એનો મોત થયું હતું. મળતી માહિતી મુજબ, પારડી તાલુકાના સોનવાડા ગામે નિશાળ ફળિયામાં રહેતા અંકિતભાઈ રમેશભાઈ પટેલ ઉંમર વર્ષ ૩૧ કે જેઓ સુખલાવ ગામના અટવાડા ફળિયામાં આવેલ સુનિલભાઈ ચતુરભાઈ પટેલના ઘરના આંગણે ઈલેક્ટ્રિક રિપેરિંગનું કામ કરવા માટે ગયા હતા. સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે કામ કરતી વખતે અચાનક શોર્ટ સર્કિટ અથવા કરંટ લાગવાને કારણે તેઓ ઈલેક્ટ્રિક થાંભલા પરથી નીચે પટકાયા હતા કરંટ અને નીચે પડવાને કારણે તેમના શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને પારડી ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના ડોક્ટરે અંકિત પટેલને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટના અંગે મૃતકના નાના ભાઈ દિવ્યેશ રમેશભાઈ પટેલે પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# કુંડી હાઈવે પરથી રૂા. ૧૯.૩૬ લાખના દારૂ સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને વધુ એક મોટી સફળતા મળી છે. વલસાડ જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કુંડી બ્રિજ પાસેથી SMCની ટીમે ફિલ્મી ઢબે વોચ ગોઠવીને દમણથી સુરત તરફ લઈ જવાતો લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે એક લક્ઝુરિયસ ઈનોવા કાર સહિત બે આરોપીઓની ધરપકડ કરી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમને બાતમી મળી હતી કે મુંબઈ તરફથી એક ઈનોવા કારમાં મોટા - માણમાં વિદેશી દારૂનો જથ્થો સુરત તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે ટીમે નેશનલ હાઈવે-૪૮ પર કુંડી બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન, મુંબઈ તરફથી આવતી શંકાસ્પદ ટોયોટા ઈનોવા કાર નંબરેં ૭૪-૦૫-૭૪-૮૭૮૩ ને પોલીસે અટકાવી હતી.

પોલીસે કારને આંતરીને તેની સઘન તલાશી લેતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

કારની અંદર ગુપ્ત રીતે છુપાવેલો ભારતીય બનાવટના વિદેશી દારૂ નો જંગી જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાંથી નાની-મોટી કુલ ૩,૦૨૫ દારૂની બોટલો અને ટીન કબજે કર્યા છે.

SMC દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીમાં જપ્ત કરાયેલા દારૂની અંદાજિત કિંમત રૂ. ૯.૨૭ લાખ થાય છે. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ગુનામાં વપરાયેલી ટોયોટા ઈનોવા કાર સહિત કુલ રૂ. ૧૯.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસે કાર ચાલક સહિત બે આરોપીઓની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી છે.

# મુરદડમા દારૂની લતથી ત્રાસેલા પુત્રએ કુહાડી ઝીંકતાં પિતાનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** ધરમપુર તાલુકાના મુરદડ ગામમાં કૌટુંબિક વિખવાદનો કરુણ અંત આવ્યો છે. દારૂના નશામાં પરિવાર પર સતત ત્રાસ ગુજારતા પિતાની તેના જ બે સગા પુત્રોએ હુમલો કરતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ગત રોજ બનેલી આ ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચાવી છે.

પોલીસ તપાસ મુજબ મુરદડ ગામના બામણ ફળિયામાં રહેતા ભરતભાઈ મોતીરામભાઈ પવાર (ઉં. ૪૬)ને દારૂ પીવાની લત હતી. તેઓ અવારનવાર નશાની હાલતમાં ઘરે આવી પત્ની, બંને પુત્રો અને પરિવારજનો સાથે ગાળાગાળી, મારામારી તેમજ તોડફોડ કરતા હતા. લાંબા સમયથી ચાલતા આ ત્રાસના કારણે પરિવારમાં સતત વિવાદ રહેતો હતો.

ગત ૧૦ જુલાઈની સાંજે ભરતભાઈ નશાની હાલતમાં ઘરે પહોંચ્યા હતા. આ દરમિયાન બંને પુત્રો સાથે બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આવેશમાં આવી મોટા પુત્ર વિઠ્ઠલ પવારે ઘરમાં પડેલી કુહાડીના લાકડાના હાથાથી પિતાના માથામાં ત્રણ ઘા માર્યા હતા, જ્યારે બીજા પુત્ર યોગેશ પવાર પણ ઘટનાસ્થળે હાજર હતો. ગંભીર ઈજાગ્રસ્ત ભરતભાઈને પ્રથમ વલસાડ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ૧૧ જુલાઈની વહેલી સવારે તેમનું મોત થયું હતું.

આજરોજ ધરમપુરના એએસપી ડૉ. સંદીપ ટી.એ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં પરિવાર પર લાંબા સમયથી થતા ત્રાસના કારણે આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. મૃતકના મોટા ભાઈ ઈશ્વરભાઈ પવારની ફરિયાદના આધારે પોલીસે વિઠ્ઠલ પવાર અને યોગેશ પવાર સામે ગુનો નોંધી બંનેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**